


સેવેજ

(સ્ત્રી ચરિત્રનું એક અદ્ભુત દ્રષ્ટાંત)

ભાષાંતર

કર્ત્તા

ગોવિંદજી ગોપાળજી દેસાઇ

સુરત, દેશી મિત્ર પ્રેસ.

૧૯૦૨

કીમત રૂ ૧—૦—૦

અર્પણ પત્રિકા.

શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેર બહા-

દુર નામદાર મહારાજા સર સાયાજીરાવ ગા-

યકવાડ. જી. સી. એસ. આઇ.

મુ. વડોદરા.

નામદાર સાહેબ,

ગ્રંથ અર્પણ કરવામાં જે પ્રૌઢ હેતુઓ તે ગ્રંથ કર્ત્તાને પ્રવર્તાવે છે, તે દરેક હેતુ, એકત્ર થઇ, મારૂં લક્ષ આપ નામદાર સાહેબ તરફ ખેંચે છે.

રાજ્યતંત્ર ચલાવવામાં નિપૂણતા, વિદ્વતા, ઉદારતા, પરોપકાર, નિષ્કલંક વર્તન, દેશદાઝ, ગુજરાતી ભાષાનું સાહિત્ય વધારવામાં અસાધારણ ઉત્સાહ,—આ સઘળા આપ નામદાર સાહેબના સદ્ગુણો ઉપર પ્રીદા થઇ આ લઘુ ગ્રંથ આપ સાહેબનેજ અર્પણ કરૂં છું.

હું છું આપ નામદાર

કતારગામ સુરત તા. ૯-૧૦-૦૩

સાહેબનો તાબેદાર, નમ્રસેવક

ગોવિંદજી ગોપાલજી દેશાઇ.

ભાષાંતર કર્ત્તા.

પ્રસ્તાવના

ગુજરાતના એક જંગલવાળા પ્રદેશમાં થોડો વખત રહેવું થયલું તે દરમીયાન એક પ્રતિષ્ટિત વિદ્વાન્ ગ્રેજ્યુએટ મિત્રનું પોતાની ફરજ બજાવવા ત્યાં આવવું થવાથી, વિદ્યાવિલાસની વાતો કરતાં કરતાં અંગ્રેજી ભાષાના અખૂટ જ્ઞાન ભંડાર ઉપર આવતાં, અમારા મિત્રે, ડાકટર જોનસને રચેલો કવિઓના જીવન ચરિત્ર (Lives of the poets) નામનો ગ્રંથ વાંચવાને સુચના કરી તે માંહેલા કવિ રીચર્ડ સેવેજનું જીવન ચરિત્ર વાંચવા મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું. એ ગ્રંથ મેં તુરતજ ખરીદ કર્યો; અને પ્રથમજ સેવેજનું જીવન ચરિત્ર વાંચી જોયું તો તે ઘણુંજ રમુજી લાગ્યું. ત્યારથીજ એ ચરિત્રનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનું મારૂં મન હતું; પણ આવકાશ નહિં તેથી મનની ઇચ્છા આજ સુધી મનમાંજ રહી, અને હાલ ઇશ્વર ઇચ્છાનુસાર પૂરતો અવકાશ મળવાથી આ લઘુ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કરવા સમર્થ થયો છું

૨. કવિઓના જીવન ચરિત્ર (Lives of the poets) નામનો ગ્રંથ ડાકટર જોનસનની કલમથી લખાયલો અતિ ઉત્કૃષ્ટ, મન પ્રસન્ન કરે એવા ગુણોથી ભરેલો, અને ખરેખર સંપૂર્ણ ગ્રંથ છે. આ ભાષાંતર તે માહેલા એક કવિ રીચર્ડ સેવેજનું જીવન ચરિત્ર છે. આ કવિનું

અંગ્રેજી જીવન ચરિત્ર એક વખત મુંબઇની યુનિવરસિટીની બી. એ. ની પરીક્ષા માટે, ટેક્ષ્ટ બુક (વાંચન ચોપડી) તરીકે ઠરેલું હતું એમ મારા એક મિત્રનું કહેવું થયું હતું. બી. એ. જેવા ઊંચા ધોરણની પરીક્ષા માટે યુનિવરસિટીએ એ ગ્રંથ પ્રસન્ન કર્યો એ એની ઉત્તમતાની એક સાબીતી છે.

૩ મનુષ્યના રાજા (King of men), વિદ્વાન રાક્ષસ (Literary colossus) ડાકટર જોનસનનું મી. બોસવેલે રચેલું અતિ ઉત્તમ જીવન ચરિત્ર વાંચતાં આ ગ્રંથ (સેવેજના જીવન ચરિત્ર) વિષે અભિપ્રાયો મળી આવ્યા તે વાંચક વર્ગની જીજ્ઞાસા પૂરી પાડવાની ખાતર નીચે આપું છું:—

Boswell says—"In Johnson's life of "savage a very useful lesson is inculcated "to guard men of warm passions from a too "free indulgence of them; and the various "incidents are related in so clear and animated "a manner, and illuminated through-out "with so much philosophy, that it is one "of the most interesting narratives in the "English language. Sir Joshua Reynolds "told me, that upon his return from Italy "he met with it in Devonshire, knowing "nothing of its author, and began to read "it while he was standing with his arm "leaning against a chimney-piece. It seized

"his attention so strongly, that, not being "able to lay down the book till he had "finished it, when he attempted to move, he "found his arm totally benumbed." Boswell's life of Samuel Johnson. page 41.

The Champion, a periodical paper, no sooner was Johnson's life of savage published than gave the following liberal praise:—

"This pamphlet (Life of savage) is, with- "out flattery to its author, as just and well "written a piece, as of its kind I ever saw; "so that at the same time that it highly "deserves, it certainly stands very little in "need of this recommendation. As to the "history of the unfortunate person, whose "memories compose this work, it is certainly "penned with equal accuracy and spirit, of "which I am so much the better Judge, as "I know many of the facts mentioned to "be strictly true, and very fairly related. "Besides it is not only the story of Mr. Savage, but innumerable incidents relating "to other persons, and other affairs, which "render this a very amusing, and, withal, a "very instructive and valuable performance. The author's observations are short, signi-

"ficant and just, as his narrative is remark-
"ably smooth and well disposed His reflec-
"tions open to all the recesses of the human
"heart; and, in a word, a more just or plea-
"sant, a more engaging, or a more improving
"treatise, in all the excellencies, and defects
"of human nature, is scarce to be found in
"our own or perhaps any other language."
Boswell's Life of Samuel Johnson.

page 42.

એની મતલબ નીચે મુજબઃ—

મી૦ બોસવેલ કહે છે કે જોનસનના રચેલા સેવેજ ના જીવન ચરિત્રમાં ગરમ મનોવિકારના માણસોને તેમના વિકારોમાં ગરક નહીં થઇ જવા એક ઉપયોગી શીખામણનો બોધ વારંવાર કર્યો છે; અને જુદા જુદા બનાવોનું એવું તો સ્પષ્ટ અને ઉત્સાહથી વર્ણન કર્યું છે, અને પુસ્તક આરંભથી તે અંત સુધી એવું તો ફિલસુફીથી પ્રકાશિત કર્યું છે કે અંગ્રેજી ભાષા માહેના અતિશય મનોરંજક વૃતાંતો પૈકી એ એક છે. સર જોશુઆ રેનલ્ડસે મને કહ્યું હતું કે ઇટાલીમાંથી પાછા ફરતા ડેવનશાયરમાં એ પુસ્તક મારા(રેનલ્ડસના)હાથમાં આવ્યું. એનો કર્તા કોણ છે તે જાણ્યા પેહેલાંજ, એક ચીમનીપીસને

(વિલાયતમાં ચુલાને ફરતો મુકવાનો નકસીદાર પથરો કે લાકડું) પોતાના હાથનો ટેકો દઇને ઉભા ઉભા વાંચવાનું શરૂ કર્યું. વાંચવામાં એનું મન એટલું તો ગરકથઇ ગયું કે તે પુસ્તક પુરૂ કર્યા શીવાય હાથમાંથી મુકવાનું મન થયું નહિં, અને જ્યારે પુરૂ કરી ચાલવાને યત્ન કર્યું તો હાથ ઝ્હેર મારી ગયેલો જણાયો.

ધી ચેમપીઅન નામનું વર્તમાન પત્ર સેવેજના જીવન ચરિત્રના નીચે મૂજબ વખાણો કરે છે:—આ ચોપાનિયું (કારણ કે પ્રથમ આ ચરિત્ર ચોપાનિયાના આકારમાં પ્રસિદ્ધ થયું હતું), હું તેના ગ્રંથક-ર્તાને ખુશ કરવાને કેહેતો નથી, એવું તો બરાબર અને સારૂં લખાયલું છે કે તેવું બીજું કોઇ પુસ્તક મારા જોવામાં આવ્યું નથી; એ ભારે તારીફને પાત્ર છતાં, એને ભલામણની જરૂર નથી. જે કમનસિબવાન પુરૂષના હેવાલનો એ ગ્રંથ છે તેનો ઇતિહાસ બરાબર ખરાપણા અને ઉત્સાહથી લખાયલો છે. તેમાં લખેલી હકીકતો આબે-હુબ ખરી છે, અને બરાબર વર્ણવેલી છે એમ હું જાણું છું, તેથી મારા કરતાં વધારે એ ગ્રંથની ખુબી જાણનાર બીજો કોઇ ભાગ્યેજ હોય. વળી તેમાં ફકત સેવેજનુંજ વૃતાંત નથી, પણ બીજા માણસોને લગતા અસંખ્ય બનાવો અને બીજી બાબતોનો પણ સમાવેશ કરેલો છે, અને તેથી એ ગ્રંથ ઘણો મનરંજન કરે એવો, અને તેની સાથે વળી બોધકારક અને કિંમતી છે. ગ્રંથક-ર્તાની ટીકા ટુંકી, અર્થસૂચક, અને અદલ છે, તેમજ વર્ણન ઘણુંજ સરળ; અને વ્યવસ્થા ઘણી સારી છે. તેના મનો

ભાવ મનુષ્યના અંતઃકરણના ખુણા ખોચરા ખુલ્લા કરે છે; અને ટુકામાં, મનુષ્ય જાતની સઘળી ખુબીઓ અને ખામીઓ સંબંધી આ ગ્રંથ કરતાં વધારે વ્યાજબી કે આનંદદાયક, મનોહર કે શીખામણ આપે તેવો ગ્રંથ "આપણી કે બીજી કોઇ ભાષામાં ભાગ્યેજ મળી આવે.

૪ વળી હાલના વખતના વિદ્વાન અને જગપ્રસિદ્ધ લેખક લોર્ડ મેકોલેના હાથથી શન ૧૮૫૬ના અરસામાં લખાયલા ડાકટર જોનસનના જીવન ચરિત્રમાં આ" ચરિત્ર વિશે તે લખે છે કે એ ગ્રંથ અતી ઉત્તમ છે. વળી તેઓ કહે છે કે કોઈ પણ બોલાતી યા નહીં બોલાતી ભાષામાં, આ જીવન ચરિત્રના જેવો સુંદર ગ્રંથ જોવામાં નથી.

૫ અંગ્રેજી ભાષામાં લખાયલું આ પુરૂષનું જીવન ચરિત્ર ઉત્તમ છે એ વાત નિર્વિવાદ છે. ગુજરાતી ભાષામાં મેં તૈયાર કરેલું આ ચરિત્ર કેટલે દરજ્જે અસલની બરાબરી કરી શકે છે એ વિષે મ્હારે બોલવું યોગ્ય કહેવાય નહીં; પણ એટલું તો મારે કહેવું જોઇએ કે અસલ ખુબીઓને હું વળગી રહયો છું. ગ્રંથની ઉત્તમતા, મારા સમજવા પ્રમાણે, મુખ્યત્વે કરીને બે બાબતો ઉપર આધાર રાખે છે. એક તો ભાષાની ઉત્તમત્તા, અને બીજું તે માહેલા હેવાલનું રસીકપણું. આ બેહુ બાબતો આ ગુજરાતી આવૃતિમાં જળવાયલી જોવામાં આવશે.

૬ આ ગ્રંથમાં સ્ત્રી ચરિત્રનું એક અદ્દભૂત દ્રષ્ટાંત છે. આ ચરિત્રના નાયક સેવજનો જન્મ ઇંગ્લાન્ડ દેશના

અમીર વર્ગમાં થયો હતો. તેની માતુશ્રીની અણઘટતી ચાલનેલીધે તે અનૌરસ ઠર્યો, માતુશ્રીએ તેને જન્મતાની સાથેજ તજી દીધો; તેને વારસો મળતો અટકાવવાના હેતુથી તે મરી ગયો છે એવી જુઠી ગપ આ બાઇએ મુકી, તેમાં વિઘ્ન નાંખી વારસો ખોયો; તેને દેશનિકાલ કરવાની તજવીજ કરી પણ તેમાં ફાવી નહીં, ત્યારે મોચીનું કામ શીખે એવી તજવીજ આ બાઇએ કરી; પણ કવિ જન્મેલો હોવાથી કવિ થયો; ખુનના કામમાં સપડાયો; ત્યારે આ બાઇએ રાણીને પોતાના દિકરા વિરૂધ્ધ હડહડતી જુઠી વાતો કહી માઠો વિચાર લાવી દીધો અને એક પરોપકારી બાઇની દયાની લાગણીથી ફાંસીએ જતો બચ્યો—આ સઘળો હેવાલ એવો તો મનોરંજક છે કે તેની લ્હેજતમાં વાંચનાર તલ્લીન થઇ જાય છે. વળી આ વૃતાંત સારામાં સારી નવલ કથા (Novel)ના જેવું રમુજી છે.

૭ રીચર્ડ સેવેજ—આ ચરિત્રનો નાયક લેડી મક્કલીસ ફીલ્ડનોજ ખરેખરો પુત્ર હતો કે કેમ એવો સવાલ કદાચિત વાંચનારના મનમાં ઉત્પન્ન થાય, માટે એ વિષે બે બોલ આ જગ્યાએ અયોગ્ય ગણાશે નહીં. અંગ્રેજી ચરિત્રના કર્ત્તા ડાકટર જોનસનનો જન્મ સન ૧૭૦૯ના સપટેંબર મહીનાની તા. ૧૮ મીએ થયો હતોં; અને સેવેજનો જન્મ સન ૧૬૯૮ના જાનેવારી મહીનાની તા. ૧૦ મીએ થયો હતો; એટલે આ બેહુ પુરૂષો સમકાલિન હતા. તેઓ ઘણા વખત સુધી એક બીજાના જીવજાન મિત્રો હતા. સુવાનું કે રહેવાનું કંઈ

ઠેકાણું નહીં ત્યારે બેહુ મિત્રો સાથે રાતના મોડા સુધી રઝળતા, અને જયાં જગ્યાં મળી આવતી ત્યાં બેહુ જણા સાથે એકજ બીછાનામાં સુઇ રેહેતા. આવી મિત્રાચારીના વખત દરમ્યાન પોતાની સઘળી હકીકત સેવેજે ડાકટર જોનસનને રૂબરૂ કહેલી, તે ઉપરથી તેમજ બીજા સપ્રમાણ દાખલાઓ મેળવી સેવેજનું જન્મ ચરિત્ર તેના મુવા પછી તરતજ સન ૧૭૪૪ના ફેબ્રુઆરી મહીનામાં ડાકટર જોનસને છપાવી પ્રસિદ્ધ કર્યું હતું. વળી એકજ ધોરણ ઉપર સેવેજના ત્રણ જન્મ ચરીત્રો લખાયલાં છે. એક તો ૧૭૨૪માં, બીજું ૧૭૨૭માં અને ત્રીજું ડાકટર જોનસને રચેલું સન ૧૭૪૪–માં આ ત્રણે ચરિત્રો સેવેજની માતુશ્રીની હયાતીમાંજ પ્રસિદ્ધ થએલાં છતાં, બદનકશી માટે, ગ્રંથકાર કે છાપનારને યોગ્ય નશીઅતે પોહોચાડવા આ બાઈ તરફથી કંઇ પણ યત્ન કરવામાં આવ્યું નહતું. આ સઘળી હકીકતો જોતાં સેવેજ લેડી મેક્લીસફીલ્ડનોજ પુત્ર હતો એમ ચોકસ જણાઈ આવે છે.

૮ ગુજરાતી ભાષાના સાહિત્યમાં વધારો કરી એ ભાષાની ઉન્નતિ કરવાનો સાક્ષર મંડળનો જે ઉદ્દેશ છે, તે તરફ મ્હારી ફરજ બજાવવી એ મારો મુખ્ય હેતુ છે તે થોડે ઘણે દરજ્જે પાર પડશે તો આ મહેનત સફળ થએલી સમજી સંતોષ પામીશ.

સુરત } ગોવીંદજી ગોપાળજી દેસાઈ
કતારગામ } ભાષાન્તર કર્ત્તા

રીચર્ડ સેવેજનું જીવન ચરિત્ર.

સઘળા કાળમાં એમ કહેવામાં આવે છે કે સુખની વૃદ્ધી કરવામાં કુદરતના કે દોલતના ફાયદા ભાગ્યેજ સહાયભૂત થાય છે; અને જેઓને, તેઓની મ્હોટી પદવીના તેજે અથવા તેઓની વિશાળ બુદ્ધિના પ્રભાવે, મનુષ્યની જીંદગીની ટોચ ઉપર મૂકયા છે, તેઓએ, જેઓ નીચા દરજ્જામાંથી તેમના તરફ ઊંચી દ્રષ્ટી કરીને જુએ છે તેઓને અદેખાઇ કરવાનું કંઇ વ્યાજબી કારણ વારંવાર આપેલું હોતું નથી; એમ હોય કે દેખીતી શ્રેષ્ટતા મ્હોટી યુક્તિઓ કરવાને ઉસ્કેરે અને મોટી યુક્તિઓ સ્વાભાવિક રીતે નિષ્ફળ નિવડે; અથવા તો મનુષ્ય જાતના નશીબમાં ઘણે ભાગે દુઃખજ છે; અને જેઓની મ્હોટી પદવીને લીધે બધી દુનિયાનું તેમના તરફ ધ્યાન ખેંચાયું છે, તેઓનાં દુઃખ વધારે કાળજીથી નોંધી રાખવામાં આવ્યાં છે, કારણ કે તેઓ વધારે સામાન્ય રીતે જોવામાં આવે છે, અને ખરેખરૂં તો બીજાઓના દુઃખ કરતાં તેઓના વધારે મશહુર છે, નહિ કે વધારે સખ્ત કે વારે ઘડીએ જોવામાં આવે એવાં.

સમૃદ્ધિ અને સત્તા,—બાહ્ય અને આગન્તુ ફાયદાઓ, અને તેટલા માટે તેઓ તેઓના ભોક્તાથી સેહેલથી જુદા પડી શકે,--જે સુખ તેઓ આપી શકતા નથી

તેની આશાઓથી, મનને લલચાવે એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી; પણ બુદ્ધિની મ્હોટાઇ સારી અસર ઉત્પન્ન કરે, જે માણસ સર્વ ગુણ મેળવવાને લાયક થએલા હોય તેઓ પ્રથમ પોતાનાજ ફાયદાને માટે પ્રયત્ન કરે, અને જેઓ બીજાને સુખી થવાનો રસ્તો બતાવવાને શક્તિવાન છે તેઓ પોતેજ તે રસ્તો ગ્રહણ કરે, એવી આશા રાખવી એ બુદ્ધિ અનુસાર છે, પણ એ આશા જો કે દેખીતી ખરી જણાય છે, તોપણ વારંવાર નિષ્ફળ નિવડી છે. વિદ્યા સંબંધી તેમજ રાજ્ય સંબંધી તવારિખ માંહેલા વીર પુરૂષોએ જે મહાન કૃત્યો કર્યાં છે તેના કરતાં તેઓએ જે દુઃખ સહન કર્યાં છે તેને માટે તેઓ કંઈ ઓછા નામાંકિત નથી, અને વિદ્વાન માણસોના દુઃખનો ફક્ત હેવાલ કહેવાને તથા તેઓની દુઃખી જીંદગી અને કવખતના મોતનું બ્યાન કરવાને ગ્રંથના ગ્રંથ લખાયા છે.

આ દુઃખકારક વૃતાંતોના સંગ્રહમાં રીચર્ડ સેવેજની જીંદગીનું વૃતાંત લખીને ઉમેરો કરૂં છું,–રીચર્ડ સેવેજ,-કે જેને તેના ગ્રંથોએ વિદ્વાન વર્ગમાં ઉંચી પંક્તીએ બેસાડયો છે, અને જેના દુઃખો, કમનસીબ વાળાને પાત્ર નહિ, એવી દયા ઉત્પન્ન કરે છે; કારણ કે તે દુઃખો પોતાના નહિ પણ બીજાના ગુન્હાના પરિણામો હતાં.

એન કાઉન્ટેસ ઓફ મેકલીસ ફીલ્ડે, પોતાના ધણી સાથે કેટલાક વખત સુધી અણુબનાવ હોવાથી સન

૧૬૯૭*ના વર્ષમાં પોતાના ધણીથી છૂટા થવાને, જાર કર્મની જાહેર કબુલત--એ એક યોગ્ય અને તાબડતોબનો રસ્તો ગ્રહણ કર્યો; અને તેટલા માટે જાહેર કર્યું કે મને અર્લ રીવર્સથી ગર્ભ રહેલો છે. આ હકીકતથી સહેજે કલ્પના થઇ શકશે કે, એ બાઇનો ધણી તેનાથી છૂટો પડવાને તેના કરતાં કંઇ ઓછો ઇંતેજાર નહતો; અને તેણે તેની તદબીર સાર્થક થાય એ રીતે કામ ચલાવ્યું. કારણ છૂટાછેડા મેળવવાને તેણે ખ્રિસ્તિ ધર્મ સં-બંધની અદાલતોને અરજ કરી નહિ, પણ એક કાયદો પસાર કરવાને પાર્લ્યમેન્ટને[1] કરી, કે જેથી એના લગ્નનો અંત આવે, લગ્નનો કરાર નાબુદ થાય, અને પોતાની સ્ત્રીનાં છોકરાં અનૌરસ ઠરે. શીરસ્તા મુજબ વિચાર કર્યા પછી એવો કાયદો થોડાક મેમ્બરો,[2] જેઓ એમ માનતા હતા કે લગ્નની બાબતોનો ઇન્સાફ તો ખ્રિસ્તિ ધર્મ સંબંધી અદાલતના જડજ ફકત કરી શકે, તેમના અનુમોદન સિવાય, પસાર થયો;,અને તે માર્ચ મહિનાની તારીખ ૩જીએ પોતાની સ્ત્રીથી જુદો થયો; તેની સ્ત્રીની દોલત ઘણી ભારે હતી તે તેને પાછી આપી.

---

* આ અરસામાં ત્રીજો ઊવીલીઅમ ઈંગ્લંડનો રાજા હતો.

૧ વિલાયતની કાયદા બાંધનારી સભા.

૨ લોર્ડ હાલી ફેકસ અને લોર્ડ રોચેસ્ટર આ બે સભાસદોએ પોતાના વિરૂધ્ધ મત જાહેર કર્યા હતા અને તે અમીરોની સભાની ચોપડીમાં નોંધવામાં આવેલા છે.

આ ધણી ધણીઆણીને ફરી લગ્ન કરવાની છૂટ હોવાથી, આ બાઇ તરતજ કર્નલ બ્રેટ નામના ગૃહસ્થ વેરે ફરી પરણી.

" અરલ ઓફ મેકલીસ ફીલ્ડ જ્યારે આ કામ ચલાવતો હતો, તેવામાં તારીખ ૧૦ મી જાનેવારી શને ૧૬૯૭--૯૮ને રોજ, આ બાઇએ, એક છોકરાને, એટલે આ ચરિત્રના નાયકને, જન્મ આપ્યો. અરલ રીવર્સે આ છોકરો પોતાનો છે એવી વર્તણુંક બતાવી, આ બાળકની માતાએ, જે એકરાર કર્યો હતો તેની સાચાઇ વિષે કોઇને શક લાવવાનું કારણ રાખ્યું નહિ; કારણ કે તે આ બાળકનો ધર્મ પિતા હતો, અને તેને પોતાનું નામ આપ્યું, જે તેના હુકમને અનુસરીને હોબર્ન[1] માં હેલા સેન્ટ એન્ડ્રુસ નામના પારિસના[2] દફતરમાં નોંધવામાં આવ્યું હતું; પણ કમનસીબે તેની માતાના સ્વાધીનમાં રહેવા દીધું. આ બાઇ હવે તેના સ્વામીથી જુદી પડેલી હોવાથી, તે એમ ધારતો હતો કે આ બાળક કે જેણે, આ મનરંજન બનાવને જન્મ આપવામાં પોતાનો હિસ્સો આપ્યો છે, તેની ઘણી સારી આસનાવાસના કરશે અને દાઝ ધરશે.

મા બાપના સ્વાભાવિક હેત કરતાં કયા હેતુઓ વધારે અગત્યના જડી આવે અગર છોકરાંને વિસારી મૂકવાથી કે તેમની સાથે ઘાતકીપણે વર્તવાથી કયું

---

૧ લંડન શહેરના એક લત્તાનું નામ.

૨ મુખ્ય ધર્મગુરૂની સભા નીચેનો મુલક, તાલુકો.

હિત જળવાય એ શોધી કહાડવું ખરેખર સહેલું નથી. લાજની, અગર તો દરિદ્રતાની ધાસ્તી કે જેને લીધે, કેટલાક ચંડાળો, પોતાનાં છોકરાંને તજી દેવાને અગર તેનું ખુન કરવાને ઉસ્કેરાય, તે ધાસ્તી આ બાઇને ન હતી; કારણ કે તેણે પોતાના ગુન્હાઓ ગાઈવજાડીને કહી દીધા હતા, અને તિરસ્કાર વોહોરી લીધો હતો અને તેના ઉપર કાયદાની રેહેમીયતે જો કે અયોગ્ય રીતે જે દોલત બક્ષી હતી, તે દોલત આ છોકરાની સંભાળ રાખવાના ખરચથી જરાએ ઓછી થાય એવી ન હતી. કંઈ પણ લાલચ સિવાય આ બાઈ ઘાતકી થાય, પોતાના છોકરા પ્રત્યે તેના જન્મથીજ ધિક્કારથી અને ગુસ્સાની નજરથી જુએ, છોકરાનું આશ્વાસન કરવાને બદલે, તેને મદદ કરવાને બદલે, તેનો બચાવ કરવાને બદલે, અતિ દુઃખમાં તરફડીઆં મારતો જોઇ ખુશી થાય, અગર તેની વિપત્તીઓમાં વધારો કરવાને અને તેના દ્રવ્ય બળની આડે આવવાને દરેક તક લે, અને તે બાળકના જન્મથી તે આખર પર્યંત, અશામ્ય અને તૃપ્ત ન થાય એવા ઘાતકીપણાથી તેની પાછળ મંડી રહે,--એ સંભવતું નથી. ગમે તે તેના હેતુઓ હોય, પણ જેવો છોકરો જન્મ્યો કે તુરતજ તે પોતાનો નથી એમ દ્રઢતાથી તેણે જાહેર કર્યું; અને થોડાજ વખતમાં તેને પોતાની નજર આગળથી દૂર કર્યો, અને એક ગરીબ બાઇને સોંપ્યો; અને તેને ફરમાવ્યું કે એ તારો પોતાનોજ છે એવી રીતમાં એને કેલવણી આપજે, અને તાકીદ આપી કે એનાં ખરાં મા બાપનાં નામ એને કોઇ દિવસ કેહેતી નહિ;

રીચર્ડ સેવેજની જીંદગીની શીરૂઆત આવી હતી. માન તથા સમૃદ્ધિના કાયદેસર હક સાથે જન્મેલો છતાં, તેને બે મહીનામાં પાર્લ્યમેન્ટે અનૌરસ ઠરાવ્યો, મા એ મારો નથી એમ કહ્યું, દરિદ્રતા અને અન્ધકારમાં સડયા કરવાને નિર્માણ થયો, અને જીંદગી રૂપી સમુદ્રની પગ પેસી જાય એવી રેતીમાં ગરકી જાય, અથવા તો તેના ખડકો સાથે પછડાય એટલા માટેજ, અથડાતો મુકાયો. ખરેખર તેની મા આવું ઘાતકીપણું બીજા ઉપર વાપરી શકત નહિ. તેનાં સગાં તેના છોકરાની બાબતમાં જે પૂછપરછ જિજ્ઞાસાથી અથવા દાઝથી કરતા તે દૂર થઇ શકે એમ નહોતું, માટે તેણે જે પગલાં ભર્યાં હતાં તેનો કાંઇક હેવાલ તેને આપવાની ફરજ પડતી હતી; અને તેની મા કે જેનું નામ લેડી મેસન હતું, તેણે પોતાની પુત્રીની તદબીર પસંદ પડવાથી કે પછી વધારે સાપ્રાધ યુક્તિઓ અટકાવવાને ધાવ સાથે એ બાળક સંબંધી કામકાજ કરવાનું પોતાને માથે રાખી ધાવને તેની મહેનતનો બદલો આપવાને કહ્યું, અને છોકરાની કેલવણી ઉપર દેખરેખ રાખવાનું કબુલ કર્યું.

આ તેના દયાળુ કામમાં, આ છોકરાની ધર્મની માતા કે જેનું નામ મીસીસ લોઇડ હતું, તેણે મદદ કરી હતી. મીસીસ લોઈડ જયાં સુધી જીવી ત્યાં સુધી ઘણી દાઝની નજરથી જોતી હતી, કારણ આ છોકરાની માની ક્રુરતાએ તેમ કરવાની ખાસ જરૂર પાડી હતી; પરંતુ તેનું મોત સેવેજના દસમાં વર્ષમાં થયું, અને તેથી એના બાળપણાના દુઃખમાં વધારો થયો. જો કે તે

આ બાળકનું દુઃખ ઓછું કરવાને વારસામાં ત્રણસેં પાઉન્ડ મૂકી ગઈ, પણ તેનો દાવો કોઇ પેસ લઈ જાય એવું નહતું, જુલમમાંથી તેનો કોઇ બચાવ કરે એવું નહતું, અગર ન્યાયને માટે કાયદાની મદદ માગે એવું નહતું, તેથી તેનું વસીયતનામુ તે અમલમાં લાવનાર પુરૂષોએ ઉડાવ્યું, અને તેમાંનો એક દોકડો એ સેવેજને આપ્યો નહિ:

આમ છતાંએ હજુ સેવેજને તદન તજી દેવામાં આવ્યો નહતો, લેડી મેસને હજી તેના ઉપર દેખરેખ જારી રાખી હુતી, અને તેને સેન્ટ [1]આલૂબન્સ નજીક ની એક નાની શાળામાં મૂકવાને ફરમાવ્યું. બીજા નામનો પોતે ધણી છે એવી કંઇ પણ સુચના સિવાય, અહિં તેને તેની ધાવના નામથી બોલાવવામાં આવતો હતો. આ શાળામાં વિદ્યાની સીરૂઆત કરવામાં આવી, અને કેટલાક વર્ગો ઉપર ચઢયો, કેવી ઝડપથી કે કેવી શાબાશીની સાથે તે હાલ કહી શકાતું નથી, પણ તે પોતાના ગુરૂને માટે માનથી બોલતો હતો તે ઉપર થી એમ સંભવે છે કે નીચા કુળનો દેખાવ ધારણ કરવો પડેલો છતાં, એની બુદ્ધિ વગર હરકતે પ્રસિદ્ધિમાં આવી હતી અને તેના ઉદ્યોગનો બદલો તેને મળ્યો હતો, અને જો આવી નીચી અવસ્થામાં તેને પ્રસિદ્ધી અને ઈનામો મલ્યાં તો તે તેની બુદ્ધિ અને ઉદ્યોગ સિવાય બીજા કશા લાગવગથી મળ્યાં નહતાં એમ સંભવે છે.

---

1 સેન્ટ આલૂબન્સ એ લન્ડન શેહેરની નજીકમાં એક કસ્બો છે.

સેવેજ જેવો બુદ્ધિવાન હતો તેવોજ ખંતીલો હતો એમ અટકળ કરવી એ વાસ્તવીક છે, કારણ એના સાધનોના પ્રમાણમાં એનો સુધારો વધારે હતો. એના કરતાં વધારે સુખી વિદ્યાર્થીની માફક, એના શીરૂઆતના ગ્રંથો જો જાળવી રાખવામાં આવ્યા હોત તો તેમાંના કેટલાકમાંથી આનંદી મિજાજના ભારે તુરંગો મળી આવ્યા હોત, કે જેને માટે "ગ્રંથકર્ત્તા[1] ભાડે આપવાનો છે" એ નામનો એનો ગ્રંથ પ્રસિદ્ધ છે. વળી બીજાઓમાંથી "ભૂલું [2]પડેલું માણસ" એ નામના એના ગ્રંથ માંહેલા ગંભીર (સ્થળ) રંગ જેવી કલ્પનાથી વર્ણન કરવામાં આવેલા છે તેવીજ કલ્પનાના જોસદાર ચુટકા મળી આવ્યા હોત.

સેવેજ આવી રીતે પોતાની બુધ્ધિને કેળવતો હતો તેવામાં એના બાપ અર્લ રીવર્સને કંઇ વ્યાધી થયો અને તેથી તે થોડા વખતમાં મરણ[3] પામ્યો. તેણે તેના છોકરાને માટે વારંવાર પૂછપરછ કરી હતી; અને તેને ઉડાઉ અને પાયા વગરના જવાબો મળતા તેથી તે ખુસ થતો. પોતાનું મોત નજીક આવી પડેલું છે એમ લાગવાથી, પોતાના ઔરસ છોકરાઓની સાથે આને માટે પણ કંઈ બંદોબસ્ત કરવાનું ધાર્યું. અને તેટલા માટે આજીજીની સાથે તેનો ચોકસ હેવાલ માગ્યો. હવે તેની માતુશ્રીથી કંઈ જવાબ આપવાને ના કહી શકાય

---

૧ The author to be let. ૨ The wanderer

૩ શને ૧૭૧૨ના આગસ્ટ મહિનાની ૧૮મી તારીખે અર્લ રીવર્સ ગુજરી ગયો હતો.

એમ નહોતું તેથી તેણે જે દ્રવ્યથી એને સુખ મલે એવું હતું તે એને નહિ મલે એવો જવાબ આપવાનું નક્કી કર્યું; અને તેથી સેવેજ મરી ગયો છે એમ જાહેર કર્યું. ત્રાહીત સખ્સે પોતાના પુત્રને માટે જે આગળથી. સાધન કરેલું તેનો લાભ તે છોકરાને ન મલે એટલા માટે આવા જુઠાણાનો આ પહેલોજ દાખલો માતાએ શોધી કાઢેલો જોવામાં આવે છે. આ સાધન છોકરો ગુમાવે તો એની માતાને મળે એવું નહોતું. આ ઘાતકીપણાનું કૃત્ય ધુળ મેળવાય એવું નહોતું, કારણ કે તેમાં કોઇને શક ઉત્પન્ન થાય એમ નહતું. અર્લ રીવર્સે એવી કલ્પના કરી ન હતી કે મનુષ્યના આકારમાં એવી માતુશ્રી હોય કે જે પોતાને ફાયદો ન છતાં પોતાના પુત્રને પાયમાલ કરે, અને તેટલા માટે તેણે સેવેજને પોતાના વસીયત નામાથી ૬૦૦૦) પૌંડની રકમ આપવાનું લખેલું તે રકમ વારસ ઠરાવી કોઇ બીજા સખસને આપી દીધી.

આ સાધનની આડે આવવાને જેવી ક્રુરતાથી એની મા ઉશ્કેરાઇ હતી તેવીજ ક્રુરતાથી એક બીજી યુક્તિ તેના સ્વભાવને લાયેકની તેણે કરી. રખેને એ કોઈ વખતે મુને ઓળખે એવા ભયમાંથી મુકત થવાને તેણે સેવેજને ગુપ્ત રીતે અમેરિકાના સંસ્થાનમાં મોકલી દેવાનો યત્ન કર્યો. કોની મહેરબાનીથી આ યોજના અટકાવવામાં આવી, અગર કોના મધ્યસ્થપણાથી તે આ યુક્તિ પડતી મૂકવાને લલચાઈ, તે હું જાણતો નથી; એમ હોય કે લેડી મેસને તેને આ કૃત્ય નહિ કરવાને સમજાવી હોય અગર ફરજ પાડી હોય; અથવા તો આવા ઘાતકી

કૃત્યમાં સામેલ થવાને કોઇ ઘાતકી સોબતીઓ સહેલ
થી મળી શકયા ન હોય; કારણ સાધારણ ઘાતકીપ-
ણાની સમજ સામે જેઓના અંતઃકરણ ઉત્તરોત્તર ગુ-
૯ ન્હા કરવાથી સખ્ત થયાં હોય તેઓ પણ—મા પોતાનાં
પુત્રને કાંઇ પણ હિત વગર અગર ખીજવણી વગર ગુલા
મગીરીના તથા કંગાલીઅત અવસ્થાના જોખમમાં નાં-
ખવાનું કરે—એવો બદઇરાદો જોઇને આચકો ખાય.
જે લોકો ગુન્હા કરવાનો ધંધોજ લેઇ બેઠા હોય અને
જેઓને લેશ માત્ર પણ અગાઉ કોઇ દિવસ દયા ઉ-
ત્પન્ન થઇ ન હોય તે વર્ગમાંથી સેવેજને આ પ્રસંગે
રક્ષણ કરનાર અને વકીલ મળ્યા હોય એમ પણ બને.

ગમે તે કારણ સર તેને દેશનિકાલ નહિ કરી શકવાથી તેણે આ છોકરાને પોતાના દેશમાંને દેશમાંજ અન્ધકારમાં અને દરિદ્રતામાં દાટી દેવાની એક યુક્તિ કરી અને તે હમેશાં તેનાથી છેટે રહે એવી રીતની તેની રહેવાની જગ્યા તેમજ જીંદગીની સ્થિતિ ભોગવે એટલા સારૂ તેણે તેને હોબર્ન[1]માં એક મોચીને ત્યાં મુકયો, કે શીરસ્તા મુજબની કસોટી પછી તે તેનો ગુમાસ્તો થાય.

એવું કહેવાય છે કે કેટલીક મુદત સુધી આ
યોજના ફતેમંદ નીવડી અને સેવેજ કબુલ કરે તેના કરતાં
૬ વધારે વખત સુધી મોચીનું કામ કરવું પડયું. નહિ
આશા રાખવામાં આવે એવી શોધ હાથ લાગવાથી

---

૧ લંડન શહેરના એક લત્તાનું નામ.

તેણે એ ધંધો છોડી દેવાનો નિશ્ચય કર્યો; જો કે તે શોધ એને વધારે ફાયદાકારક નહોતી.

આ અરસામાં એની ધાવ જેણે એને પોતાની જાતના પુત્રની માફક ઉછેર્યો હતો તે ગુજરી ગઇ; સ્વાભાવિક રીતે તેની મીલ્કત પોતાની છે એમ સમજી સેવેજે પોતાના કબજામાં લેવાનો નિશ્ચય કર્યો; એ કારણસર એ તેને ઘેર ગયો, તેની પેટીઓ ઉઘાડી તેના કાગળીઆં તપાસી જોયાં તેમાં લેડી મેસને મરનાર ધાવ ઉપર લખેલા કાગળો મળી આવ્યા. આ કાગળો ઉપરથી પોતાનું ખાનદાન કુળ જણાઈ આવ્યું અને તે જે કારણોથી છુપાવવામાં આવ્યું હતું તે પણ જણાઇ આવ્યાં; જે ધંધે એને વળગાડયો હતો તે ધંધાથી એ હવે સંતોષ પામવા લાગ્યો નહિ પણ મારી માતુશ્રી ની દોલતમાં હું હકદાર ભાગીયો છું એમ સમજવા લાગ્યો અને તેથી એણે પોતાની માતુશ્રીને કંઇ પણ આનાકાની વગર હું તમારો દીકરો છું એવી અરજ કરી અને તેને દાઝ તથા ભાવ ઉત્પન્ન થાય એટલા સારૂ હજારો યુક્તિ કરી; પણ તેના કાગળોથી તેમજ એના ગુણે યા વિપત્તીએ મેળવી આપેલા દોસ્તદારો ના વચમાં પડવાથી તેના મનપર કાંઈ પણ અસર થઇ નહિ. પણ હવે તું મારો પુત્ર નથી, એમ તો તેનાથી ઝાઝીવાર કહી શકાયું નહિ તો પણ તેના ઉપર નજર નહિં રાખવાનો ઠરાવ કર્યો. પોતાની માતુશ્રીને મળવાને એણે ઘણીએ આજીજી કરી પણ તે ફોગટ ગઈ. એને પોતાથી દૂર રાખવાને આ બાઇએ ચોકસ

અગમચેતી રાખી અને તે ગમે તેની સાથે આવે, અને તે દાખલ થવાને ગમે તે કારણ બતાવે તો પણ તેને ઘરમાં પેસવા દેવો નહિ એવો હુકમ કર્યો.

પોતાની ખરી માતાની શોધ લાગવાથી સેવજ એટલો તો ગદગદીત થયો કે એ વારંવાર તેના દરવાજા આગળ કેટલાક કલાક સુધી અંધારી સાંજના ફર્યા કરતો એવી આશાથી કે તે અકસ્માત બારીએ આવે તો, અગર તો હાથમાં બત્તી લઇને ઓરડામાંથી જાય તો તે જોવામાં આવે; પણ આ એની ખંત કે દાઝથી કંઇ વળે એમ નહતું કારણ કે આટલી તજવીજ કર્યા છતાં આ બાઈનું અંતઃકરણ પીગળ્યું નહિ તેમ એક પાઈ સરખી પણ આપી નહિ, માતાનો ભાવ ઉત્પન્ન કરવાને એ આ સઘળી તજવીજ કરતો હતો તે દરમ્યાન એ છેક કંગાલીઅત સ્થિતિમાં આવી પડયો. સેવેજને ગુજરાનનું બીજું કાંઇ સાધન શોધવાની અને બીજો કાંઈ ધંધો ન હોવાથી તેને ગ્રંથ કર્ત્તા થવાની જરૂર પડી.

આ સમયે વિદ્વાન વર્ગનું ધ્યાન [1]બેંગોરીઅન વિવાદ તરફ ખેંચાયું હતું; છાપખાનાઓ ચોપાનીયા

---

૧ "મ્હારૂં રાજ્ય આ દુનિઆનું નથી" એ વિષય. ઉપર બેંગોરના પાદરી ડાકટર હોડલીએ પહેલા જીઓર્જની સમક્ષ સને ૧૭૧૭ના માર્ચની ૩૧મી તારીખે ધર્મોપદેશ કરેલો તે ઉપરથી ઉપસ્થિત થએલી ઇશ્વર સંબંધી જ્ઞાન વષેની કાગળીઆની લડાઇને બેંગોરીઅન વિવાદ કહે છે. એનો ઉત્તમ જવાબ મી૦ લૉએ હોડલીને કેટલાક કાગળો લખેલા તેમાં છે.

થી ઉભરાઇ ગયાં હતાં અને કોફી હાઉસીસો[1] વિવાદ કરનારથી ભરાઈગયા હતાં. આ વિષય ઘણોજ લોકપ્રિય હોવાથી તેણે તેને પોતાના પહિલા ગ્રન્થ માટે પસંદ કર્યો. આ વિષય સંબંધી વાત ચિતથી સહજ માહિતિ તેણે મેળવેલી હતી અને એ પ્રમાણે તેણે મેળવેલી માહિતિ ઉપરથી તેણે પાદરીના વિરૂદ્ધ એક કવિતા રચી. આ ગ્રંથનું નામ "ચોપાનીઆની લડાઇ" એવું રાખવામાં આવ્યું હતું. થોડા વખતમાં તેને આ ગ્રંથની શરમ લાગી અને જેટલી નકલો મલી આવી તેટલી એકઠી કરી તેનો નાશ કરીને છુપાવી દેવાનો પ્રયત્ન કર્યો. પછી તેણે પૈસા મલે એવી જાતનું લખાણુ કરવાનો યત્ન કર્યો અને અરાડ વર્ષની ઉમરે સ્પેનીશ[2] વસ્તુ ઉપરથી લીધેલો એક હાસ્યરસ નાટક રંગભુમિ ઉપર ભજવી બતાવવા સારૂ બહાર પાડયો, પણ તે નાટકના રમનારાઓએ નાપસંદ કરવાથી, તે એક મી૦ બુલોક નામના ગૃહસ્થને આપ્યો. તેને વગ વધારે હોવાથી સેજસાજ ફેરફાર કરીને તે "સ્ત્રી[3] સમસ્યા" એ નામથી રંગભૂમી ઉપર ભજવી બતાવ્યો; પણ આ કમનસીબ ગ્રંથકર્તાને નફામાં કાંઇ પણ ભાગ આપ્યો નહિ.

આથી નાઉમેદ ન થતાં સેવેજ બે વર્ષ પછી "પડદામાં[4] પ્યાર" એ નામનો બીજો એક હાસ્યરસ નાટક લખ્યો. એમાં પણ જય મળ્યો નહિ. વરસની આખરે

---

૧. જે મકાનમાં કોફી પીવા તથા વાતચીત કરવા બધા મળે તે મકાન.

૨ સ્પેન દેશની. ૩ Woman's riddle. ૪ Love in a veil.

ભજવી બતાવવામાં આવ્યો, તેથી ગ્રંથકર્તાને કંઈ બીજો નફો તો થયો નહિ, પણ સર રીચર્ડ સ્ટીલ અને મી૦ વીલ્ક્સની ઓળખ થઇ. આ ગૃહસ્થો સેવેજના ઉપર દયા લાવતા તેને લાડલડાવતા અને પૈસાની મદદ પણ કરતા.

સર રીચર્ડ સ્ટીલનામાં પરોપકાર બુધ્ધિ એ એક વિશેષ ગુણ હતો. આ ગુણના પૂરેપૂરા ઉત્સાહથી તેણે સેવેજનો પક્ષ ખુલ્લી રીતે લીધો. તેનું હિત વધારવામાં તેણે અતીશય ઉલટ દેખાડી, તેના દુઃખનું વર્ણન કર્યું, તેના ગુણ ગાયા, જ્યાં ત્યાં તેને માટે ભલામણ કરવાને એકે તક જવા દીધી નહિ, અને નિશ્ચયપૂર્વક કહ્યું કે એની માતાના ઘાતકીપણાને લીધે દરેક સારા માણસને પિતા તુલ્ય ગણવાને તેને હક હતો. તેણે સેવેજની ઓળખાણ રાખી એટલુંજ નહિ, પણ તેને પોતાનો માનીતો કર્યો. આ વાતનો એક ભૂલી ન જવા જેવો અદ્ભૂત દાખલો તે કોઇ કોઇવાર કહેતો તે ઉપરથી એના મુરબીના લક્ષણનો ખરેખરો ચિતાર આવે છે. કંઈ ઘણું ભારે અગત્યનું કામ હોય એવું ડોળ ઘાલીને સર રીચર્ડે તેને એક વખત કહ્યું કે તું આવતી કાલે સવારમાં મારે ઘેર આવજે. સેવેજે હા પાડી, અને બીજે દિવસે તેને ઘેર ગયો. દરવાજા આગળ એક રથ ઉભેલો જોયો, અને સર રીચર્ડે બહાર જવાની તૈયારીમાં એની રાહ જોતો ઉભેલો દીઠો. એના મનમાં શું ધારેલું હતું અને ક્યાં જવાનું હતું, તેની સેવેજ અટકળ કરી શકયો નહિ, અને તે પૂછ્યું પણ નહિં; તરતજ સર રીચર્ડની સાંથે એ પણ બેઠો. ગાડીવાનને હાંકવાનો

હુકમ આપ્યો. તેઓ જેમ બને તેમ તાકીદથી 'હાઇડપાર્ક[1] કોર્નર આગળ ગયા. અહીં એક નાની કલાલ[2] વીશીમાં ઉતર્યા, અને એક ખાનગી ઓરડામાં જઈ બેઠા. સર રીચર્ડે સેવેજને કહ્યું કે મારે એક ચોપાનિયું પ્રસિદ્ધ કરવું છે, તમો મારે માટે લખો એટલા સારૂ તમને બોલાવી લાવ્યો છું. સેવેજ એકદમ તે કામે વળગી ગયો. ખાણું તૈયાર થઈ ટેબલ ઉપર આવ્યું ત્યાં સુધી સર રીચર્ડે લખાવ્યું તેમ સેવેજે લખ્યું. સેવેજ આ બીજ-વાનીના હલકાપણાથી દંગ થઈ ગયો અને થોડીકવાર ખંચાઈ રહયા બાદ તેણે દ્રાક્ષ રસ (દારૂ) માગ્યો. સર રીચર્ડે તે મંગાવ્યો પણ કંટાળાની સાથે; તેઓ ખાણું ખાઇ રહયા કે ચોપાનિયાનું કામ પાછું હાથમાં લીધું અને પાછલા પોહોરના પૂરૂં કર્યું.

મી. સેવેજે હવે જાણ્યું કે મારૂં કામ પૂરૂં થયું. સર રીચર્ડ વીસીના પૈસા આપશે, અને ઘેર જઈશું. પણ આ ધારણા નિષ્ફળ ગઇ; કારણ સર રીચર્ડે કહયું કે મારી પાસે તો પૈસા નથી અને ચોપાનિયાને વેચીને ખાણાના પૈસા ચુકવવા જોઇએ: સેવેજ બહાર જઇ જોરાવટીએ બે ગીની માટે આ ચોપાનીયું વેચી આવ્યો પછી તેઓ પોતપોતાને ઘેર ગયા. પાછળથી એમ જણાયું કે સાહુકારને ટાળો દેવાને ખાતરજ સર રીચર્ડે આ યુક્તિ ગોઠવી હતી અને વીસીના પૈસા આપવાની ખાતરજ આ ચોપાનિયું લખી કહાડયું હતું.

---

૧ લન્ડન શેહેરમાં એક રસ્તાનું નામ.

૨ કલાલવીશી—જ્યાં દારૂ વેચાતો હોય અને મુસાફર વિગેરેને મુકામ કરવા તથા ખાવા પીવાની સોઇ મળે એવું કારખાનું.

એવીજ બીજી એક અસાધારણ વાત મી૰ સેવેજે કહી છે. આ વાતને એની જીંદગી સાથે સંબંધ નથી તો પણ તે જાળવી રાખવી યોગ્ય છે. સર રીચર્ડે એક દિવસ કેટલાક આબરૂદાર અને ખાનદાન અમીર માણસોને પોતાના મકાન ઉપર આમંત્રણ કરી બોલાવ્યા. આ ગૃહસ્થો સર રીચર્ડના ટેબલ (ભોજન માટે રાખેલાં) આસપાસ અમુક પોશાકવાળા સંખ્યાબંધ ચાકરોને જોઇ આશ્ચર્ય પામ્યા; ભોજન લીધા બાદ દ્રાક્ષરસ તથા હાસ્યવિનોદને લીધે, રીતભાત એક બાજુએ મુકી, આ મંડળીમાંના એક ગૃહસ્થે સર રીચર્ડને પુછયું કે, આ ભારે ખરચાળ સંખ્યાબંધ નોકરો તમને શી રીતે પરવડે? સર રીચર્ડે ખુલ્લા દીલથી કહી દીધું કે, એ લોકો અહીંથી વટાણા વાવી જાય તો હું ઘણો ખુશી. આ ગૃહસ્થે ફરી પૂછયું કે, ત્યારે તમો એઓને રજા કેમ આપતા નથી? આના જવાબમાં સર રીચર્ડે કહ્યું કે એ લોકો તો બેલીફ[1] છે, અને બજાવણી કરવા આવેલા છે, અને તેઓને બહાર તો કહાડી મુકાય નહી, માટે તેઓ મકાનમાં રેહે ત્યાં સુધી મને આબરૂ આપે એવા હેતુથી તેઓને ચાકરોના પોષાક આપી શણગારવાનું મને ઠીક લાગ્યું. આ યુક્તિથી એના દોસ્તદારો બહુજ ખુશ થયા, અને દેવું પતાવી તે બેલીફોને રજા આપી. સર રીચર્ડની પાસે ફરી આવો રસાલો ઘરમાં આવે નહી, એવું વચન લીધું

---

૧ દીવાની કોર્ટના સીપાઇ.

આવા ગુરૂની પાસેથી સેવેજ ડહાપણુ કે કરકસર શીખી શકે એમ નહતું; સદ્દગુણોની ગેરહાજરીને લીધે જે દુઃખો એને જીંદગીના પાછલા ભાગોમાં વેઠવાં પડયાં, તે આ નહીં ફાયદો કરે એવાં ઉદાહરણના પરીણામ હતાં. સર રીચર્ડની મેહેરબાની કંઇ સાધારણું ન હતી. સેવેજને ઠેકાણે પાડવાનો એનો વિચાર હતો, અને પોંતાની એક દીકરીને એક હજાર પાઉન્ડ આપી સેવેજ સાથે પરણાવી સગપણનો ગાંઠ બાંધવાનો વિચાર હતો. એ છુટે હાથે વચન આપતો એ વાત ખરી, પણ તે એવી રીતથી પોતાનો સંસાર ચલાવતો કે ભાગ્યેજ પોતાનું વચન પાળી શકતો; અને પોતાના વિચારો અમલમાં મૂકી શકતો; જે રકમ તેણે આપવાની કહી હતી તે એકઠી કરી નહી શકવાથી, લગ્નની વાત ઢીલમાં પડી. તે દરમ્યાન મી૦ સેવેજ તમારી મશ્કરી કરે છે એવી કોઇએ ચાડી ખાધી. સર રીચર્ડ ઘણો ગુસ્સે થયો, જે કંઈ આપ્યું હતું તે લઇ લીધું, અને ત્યાર પછી પોતાના ઘરમાં એને દાખલ કર્યો નહી,

સેવેજ, પોતાના અવિવેકપણાને લીધે કોઈ દ્વેષી ચુગલીખોરના ઝપાટામાં આવી પડે એ કંઈ અસંભવિત નથી; કારણ તેના મુરબ્બીમાં ઘણી મુર્ખાઇ હતી, સેવેજ તે જલદીથી સમજી જઇ તે વિષે કલ્પનાથી ઉસકેરાઇ જઇ, હાસ્યજનક વાતો કરતો. આવી જાતનું નબળાપણું તો સાધારણ છે, એમ સ્હેજસાજ સંસારી જ્ઞાનવાળો માણસ પણ કહી શકે; વળીં અવિચારી હાસ્યવિનોદની છુટમાં અગર ક્ષણિક તામસના

ગુસ્સામાં પોતાના દોસ્તદારો અને ઉપકાર કર્તાને માટે અવિચારથી અને તિરસ્કારથી કોઇ કોઈ વખત નહી બોલે, એવા પુરૂષ તો ભાગ્યેજ મળી આવે. આવા માણસો જ્યારે થંડા મીજાજમાં હોય છે ત્યારે પોતાના દોસ્તદારો અને ઉપકાર કર્ત્તાની મેહેરબાની સમજે છે, અને તેના સદગુણને માન આપે છે. સેવેજ લુણહરામ નહતો પણ ભુલવાની એને ખાસિયત હતી, એજ એનો દોષ. મદદ અને આશરો આપતાં છતાં આશ્રિતનો તિરસ્કાર થંડે પેટે સહન કરે એવો કોણ મળી આવે? સબબ સર રીચર્ડ પણ ઠપકામાંથી દોષમુક્ત ઠરે છે.

નસીબને આધીન થઈ જે થાય તે ખરૂં એવી સ્થિતિમાં હવે સેવેજને મી૰ વીલક્સ શિવાય બીજો દોસ્તદાર રહ્યો નહી.—મી૰ વીલક્સની નાટકકાર તરીકે ચતુરાઈ અને શક્તિ ગમે તેવી હશે, પણ તેના સદ્‌ગુણોને લીધે તેની યાદગીરી કાયમ રહેવી જોઈએ, કારણ એવા સદ્‌ગુણો આ દુનિઆમાં, તેમાં વળી એના જેવા ધંધાવાળામાં, ભાગ્યેજ મળી આવે. દયાળુ થવું, ઉદાર થવું, નિખાલસ મનથી બોલવું એ કોઇ પણ માણસની બાબતમાં ઘણા ઊંચા દરજજાના ગુણો છે; પણ આ ગુણો જ્યારે છેક અધમ સ્થિતિના એટલે અનાદરવાળા, ગર્વિષ્ટ, ઝાંઝી, આપસ્વાર્થી, નિર્દય આવા ગુણવાળા માણસોમાં મળી આવે ત્યારે તે વધારે સ્તુતિપાત્ર થાય છે.

મી૦ વીલક્સ, જે કોઇ દુ:ખીઆરો માણુસ મદદ માગતું તેને મદદ આપ્યા વગર રહેતો નહી; તેથી તેણે આ કમનસીબ પણ હાસ્યજનક વાત બોલવાની તથા લખવાની આવડતવાલા માણુસને પોતાના આશરા નીચે લીધો, અને કોઈ અકસ્માત દુ:ખમાં તેને મદદ કરતો એટલુંજ નહી પણ તેના મરણ સુધી તેનાં ઉપર એક સરખી રીતે અને જાથુ મેહેરબાની રાખી. તેના મધ્યસ્થપણાથી તેણે એકવાર તેની મા પાસેથી પચાસ પાંઉન્ડ રોકડા મેળવ્યા અને એકસો પચાસ પાઉન્ડનું વચન લીધું. પણ આ દુ:ખી માણુસનું નસીબ એવું હતું કે, એના લાભના વચનો ભાગ્યેજ અમલમાં આવે. "[1]સાઉથ સી ટ્રેડ્રીક" ની સામાન્ય ઘેલછા, બીજાઓની પેઠે, એની માને પણ લાગી હતી, તેમાં તેની આશાઓ પણ ભંગ થવાથી, એકદમ દોલતવાળી થઇશ એવી આશાએ વચન આપ્યું હતું, તે વચન પાળવાને ના પાડી.

હવે ફક્ત વીલક્સની મીત્રાચારી ઉપરજ આધાર હોવાથી સેવેજ ખંતથી વારંવાર નાંટકશાળાઓમાં

---

૧ પાસિફિક સમુદ્રના સુનેરી ટાપુઓમાંથી દોલત લાવવા સારૂ શને ૧૭૨૦માં એક કંપની ઉભી થઇ હતી તેનું નામ "સાઉથ સી ટ્રેડ્રીક" રાખવામાં આવ્યું હતું. ભરેલા શેરના વીસુપટ નાણાં પાછાં મળશે એવી આશાઓ આપવામાં આવેલી હોવાથી રાંડીરાંડોએ પણ શેરો લીધા હતા; લોકો શેરો લેવા માટે ઘેલા થઇ ગયા હતા. પણ તરતજ એ પરપોટો ફુટયો અને કંપની નાદાર થઇ ગઇ હતી.

જતો, અને રંગ ભૂમિની ગમતોએ થોડા વખતમાં; એના મન ઉપર એવી સજ્જડ અસર કરી કે, થોડા વર્ષ સુધી કોઇ પણ ખેલમાં એની ગેરહાજરી નહી. આ સતત હાજરીથી સ્વભાવિક રીતે, ખેલનારાઓની ઓળખ થઇ; તેમાં એક મીસીસ ઓલ્ડ ફીલ્ડ નામની નટી હતી. આ નટી સેવેજની વાતચિતથી એટલી બધી ખુશ થઇ એને એના દુઃખથી તેનું હૃદય એટલું બધું પીગળ્યું કે તેણે એને પચાસ પાઉન્ડનું સાલીયું બાંધી આપ્યું. આ સાલીયું આ બાઇ જીવી ત્યાં સુધી સેવેજને વખતસર આપતી હતી. ઉદારતાના આ કૃત્યની યોગ્ય વખાણ થાય, અને તેના સારા કૃત્યોને તેની સામાન્ય ચાલ ચલકતને લીધે, દોષ લાગે નહી, માટે સેવેજ હમેશાં જાહેર રીતે ચોખ્ખા શબ્દોમાં કેહેતો કે તે આ બાઇને કોઈ પણ વખત એકાંતમાં, તેમજ રંગભૂમિના પડદા પાછળ શીવાય બીજી કોઈ પણ જગ્યાએ, મળ્યો નથી.

આ બાઈના મૃત્યુ પાછળ જાણે માની પાછળ શોક બતાવે એવી યોગ્ય રીતે શોક બતાવી સેવેજે પોતાની કૃતજ્ઞતા દર્શાવી હતી; પણ તેને માટે કંઈ શોક સૂચક કવિતા બનાવી વખાણ ગાયાં નહતાં; કારણ તે જાણતો હતો કે અતિશય વખાણ કરવાથી તેના દોષો સજીવન થાય; વળી એ દોષો પોતાની ઉપર મેહેરબાની રાખનારના હતા, એટલાજ કારણસર તે દોષોને સેવેજ, પોતાની કુદ્રતી નીતિની રૂએ, કંઈ ઓછા મહત્વના ગણતો ન હતો. આવી રીતની હકીક-

ત હોવાથી પોતાના સદ્ગુણોથી તેના દોષો છાવરી નાંખવાનું પ્રયત્ન કર્યું નહીં; તેમ તેની યાદગીરી લાંબો વખત સુધી રહે કે તેના દુષણ ફેલાવો પામે, એવું પ્રયત્ન પણ એની કૃતજ્ઞતાએ કરવા દીધું નહીં.

તેના "[1]ભુલું પડેલું માણસ" નામના ગ્રંથમાં, સેવેજે તેનું વર્ણન કરવાની ખરેખર તક લીધી હતી. આમાં તેણીના સદગુણને માટે નહી, પણ તેની ખુબસુંરતી માટે ટુંકામાં વખાણ ગાયાં છે, કારણ તેની ખુબસુરતીની બાબતમાં કોઈથી વાંધો લેવાય એમ ન હતું. તેની ઉદારતાનો બદલો માત્ર આટલાં વખાણથીજ વાળ્યો હતો, અને મને લાગે છે કે એ પણ વધારે હતાં. એ એમ વિચારતો હતો કે આ પરગજુ સ્ત્રીના વખાણ નહી કરૂં તો કૃતઘ્નીપણું દેખાય; તેની યાદગીરી કાયમ રાખવાને કોઈ ગ્રંથ તેને અર્પણ કરૂં તો અઘટિત પક્ષપાતપણું જણાઈ જાય, અને તેની સાખ ન વધતાં પોતાની આબરૂ નબળી પડે. કોઇ કોઈવાર મી૦ વીલક્રૂસની મેહેરબાનીથી, એકાદ ખેલની ઉપજ એને આપવામાં આવતી, એવા પ્રસંગો ઉપર એના ઉપર અતિશય પ્રેમ અને દયાની લાગણીઓ જણાઇ આવતી; અને એક વખતે ડયુક ઓફ ડોરસેટે કહ્યું હતું કે આ માણસ (સેવેજ) ને દુઃખી થયલો અમીર ગણવો એ વ્યાજબી છે. વળી તેના વિચાર પ્રમાણે અમીર વર્ગે એને મદદ અને

[1] The wanderer

આશ્રય, માગ્યા શીવાય, આપવાની ફરજ છે એમ તે કેહેતો. પણ મારી આશાઓ ભંગ કરવા, મારી માતુશ્રી પોતાનો સઘળો લાગવગ કામે લગાડતી હતી, એવું જ્યારે સેવેજ સાંભળતો ત્યારે એ ઘણો-જ દીલગીર થતો; તેની જીંદગી જોગવવાના સાધનો તોડી પાડવાને તેણે યુક્તિ કરવામાં કાંઈ બાકી રાખી ન હતી. કુદરત કે સમૃધ્ધિને લીધે જે જે શખસો ઉમર તેનો લાગલગ પહોંચતો તે તે શખસો સેવેજ પ્રત્યે એના જેવાજ મનની લાગણીવાલા થાય એવી તે તજવીજ કરતી. અને ખરેખર એ તદબીરમાં તે ફત્તેહમંદ થઈ. પણ તેની નફ્ફટાઈ, તેના ઘાતકીપણા જેટલી વધારી શકી નહી, કારણ કે જેઓને સેવેજની સામે તેણે ઉસ્કેર્યા હતા તેમાંથી કેટલાક તો, પોતાની વર્ત્તણુંકથી શરમાયા, અને કંઈ પણ મદદ કરેલી નહી છતાં મદદ આપ્યાની બડાઈ મારતા.

આ ઠપકાને સેવેજના બધા સગાઓ પાત્ર નથી; કારણ એક સ્ત્રી જેનું નામ હું હાલ યાદ લાવી શકતો નથી, તેની દયાનું ટુંક વર્ણન તેણે કૃતજ્ઞતાથી કર્યું છે. લાગવગ, આજ્ઞા, અને ઉદાહરણને ન ગણકારતાં, આ સ્ત્રીના આ સારા કૃત્યને માટે તેના જેટલા વખાણ કરીએ તેટલાં થોડાં છે.

જે મા બાપો પોતાના નાનાં બાળકોનું ખુન કરે છે તેને આપણા કાયદાથી કેવી શિક્ષા થાય છે, તે સારી રીતે જાણીતી છે. અને તેના ન્યાયીપણા માટે કોઈ દિવસ વાંધો ઉઠાવવામાં આવ્યો નથી;

જેઓ પોતાનાં છોકરાંને જન્મતાંજ મારીનાંખે તેઓ ફાંસીની શિક્ષાને પાત્ર થાય, તો સેવેજની મા, સેવેજને ઝાટકો લાગે એવાં દુઃખ દેવાનેજ તેને મારી ન નાંખે, તેને દુઃખી કરવાનેજ તેની જીંદગી લંબાવે, તેને દયા વિના અને સંભાળ વગર, જુલમના દ્વેષને, નસીબની લેહેરને, અને દરિદ્રતાને માટે તજી દે; તેને દુઃખમાં ગરક થયલો જોઇને ખુશી થાય, અને જયારે પોતાના ઉદ્યોગથી અથવા તો બીજાના સખાવત્ત પણાથી, તે દુઃખમાંથી તરી થોડીવાર બહાર નીકળે કે તુરતજ તેના અસલના દુઃખના દરીઆમાં ડુબાવી દે; આવા કૃત્યોને માટે કયી શિક્ષા ભારે કહેવાય ?

દોસ્તદારોની મેહેરબાનીથી એનું પુરૂં નહી થઈ શકવાથી, અને ઓળખ વધારી દોલત પેદા કરવાની આશામાં, ખરચાળ જગ્યાએ જવું થવાથી, તેણે એક વાર ફરીથી કરૂણા રસ કવિતા બનાવવાનો યત્ન કર્યો; ઓહોળા જ્ઞાનથી અને લાંબા અવલોકનથી હવે આ કામ માટે તે વધારે લાયક થયો હતો; હાસ્યરસ નાટકમાં બુદ્ધિના કમીપણાને લીધે નહિં, પણ પ્રસંગના અભાવે, નિષ્ફળ નીવડવાથી, તેણે કરૂણારસ નાટક બહાર પાડવામાં તે ફત્તેહમંદ થાય છે કે નહિ તે જોવા નો નિશ્ચય કર્યો. આ વિષયને માટે તેણે સર થોમસ ઓવરબરીની કહાણી પસંદ કરી. આ કહાણી (અગર વાર્તા).જો કે નજીકના વખતની હોવાથી તેવી રચના સંપૂર્ણ કરવાને ગાથાનો બરાબર ઉપયોગ થાય એમ નહોતું, તો પણ તે રંગ ભૂમી ઉપર લાવવાને લાયક

હતી; કારણુ માણુસનું મન સ્વાભાવિક રીતે સાચવટને પસંદ કરે છે, અને જે સાચાઈને માટે આપણી ખાત્રી હોય છે તેનું ખંડન કરવાથી મન ઘણું ગુસ્સે થાય છે; વળી જે વાતો આપણા નજીકના વખતમાં બની હોય તે આપણે ખરી માનીએ એમાં પણ કંઈ નવાઇ નથી; આ વાર્તા યા કહાણી ઉપરથી તેણે કરૂણારસ નાટક રચ્યો. તે જેવા સંજોગોમાં લખવામાં આવ્યો તે વિચારમાં લઇએ તો તે તેના (સેવેજના) બુદ્ધિબળની, શાંત મનની, તેના ડગે નહી એવા સ્વસ્થપણાની, અને નહી દાબી દેવાય એવી કલ્પનાની અસાધારણ સાબીતી આપે છે.

આ નાટક રચવામાં તે જેટલા વખત સુધી, રોકાયો હતો તે દરમ્યાન ઘણો વખત સુધી, તેને મુકામ કરવાની જગ્યા કે ઓરડી નહતી, અને વારંવાર ખોરાક વગર રહેતો. વળી ખેતરો અથવા તો મોહોલ્લાઓમાં મળે તે શીવાય અભ્યાસ કરવાને બીજી સવડતા નહિં છતાં, તેમાં તે ફરતો, અને ભાષણો તૈયાર કરતો, અને પછી એકાદ દુકાનમાં જઇ ખડીઓ કલમ માગી લઈ, કાગળનો ટુકડો પડેલો અકસ્મીત મળી આવતો તે ઉપર પોતે જે કંઇ તૈયાર કર્યું હોય તે લખી કંહાડતો.

આવા દુઃખી લેખકના ગ્રંથ સંપૂર્ણ ન હોય તો, તેનાં દુષણો, બુદ્ધિના કમીપણાને લીધે નહી, પણ કાંઇ બીજાંજ કારણોને લીધે હોવાં જોઇએ. આ દુષણોને માટે ઠપકો આપવાને બદલે દયા ઉત્પન્ન થવી

જોઇએ. આવી ભારે અડચણો છતાં, આ કરૂણા રસ નાટક તૈયાર થયો. પણ હવે તે રંગ ભૂમી ઉપર ભજવી બતાવવાની મેહેનત બાકી રહી. આ કામ ઉદાર મનના માણુસને ઘણે દરજજે કંટાળો ઉપજાવે એવું અને હેરાન કરી નાંખે એવું હતું; કારણ વગ વસીલો નહી અને આબરૂ નહી, તેથી તેને ખેલનારાઓને આધીન થવું પડયું, અને પોતાની મરજી વિરૂધ્ધ મી૦ કીબરના સુધારા, એના ગ્રંથને બટ્ટો લગાડે એવા એ ગણુતો છતાં, તે કબુલ રાખવા પડયા. એક જૂદીજ ઢબનો વિવેચક એને મળી આ૦થો હતો, તેનું નામ મી૦ હીલ હતું. ઘણા પ્રસંગો ઉપર એની દોસ્તીથી સેવેજને ઘણી મદદ મળી હતી. આ ગૃહસ્થને માટે સેવેજ અતિશય પૂજ્ય બુધ્ધિ રાખતો અને દાઝ ધરતો. આ ગૃહસ્થે ખાસ મેહેરબાનીથી સેવેજને પ્રસિધ્ધીમાં આણ્યો હતો, તેને આ પ્રસંગે અરજ કરી. આ કરૂણારસનાટક તેના ઉપર મોકલ્યો, તેની સાથે થોડીક કવિતા પણ મોકલી, તેમાં સુધારો કરી મોકલવા લખ્યું. મી. હીલ કે જેની દયા અને સભ્યતા જાહેર છે; તેણે આ અરજ સ્વીકારી. પણ તે વિચિત્ર કલ્પના તથા ભાષાના જબરા પ્રયોગોને માટે સુપ્રસિધ્ધ હોવાથી, તેની નવી ચાલથી આ નાટક સુધર્યો હોય એમ સેવેજ ધારતો નહતો. તેથી સેવેજે જે વાકયો એને પસંદ પડયાં. નહી તે કહાડી નાખ્યાં. વધારે પ્રશંસા કરવા લાયક હકીકત તો એ છે કે મી. હીલે પોતાનો સુધારો વધારો કહાડી નાંખવા છતાં વેરભાવ ન બતાવતાં

ઉદારતાથી નાન્દી તથા નાટકના છેડાનો છંદ લખ્યો. અને તેમાં આ ગ્રંથકારની હાલત વિષે ઘણી દાઝની સાથે ઈશારા કર્યા.

આટલા બધાં વાંધા સાંધા છતાં, આ ખેલ ઉન્હાળામાં એટલે, જ્યારે મૂખ્ય ખેલનારાઓ પોતાને ઘેર ગયા હતા અને બીજાઓ પોતાના લાભ માટે ખેલતા હતા, ત્યારે રંગભૂમિ ઉપર તે લાવી શક્યો. આ ખેલમાં સર થોમસ ઓવરબરીનો ભાગ, સેવેજે ભજવી બતાવ્યો. આમાં તેને કંઇ ઝાઝી કીર્તિ મળી નહી, કારણ નાટક ભજવી બતાવવાને માટે એ કુદ્રતથીજ ન લાયક હતો. એનો અવાજ, દેખાવ, હાવભાવ રંગભૂમિ ઉપર જોઈએ તેવાં નહતાં; અને ખેલનાર તરીકેની અવસ્થામાં આવી પડવાથી તે એટલો બધો શરમાતો કે જ્યારે આ તેના નાટકની નકલ તેના દોસ્તદારોને આપવામાં આવતી ત્યારે તે પાત્રોની યાદીમાંથી પોતાતું નામ છેકી નાંખતો.

આ ગ્રંથને છપાવી પ્રસિધ્ધ કરવાથી એ વધારે ફત્તેહમંદ થયો હતો; કારણ કે બુધ્ધિના કીરણો એમાં પ્રકાશતાં હતાં. આથી ઘણા નામાકિંત અમીરો, સદ્ગુણી તથા બુધ્ધિવાન ગૃહસ્થોની તે નજરમાં આવ્યો, અને પંકાયો. આ [1]ખેલ ભજવી બતાવ્યો, છપાવ્યો,

---

[1] આ નાટક કોઇ ફેરફાર સાથે શન ૧૭૭૭ના સાલમાં ડ્રુરીલેન થીએટરમાં ભજવી બતાવ્યો હતો. નાન્દી મી૦ રીચર્ડ બ્રીન્સલે શેરીડને લખી હતી તેમાં ઘણી દયા ઉપજે એવી રીતે સેવેજની દરિદ્રતાનું વર્ણન કર્યું છે. "કમનસિબ સૅવેજ, જેના જન્મ વખતે સરસ્વતી દેવી શીવાય બીજા માબાપ ને હતાં, અને સ્વર્ગ શીવાય કોઇ દોસ્ત નહતો."

અર્પણ થયો, તેનો એકંદર નફો એકસો પાઉન્ડ થયો. આ રકમ તો તેના મનથી ડુંગર જેવડી હતી, કારણ એટલાં નાણાં તો કોઈ દિવસ તેના હાથમાં આવ્યાં ન હતાં.

અર્પણ પત્રીકા, જેને માટે તેને દસ ગીની આપવામાં આવી હતી, તેમાં કંઈ વખાણવા જેવું નથી. પ્રસ્તાવનામાં મી૦ થીઓફીલસ કીબરની શ્રેષ્ટતાને માટે વખાણ કર્યાં છે, પણ તેની પાછળની જીંદગીમાં, તેના દોસ્તદારોને તે વાંચવા દેતો નહી. મી૦ હીલની ઉદારતા હજી પૂરી થઇ નહતી. કારણ પાછળથી જ્યારે સેવેજને દળદર અવસ્થા પાછી આવી ત્યારે તેણે સેવેજના "[1]પરચુરણ કવિતા" નામના ગ્રંથને ઘણા લોકો ખરીદ કરે એવા હેતુથી વિચિત્ર રીતે એટલે "[2]ચોખા બોલા" નામના અઠવાડીક પત્રમાં દયા ઉત્પન્ન કરે એવાં ચરણોમાં સેવેજનું વૃતાંત છપાવી પ્રસિદ્ધ કરીને ઉતેજન આપ્યું. મી૦ હીલ એમ કહેતો કે એની માએ એની પ્રત્યે જે વર્ત્તણુક ચલાવી હતી તે માટે સેવેજે આ ચરણો લખ્યાં હતાં; પણ પાછળથી સેવેજે જાહેર કર્યું તે મૂજબ તો એ ચરણો મી૦ હીલે લખ્યાં હતાં. આ ચરણો અને જે પત્રમાં તે, છપાવ્યાં હતાં, તેની સઘળા ઉપર ઘણી સારી અસર થઈ હતી, પણ તેથી ઉલટું તેની માની ક્રુરતા જાહેરમાં મુકાવાથી તેનો સેવેજ પ્રત્યેનો અભાવ વધારે દ્રઢ થયો હતો.

---

૧ Miscellany of poems. ૨ Plain dealer

મી૦ હીલે "પરચુરણ કવિતા" ના ઘરાકો થાય એવું ઉ-તેજન આપ્યું એટલુંજ નહી પણ તેમાંની ઘણી ખરી કવિતા તેણેજ લખી, આપી હતી, અને ખાસ કરીને "[1]સુખી માણસ," જે નમુના દાખલ પ્રસિદ્ધ કરી હતી.

દુ:ખી, ગુણવાન પુરૂષને આશરો આપાવા આ લખાણોથી જેઓને અસર થાય, તેઓને બીજી કોઇ પણ આજીજી શીવાય, એમ કહેવામાં આવ્યું હતું કે તેઓએ ભરેલી રકમ બટન્સ કાફી હાઉસ આગળ મુકી જવી; થોડા દિવસ વીત્યા બાદ મી૦ સેવેજે ત્યાં જઇને જોયું તો એની આશા વિરૂધ્ધ, સિત્તેર ગીની આવેલા જોઇ આશ્ચર્ય પામ્યો. મી૦ સેવેજને માટે આટલું નાણું, મી૦ હીલના દયાજનક વર્ણનને લીધે એકઠું થયું હતું.

આ "પરચુરણ કવિતા" ની પ્રસ્તાવના સેવેજે લખી, તેમાં એની માની ક્રુરતાનું આ ઉઘરાણાની કૃ-તેહથી છકી જઈને મિજાજના ઘણા અસાધારણ દીર્ઘ સૂરથી તથા કલ્પનાની લ્હેરથી વર્ણન કરેલું છે. આ પુસ્તક લેડી મેરી વોટલે મોનટેગુને અર્પણ કરેલું છે. અર્પણ પત્રીકામાં સંકોચ વગર અને સાચું કહું તો કંઇ પણ કપટ વગર ખુશ થાય એવું લખી વખાણ કરેલાં છે. આ ટીકા સેવેજની બધી અર્પણ પત્રીકાઓને લાગુ પડે છે. તેની પ્રશંશાઓ, પરાણે કરેલી, આવેશ ભરેલી કાંઇ પણ અનુક્રમની

---

[1] The happy man

ખૂબી વગર ગોઠવેલી, અને લાયક ઉપોદઘાત વગરની છે. તેના મુરબ્બીઓનેજ વાંચવાને માટે તેમની સ્તુતિઓ લખેલી જણાય છે. વળી તે એમ ધારતો કે તેઓના ઉપર વખાણના વરસાદ વર્ષાવવાથી (પછી તે ગમે તેવા નીચ વખાણ હોય) અને ખુશામતથી, (પદ લાલિત્યની તથા નવી યુક્તિની મદદ વગર) તેઓના અંતઃકરણ પીગળશે.

થોડા દિવસ પછી [1]રાજાનું મૃત્યુ થયું. આથી કવિતારૂપ વિવાદને માટે એક સામાન્ય વિષય મળ્યો. આ કામમાં સેવેજ મંડયો, અને એમ કહે છે કે તેના પ્રતીસ્પર્ધીઓ ઉપર ફ-તેહ મેળવી; પણ આ તેના ગ્રંથથી તેની આબરૂ વધી, તે શીવાય બીજો શું ફાયદો થયો તે હું જાણતો નથી; જો કે એ જાતનું લખાણ કે જેના વિષયો લાંબી મુદત પેહેલાં ખલાસ થઈ ગયા હતા, અને જે લખાણ તેમાં નીષ્ફળ નીવડેલા ઘણા લોકોએ તેમાં ફ-તેહમંદ થયેલાઓ માટે દુર્ઘટ કર્યું હતું, તે જાતનું લખાણ કરવા તરફ યત્ન કરવા ખરેખર વધારે લાંબા વિચારથી તેણે મન કરેલું હોવું જોઇએ.

હવે તેની આબરૂ દીનપર દીન વધતી જતી હતી, અને જો કે તે વારંવાર દુઃખદાયક ગુંચવણોથી વીંટલાઇ જતો, તો પણ તેનો મનુષ્ય જાત ઉપર વક્કર પડતો ગયો. આવામાં એક બનાવ, જેને ગુન્હો ક-

---

1 ૧૭૨૭ના જૂન માસની તા૦ ૧૨મી જીઓર્જ પેહેલો ગુજરી ગયો, અને બીજો જીઓર્જ ગાદી નશીન થયો.

હેવો કે દુઃખ કહેવું તે નક્કી થઈ શકતું નથી, તે બન્યો, જેથી સેવેજની જીંદગી તથા આબરૂ જોખમમાં આવી પડયાં.

સન ૧૭૨૭ના નવેમ્બર મહિનાની તા૦ ૨૦મીને દિવસે, તે વખતે એ [1]રીચમન્ડ રહેતો હતો, ત્યાંથી પોતાના અભ્યાસમાં ખલેલ ન પડે માટે, તેમજ [2]વેસ્ટમીન્સ્ટરમાં રહેવાની બીજી જગા હતી તે છોડી દેવાના ઇરાદાથી, સેવેજ લન્ડન શેહેરમાં આવ્યો. અકસ્માત એના ઓળખીતા બે ગૃહસ્થો સેવેજને મળ્યા. એકનું નામ મરચન્ટ અને બીજાનું નામ ગ્રેગરી હતું. આ બેહુની સાથે એ નજીકના એક કોફી હાઉસમાં ગયો. અસુરૂં થયું ત્યાં સુધી એ ત્યાં પીતો બેઠો. સેવેજની તો ખાસિયતજ હતી કે મંડળીમાંથી જુદા પડવાને ઉઠવાની પેહેલ કરવીજ નહી. તેજ ઘરમાં એ ખુશીની સાથે સુઇ રહ્યો હોત, પણ એ બધાને માટે તેમાં જગ્યા ન હતી. તેથી તેઓએ મોહોલ્લામાં રખડપટ્ટી કરવાનો અને સવાર સુધી ગમતમાં વખત કહાડવાનો નિશ્ચય કર્યો. આ રખડપટ્ટીમાં તેઓએ કમનસીબે [3]ચેરીંગક્રોસ નજીક રોબીન્સનના કોફી હાઉસમાં અંજવાળું દીઠું, અને તેથી તેઓ તેમાં દાખલ થયા. મરચન્ટે ઉધ્ધત્તાઈની સાથે ઓરડો માગ્યો; તેને

---

૧ લંડન શેહેરથી પંદર માઇલ દૂર એક ગામ છે

૨ લંડન શેહેરના એક લત્તાનું નામ.

3 Charing Cross લંડન શેહેરમાં એક મોટું રેલ્વે સ્ટેશન છે.

કહેવામાં આવ્યું કે આ પડોસના ઓરડામાં દેવતાની સગડી સારી છે, અને તે માંહેલી મંડળી હિસાબ ચુકવી આપીને જાય છે; મરચન્ટ આવા જવાબથી, સંતોષ નહી પામતાં તે ઓરડામાં ઘુસી ગયો, અને તેના સોબતીઓ પાછળ પાછળ દાખલ થયા. મરચન્ટ, ઝાંઝ ચઢી જવાથી એક બાજુએ તે સગડી અને બીજી બાજુએ તે મંડળીની વચમાં દાખલ થયો, અને તરતજ લાત મારીને ટેબલ (મેજ) ને ગગડાવી પાડી. ટંટાનું બી રોપાયું; બેઉ બાજુએ તરવારો ખેંચાઇ, અને મી૦ જેમ્સ સીન્કલેર નામનો એક ગૃહસ્થ માર્યો ગયો. એક દાસીએ તેને પકડી રાખ્યો હતો તેને ઘાયલ કરીને સેવેજ પણ મરચન્ટની સાથે, જેમ તેમ કરીને ઘરની બહાર નીકળ્યો પણ દેહેશત લાગવાથી તેમજ ગભરાઇ જવાથી, ઉભા રહેવું કે નાશી જવું, તે મન સાથે નક્કી નહી થઇ શકવાથી, તેઓને સામા પક્ષવાળામાંના એક, સિપાઇઓની મદદથી, પાછળના ચોગાનમાં પકડીને લઇ ગયો. તે રાત્રેં તેઓને પરેજ કરીને પેહેરામાં રાખવામાં આવ્યા હતા, સવારે ત્રણ ન્યાયાધીશો આગળ તેમને ખડા કર્યા, તેમણે તેઓને ગેટહાઉસ (પોલીસ પેહેરા) માં મોકલ્યા અને સીન્કલેર તેજ દિવસે મરી જવાથી, રાતના ગેટ હાઉસમાંથી, ન્યુગેટના કેદખાનામાં ખસેડવામાં આવ્યા હતા. અહીંઆં, તેઓની આબરૂ જળવાઈ હતી; હાથકડી ઘાલવામાં આવી નહોતી, તેમજ બીજા સાધારણ

ગુન્હેગારોની સાથે નહી પણ [1]પ્રીઝનયાર્ડમાં તેમને કેદ રાખવામાં આવ્યા હતા.

જે દિવસે ગુન્હાની ચોકશીનું કામ સરૂં થયું, તે દિવસે કોરટનું મકાન ચીકાર ભરાઇ ગયું હતું, અને જાણે સામાન્ય અગત્યની વાત હોયની તેમ એ કામમાં લોકો સામેલ થયા. સેવેજ અને તેના દોસ્તદારો વિરૂદ્ધ સાક્ષીઓમાં, એક તો તે કોફી હાઉસ જે નઠારી કીર્ત્તી નું હતું તે ચલાવનારી સ્ત્રી; તેની ચાકરડી, મી૦ સીન્કલેરની સાથે તે ઓરડામાં જે મરદો હતા તે, અને શેહેરમાંની એક નઠારી ચાલની અને પીધેલ બાયડી, એટલાં જણ હતાં. તેઓએ બધાએ સોગન ખાઇને કહ્યું કે મરચન્ટે છેડતી કરી અને સેવેજ અને ગ્રેગરીએ વાજબીપણું બતવાવાને તલવારો ખેંચી. સેવેજે પેહેલી ખેંચી અને સીન્કલેર પોતાનો બચાવ નહિં કરી શકે એવી અંગ સ્થિતિમાં હતો છતાં, સેવેજે તેના ઉપર ઘા કર્યો, ગ્રેગરીએ તો પોતાની તલવાર વશ રાખી, સેવેજે હડસેલો માર્યા પછી તે ઝંખવાણો પડયો અને બેસી રહ્યો હોત પણ પેલી ચાકરડી એને વળગી પડી અને તેમાંના એકે એને પકડી રાખવાનો યત્ન કર્યો, તેમના હાથમાંથી એ (સેવેજ) ચાકરડીના માથા ઉપર ઘા કરીને નાઠો, પણ તરતજ તેને પકડીને કોરટમાં લઇ ગયા. તેઓની જુબાનીમાં થોડો થોડો ફરક હતો. એકે કહ્યું કે સેવેજને ઘા કરતાં મેં જોયો નથી;

---

૧ પ્રીઝનયાર્ડ—કેદખાનાનો વાડો

બીજાએ કહ્યું કે, સીન્કલેરની તલવારની અણી જમીન તરફ હતી ત્યારે સેવેજને તલવાર મારતા જોયો, અને પેલી શેહેરમાંની સ્ત્રીએ કહ્યું કે સીન્કલેરની પાસે તો તલવાર હતીજ નહી, એમ છતાં આ તફાવત પરસ્પર વિરૂદ્ધ હોય એમ લાગતું નહોતું. પણ એટલું તો ચોક-સ જણાતું હતું કે તે ટંટો એટલો બધો ઝડપથી થયો કે, અમુક બીનાની બાબતમાં સાચું શું તે જલદી શોધી કઢાય નહિ, અને તેટલા માટે એ જુબાનીઓને વજન આપતાં કંઇ બાદ કરવું પડે.

સીન્કલેરે પોતાના મોત અગાઉ ઘણી વખત જાહેર રીતે કહ્યું હતું કે સેવેજે ઘા કર્યો હતો; અને વળી સેવે-જે ચોકશી વખતે આ હકીકતનો ઈનિકાર કર્યો નહિં, પણ પોતાએ કરેલો ગુન્હો કેટલેક ભાગે ઓછો કર-વાનો પ્રયત્ન કર્યો. તેણે આગ્રહથી કહ્યું કે આ સઘળું કાર્ય એકાએક થયું, તે ઉપર તથા તે કરવામાં કંઇ બદ ઈરાદો નહતો એ ઉપર, તથા આગળથી વિચાર કરી દ્વેષ બુદ્ધિથી એ કાર્ય કર્યું નહતું, એ બાબતો ઉપર વિચાર કરવો જોઇએ; અને વળી કેટલેક ભાગે ગુંન્હામાંથી બચી જવાને તેણે કહ્યું કે મારો બચાવ કર-વાને તે કાર્ય કરવું ઘટિત હતું, જો હડસેલો મારવાની તક ખોઈ હોત તો મારી જીંદગી જોખમમાં આવી પડ-ત. તેણે કહ્યું કે માથા ઉપર જખમ આવી પડે ત્યાં સુધી રાહ જોવાને કોઇ પણ માણસ કાયદાથી તેમજ અક્કલથી બંધાએલો નથી. કારણ એ જખમ જો પડે, તો તે પાછો વાળી શકેજ નહિ; હુમલો અટકાવવો,

અને સામાવાળો જીંદગી જોખમમાં નાંખે,તે પેહેલાં પોતાની જીંદગીનો બચાવ કરવો એ વાસ્તવિક કહેવાય. જબરાઇથી નાશી જવાનું યત્ન કર્યું તે બાબત તેણે કહ્યું કે ઈન્સાફથી નાશી જવાનો અથવા ચોકશી કરવા ના કહેવાનો મારો ઈરાદો ન હતો; પણ કેદખાનાની સખતાઇ અને ખરચમાંથી બચવાનો મારો વિચાર હતો.

સેવેજે પોતાનો બચાવ એક કલાક સુધી કર્યો તે કોર્ટમાં એકઠા થએલા લોકોએ ઘણા ધ્યાનથી અને ચુપકીથી સાભળ્યો. જેઓ એમ ધારતા હતા કે એને નિર્દોષ ઠરાવવો નહી જોઇએ, તેઓએ કબુલ કર્યું કે એ વખાણવા યોગ્ય પુરૂષ છે અને જેઓ પેહેલાં એના દુ:ખને માટે દયા લાવતા, તેઓ એની હુશિઆરીને માટે માન આપવા લાગ્યા. જે સાક્ષીઓ એના વિરૂદ્ધ હાજર થયા હતા, તેઓની ચાલચલગત એવી હતી કે તેઓનું કંઇ વજન પડે નહી; એક તો સાધારણ કિસબણ, કિસબણોને રાખનારી, અને તેઓનું ગુજરાન ચલાવતો હતો તે એક મરદ, ત્યારે સેવેજની ચાલ ચલગત માટે કેટલાક આબરૂદાર ગૃહસ્થોએ કહ્યું કે તે શરમાળ અને નિરપકારી છે, કજીઆખોર કે ઉદ્ધત નથી. તેના શ્રોતાજન જો તેના ન્યાયાધીશો હોત, તો તેને નિર્દોષ ઠરાવી છોડી મુકત; પણ તે વખતનો કામ કરનાર ન્યાયાધીશ જેનું નામ પેજ હતું, તેણે ઘણી સખ્તાઇ તથા ઉદ્ધતાઇ વાપરી બધો પુરાવો એકઠો કર્યા પછી, તેણે જયુરી ગુસ્સે થાય એવો યત્ન કર્યો, સેવેજ આનું વર્ણન છટાદાર અલંકાર યુક્ત ભાષણથી નિચે મુજબ કરતો.

"જયુરીના ગૃહસ્થો,

તમારે વિચારમાં લેવાનું છે કે મી૦ સેવેજ ઘણો મોટો માણસ છે, તમારા કે મારા કરતાં પણ મોટો છે; તે ઘણા સુંદર કપડાં પેહેરે છે, તમે કે હું પેહેરૂં તેના કરતાં પણ સારાં, જયુરીના ગૃહસ્થો; તેના ખીસ્સામાં પુષ્કળ પૈસા છે, તમારા કે મારા કરતાં પણ વધારે, [1]જયુરીના ગૃહસ્થો; પણ તેટલા માટે, જયુરીના ગૃહસ્થો, શું સેવેજે તમારૂં કે મારૂં ખુન કરવું જોઇએ ?"

પોતાનો બચાવ આવી ખોટી રીતે સમજાવવાથી અને જે ગૃહસ્થોને હાથ એના મુકર્દમાનો નિકાલ થવાનો હતો, તેઓને ઈર્ષા ઉત્પન્ન થાય એવા મુકાબલા કરી ઉસ્કેરવાથી, સેવેજે કહ્યું કે, મારા કામની હકીકત નિખાલસ દિલથી સમજાવવામાં આવી નથી; અને પોતાની સ્થિતિની બાબતમાં પોતે પેહેલાં જે કહ્યું હતું તે ફરી કહી બતાવ્યું; પણ ન્યાયાધીશે તેને બોલતાં બંધ થવાનું ફરી ફરીને કહ્યું, પણ નિષ્ફળ જવાથી, તેને જબરજસ્તીથી કોર્ટની બાહાર કહાડવાનો હુકમ કર્યો.

પછી જયુરીએ ન્યાયાધીશનો નિચે મુજબનો અભિપ્રાય સાંભળ્યો:—

" સાક્ષાત પૂરાવા વિરૂદ્ધ સારી ચાલચલકતને વજન અપાતું નથી; ને શક પડતો પુરાવો હોય તો, સારી ચાલચલકતનો લાભ અપાય. જ્યારે બે માણસો એક બીજાના ઉપર હુમલો કરે, અને તેમાં કોઇનું

---

૧ પંચ

મરણ થાય તો તે મનુષ્યવધ કહેવાય; પણ આ મુકદ્દમાની પેઠે જેમાં કોઇ અગ્રેસર હોય ને બીજાને મારી નાંખે, તો કાયદો તે કૃત્ય ... તેવું આકસ્મિક હોય, તોપણ તેને દ્વેષ ભાવનું માની લે છે. "

પછી જ્યુરીએ વિચાર કરી અભિપ્રાય આપ્યો કે; મી૦ સેવેજ અને મી૦ ગ્રેગરી 'ખુનના' ગુન્હાના તકસીરવાન છે. અને મી૦ મરચન્ટ 'ફક્ત મનુષ્ય વધનો તકશીરવાન છે.

આ સ્મરણીય ચોકસી આઠ કલાક સુધી ચાલ્યા પછી, તેનો આવી રીતે અંત આવ્યો. મી૦ સેવેજ તથા મી૦ ગ્રેગરીને પાછા કેદખાનામાં લઈ ગયા ત્યાં તેઓને ખીચોખીચ પુરવામાં આવ્યા અને દરેકને, પચાસ રતલ વજનની બેડીઓ પેહેરાવવામાં આવી. ચાર દિવસ પછી શિક્ષાને માટે તેઓને પાછા કોર્ટમાં મોકલ્યા તે પ્રસંગે મી૦ સેવેજે નીચે મુજબ ભાષણ કર્યું.

"મારા નામદાર સાહેબ, બચાવ કરવાને કે "નિશ્ચયપૂર્વક સાબીતી આપવાને હવે વખત નથી, "હમારા જેવા દુઃખદાયક સ્થિતિના માણસો ઉપર, "આપ નામદાર સાહેબો કાયદાના ફરમાન મુજબ, "શિક્ષા ફરમાવશોજ પણ હમો મન સાથે સમજીએ "છીએ કે આપ કેવળ મનુષ્ય તરીકે સકુમાર મનો- "વૃત્તિના ગ્રાહિક છો, અને હમારા જેવા દુઃખી સ્થિ- "તિના માણસો, જેને સજા કરવાને કાયદો તમને "ફરજ પાડે છે તેવા માણસો ઉપર આપ એટલી

"અધી દયા રાખો છો કે આપને કરૂણા આવ્યા
"વગર રહેશે નહિ. ખરેખર, બુદ્ધિપૂર્વક અગાઉથી
"વિચાર કરીને કરેલા ગુન્હા તથા દુર્ગુણ અને અનિ-
"તિને વશ થએલા સ્વભાવથી થએલાં ગુન્હાઓ વચ્ચે-
"નો તફાવત આપ સમજો છો. સબબ હમો આશા
"રાખીએ છીએ કે જયુરીએ જેવી દયાની લાગણી મી૦
"મરચન્ટ૦કે. જેણે (પૂરાવામાં પડેલી હકીકત મૂજબ)
"આગેવાની કરી હમને આ દુઃખમાં ઉતાર્યા છે, તેને
"બતાવી છે, તેવીજ દયા હમો પ્રત્યે આપ બતાવશો.
"આ મારા બોલવા ઉપરથી એમ નહિ સમજશો કે
"તે ગૃહસ્થને બદનામ કરવા માંગીએ છીએ, કે હમારા
"ઉપરથી બોજો ખસેડી તેના ઉપર નાંખવા માંગીએ
"છીએ, કે તે હમારા દુઃખમાં ભાગીદાર થયો નહિ
"તેથી હમો મનમાં બળીએ છીએ. નામદાર સાહેબો,
"એમ નથી. મારે પોતાને માટે તો હું જાહેરરીતે કહું
"છું કે આવા મહાન સંકટમાં સોબતી કરવો
"તેના કરતાં સોબતી સિવાય એકલા સહન કરવું એ
"હું વધારે પસંદ કરૂં છું"

[1]રાજાની રેહેમીઅત વગર, હવે સેવેજને જીવ-
વાની આશા ન હતી. તેના દોસ્તદારોએ રાજાને આ-
જીજીની સાથે રેહેમીઅતને માટે અરજ કરી; પણ
માનો કે ન માનો સેવેજની માતુશ્રીજ આ કામમાં
પણ તેની આડે આવી.

---

૧ બીજો જીઓર્જ.

[1]રાણીનો સેવેજને માટે પ્રતિકુળ વિચાર થાય એટલા સારૂ, તેણે એક આડકથા જે યોગ્ય ઠેકાણે લખવાના વિચારથી રહેવા દીધી હતી તે આડકથાનો ઉપયોગ કર્યો. તે કથા તથા જે કાર્ય માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો તે નિચે મૂજબ છે.

મી૦ સેવેજે પોતાનું કુળ શોધી કહાડયા પછી, તેને તેની મા સાથે વાતચિત કરવાની નીરંતર ઈચ્છા થતી હતી. પણ તે એને દૂર રાખતી અને પોતાના ઘરમાં પગ મુકવા દેતી નહિ. એક સાંજના, તેના રીવાજ મુજબ, જે મોહોલ્લામાં તે રહેતી હતી તે મોહોલ્લામાં તે ફરતો હતો, તેવામાં તેણે તેના મકાનનો દરવાજો અકસ્માત ઉઘાડો જોયો; તે અંદર પેઠો અને કોઈ અટકાવ કરનાર નહિ હોવાથી તેને સલામ કરવા સારૂ માળ ઉપર ચઢી ગયો. તે ઓરડામાં પેઠો તેવોજ તેણે ઓળખ્યો, કે તુરતજ તેણીએ "દોડો દોડો" એવી ભયંકર બૂમો પાડી. તેની બૂમો સાંભળીને બધા તેની પાસે આવી પોંહોચ્યા કે તરતજ હુકમ કર્યો કે "પેલો હરામખોર, જે મ્હારા ઉપર જોરથી ધસી આવ્યો, અને મારૂં ખુન કરવાનું યત્ન કર્યું, તેને ઘરની બહાર એકદમ કાઢી મૂકો." સેવેજે તેણીનો ગુસ્સો નરમ પાડવાને ઘણાએ કાલાવાલા કર્યા, પણ આવો ધિક્કારવા યોગ્ય આરોપ તેના ઉપર મુકેલો સાંભળી, તેણે ડહા-

---

૧ રાણી કેરોલાઇન, બીજા જીઓર્જની ધણીઆણી. આ બાઇ ઘણી સારી અને હુશીઆર હતી, રાજ્ય વહીવટ કરવામાં એનો ધણી બીજો જીઓર્જ એની સલાહ લેતો.

પણ વાપરી પાછા બહાર જવાનું દુરસ્ત ધાર્યું. અને મને લાગે છે કે ત્યાર પછી કોઇ દિવસ તેની સાથે બોલવાનો યત્ન કર્યો નહિ.

તેની માતુશ્રીના જુઠાણા તથા ઘાતકીપણાથી, તેને ચીતળી ચઢી છતાં તેણે ધાર્યું કે હું ફરી ફરીને આજીજી કરૂં નહિ, માટે તે આવું જૂઠું બોલી હશે. આ બીના તે મનમાં રાખી લાગ આવેથી ભવિષ્યમાં ઘાતકીપણાના હથીઆર તરીકે તેનો ઉપયોગ કરશે, અથવા તો આ બનાવટી હુમલા બદલ તેની જીંદગી લેવા તે યત્ન કરશે, એવો તો સેવેજને ખ્યાલે ન હતો. પણ જ્યારે એને માફી બક્ષવા રાણીને અરજ કરવામાં આવી અને ન્યાયાધીશે સખતાઇ વાપરેલી તે કહી બતાવી, ત્યારે તેણે જવાબ આપ્યો કે તેની ચોકશી કરવાની રીતભાત ગમે તેવી વાંધા ભરેલી હશે તો પણ, અગર તો જે કૃત્યને માટે તેને શીક્ષાપાત્ર ઠરાવ્યો તે કૃત્યમાં અપરાધ કંઇ ઓછો થાય એવાં કારણો હશે, તોપણ જે માણસ પોતાની માનું ખુન કરવાના ઇરાદાથી તેના ઘરમાં રાતની વખતે ભરાઈ ગયો હતો, તે માણસ રાજાની રેહેમીઅતને પાત્ર નથી.

આ અતિ દુષ્ટ જૂઠો આરોપ કોણે રાણીને કહ્યો; જેણે એ આરોપ શોધી કહાડયો તેણે ઉદ્ધતાઈથી કહ્યો, કે આ વાત સાચી માને એવો કોઇ નબળા મનનો માણસ મળી આવ્યો હોય તેણે કહ્યો હોય, કે કોઇ લાંચ ખાઇને આ ધિક્કારવા યોગ્ય તજવીજ

માં સામેલ થયો હોય, તેણે કહ્યો હોય તે હું જાણુતો નથી. પણ એટલું તો ચોકસ છે કે આ આરોપની સચ્ચાઈ રાણીના મનમાં ઠસાવવાની એવી મજબૂત તજવીજ થએલી કે સેવેજની જીંદગી બચાવવા સારૂ જેઓએ અરજ કરેલી તેમાંથી કોઇની હકીકત રૂબરૂ સાંભળવાની ઘણા વખત સુધી રાણીએ ના કહી હતી:

ઇન્સાફ અને દયાની ખાતર, એક મોટી પદ્ધીનો વકીલ, જેનું બોલવું સાંભળ્યા વગર ચાલેજ નહિ, અને જે એવો સદ્ગુણી કે જેનું બોલવું સાચુંજ માનવું પડે, એવો વકીલ મળી આવ્યો નહોત તો એક કુટણી, કિસબણ, અને પોતાની માતુશ્રીના પુરાવા ઉપરથી, સેવેજ ફાંસીએ ચઢયો હોત; સેવેજની યોગ્યતા અને એના દુઃખ કાઉન્ટેસ ઓફ હર્ટફર્ડને કાને ગયાં. આ બાઇ સેવેજનું દુઃખ હૈડે ધરી, કૃપા અને ઉલટથી તેની મદદે આવી, રાણીની મુલાકાત લઇ, તેની માનાં કેટલાક ઘાતકીપણાના દાખલાઓ જાહેર કર્યા, બુદ્ધિપૂર્વક ખુન કરવાનો એના ઉપર જે આરોપ હતો, તેનું પોકળપણું ઉઘાડું પાડી બતાવ્યું, અને તેની ખાત્રી કરી આપી કે એની અગાઉની વર્તણુંક કંઇ એવી નહતી, કે તે અસાધારણ સખ્તાઇને પાત્ર થાય.

આ બાઇનું માધ્યસ્થ્ય એવું તો સફળ થયું કે સેવેજને તુરતજ જામીન ઉપર છોડયો, અને શન ૧૭૨૮ ના માર્ચ માસની ૯ મી તારીખને રોજ તેણે રાજાની માફી માગી.

શા હેતુથી સેવેજની મા કેર વર્તાવે એવી અને અશામ્ય રીતે એની પાછળ પડી, પોતાનો પુત્ર કે જેણે કંઇ ઈજા કરી ન હતી, જેની પાછળ કંઇ પૈસો ખરચવો પડયો ન હતો, જે તેના નફા કે મજાની આડે આવતો નહતો, એવા પુત્રની જીંદગી લઈ લેવાને શા કારણોથી દ્વેષ વાપરે, અને જૂઠા આરોપ મુકે ? કે જે જૂઠ કોઇ માનેજ નહિ, અને જે તપાસતાની સાથેજ ઉડી જાય એવું જૂઠ બોલીને શા કારણથી તેની જીંદગી લેવાનો યત્ન કરે, એ બાબતની શોધ કરવી સ્વાભાવિક છે. દેખીતી લાલચ વગર કોઈ કોઈવાર અતિ દુષ્ટ ગુન્હાઓ કરવામાં આવે છે, તેમ આ પ્રસંગે પણ બન્યું હોય.

આ [1]માતુશ્રી હજુ (૧૭૪૪) જીવતી છે, અને હજુ પણ જો કે તે દ્વેષ કેળવવામાં ફત્તેહમંદ થઇ નહોતી, તો પણ જે માણસને મારી નંખાવવાને યત્ન કર્યો હતો, તે માણસની જીંદગી માતુશ્રી તરીકેના તેના કર્તવ્ય કર્મથી આખરે ટુંકી થઇ હતી, એવા વિચારમાં ને વિચારમાં તે ખુશ થતી હશે; પોતાના પુત્રને દેશનિકાલ કરી શકી નહિં, કોઇની દુકાને અંધકારમાં દાટી શકી નહિં, કે સરકારી મારાના હાથ ઉઠાવી શકી નહિ, તો પણ તે માતુશ્રી હજી સેવેજને અહોનિશ દુઃખમાં પડેલો જોઇને અને તેનું મૃત્યુ જલદી થાય એવી તંગીમાં આવી પડેલો જોઇને રાજી થતી હતી.

---

[1] સન ૧૭૫૩ના અકટોબર મહીનાની તા૦ ૧૧ મીએ એ બાઇ આશરે ૮૦ વર્ષની ઉમરે ગુજરી ગઇ

કાઉન્ટેસ ઑફ હર્ટફોર્ડની વર્ત્તણુંક સાથે આ બાઈ (સેવેજની મા) ની વર્ત્તણુંકનો મુકાબલો કરતાં તેનું બેહુદાપણું એટલું તો ઉઘાડું દેખાઇ આવે છે કે તેમાં મીઠું મરચું ભેળીને વર્ણન કરવાની જરૂર રહેતી નથી. કોઇને દુઃખ દેવા કરતાં દુઃખમાંથી છોડવવો એ, અને કોઈ નિરઅપરાધીનો વિના કારણે નાશ કરાવવાને બદલે તેને મોતના પંજામાંથી છોડવવો એ, ભલાં કૃત્ય કહેવાય, એમ કોઈ પણ કહ્યા વગર રહેશે નહિ.

મી૦ સેવેજ કેદખાનામાં, ચોકશી દરમ્યાન, તેમજ મોતની શિક્ષા માથા ઉપર લટકતી હતી તે દરમ્યાન સ્વસ્થતા તથા દ્રઢતાથી વર્ત્યો હતો; અને એની હોશીઆરીને માટે જે વખાણ થતાં હતાં, તે વખાણને પોતાની સહન શક્તિએ પુષ્ટી આપી. એની જીંદગીનો ટુંકો હેવાલ તેવામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો, તે ઉપરથી તેની વિલક્ષણ સ્થિતિ સામાન્ય રીતે જાહેરમાં આવી હતી. એ હેવાલની હજારો પ્રત એક અઠવાડીઆમાં આખી પ્રજામાં ફેલાઈ ગઈ હતી, અને એના લાભમાં મનુષ્ય જાતની દયાની લાગણી એટલી તો મજબૂત જણાઈ આવી કે એના ઉપર વારંવાર એટલી બધી ભેટો આવતી કે તેથી પોતાનું ગુજરાન ચલાવતો, અને મી૦ ગ્રેગરીને કેદખાનામાં મદદ પણ કરતો. જ્યારે સેવેજને માફી મળી અને તેને કેદખાનામાંથી છોડી મૂકવામાં આવ્યો, ત્યારે એના દોસ્તદારોની સંખ્યા કંઈ કમી થયલી જણાઈ નહોતી.

જે કૃત્યને માટે ચોકશી કરવામાં આવી હતી તેનું સ્વરૂપજ સંદિગ્ધ હતું. જે પૂરાવો એના વિરૂદ્ધ પડયો હતો, તેમાં તે મરદની ચાલચલગત વાંધા ભરેલી હતી, તે બાયડીની મશહુર રીતે લજ્જાસ્પદ હતી. જયુરીએ જે બાઇની જુબાની ઉપર ખાસ વજન આપીને સેવેજને ગુન્હેગાર ઠરાવ્યો હતો, તે બાઇએ પાછળથી પોતાનો એકરાર પાછો ખેંચી લીધો હતો. સાધારણ રીતે એમ કહેવામાં આવે છે કે તે છાકટો થએલો હતો, પણ તેની તો તે પોતેજ ના કહે છે. મી૦ ગ્રેગરી જે શન ૧૭૪૪માં [1]એન્ટીગાનો કલેકટર હતો, તેણે જાહેર કર્યું હતું કે સેવેજ તકસીરવાન નહતો; અને પેજે પણ પાછળથી એકરાર કર્યો હતો કે તેણે સેવેજ પ્રત્યે અસાધારણ સખ્તાઇ વાપરી હતી. આ બધી હકીકતો સામટી વિચારમાં લઈ તુલના કરીએ તો આ ચોકશીથી સેવેજની યાદગીરીને કંઈ વધારે દૂષણ લાગવા જેવું નથી. તે કેદખાનામાંથી છૂટો થવા પછી કેટલેક દિવસે જે બાયડીએ એના વિરૂદ્ધ કટ્ટા દ્વેષભાવથી જુબાની આપી હતી, તે સેવેજને એક મોહોલ્લામાં મળી. તેણે, હું દુઃખમાં છું એમ કહી, મદદ મળશે એવા દ્રઢ વિશ્વાસથી, મદદ માગી. સેવેજે તેનું અપમાન કરવાને બદલે, અને જે બાઇએ તેની જીંદગી જોખમમાં નાંખી હતી તેનું દુઃખ જોઈ ખુશી થવાને બદલે, જૂઠા કસમના ગુન્હા માટે તેને નરમાશથી

---

[1] વેસ્ટ ઇંડીયા ટાપુઓ માંહેલો એક ટાપુ.

ઠપકો આપ્યો, અને પોતાની પાસે ફક્ત એક [1]ગીની હતો તેટલો વટાવી નીમે ભાગે પૈસા પોતે રાખી નીમે ભાગે તે બાઇને આપી દીધા. આ કૃત્ય એવું હતું કે, કોઈ કાળમાં તે સાધુ તરીકે મનાયો હોત, અને કોઇ કાળમાં વીર પૂરૂષ ગણાયો હોત. અતિશયોક્તિના વખાણ ન કરતાં એટલું કહેવું બસ છે કે આ કૃત્ય એક અસાધારણ ઉદારતાનો, અને સંયુક્ત સદ્ગુણનો દાખલો હતો.

આ સદગુણથી તે એકદમ ગરીબનું દુઃખ ટાળતો, દુરાચારીને સુધારતો, અને દુશ્મનને માફ કરતો, ગુસ્સો દબાવી દેતો અને પ્રેમથી સખાવત કરતો.

કોઇના દુઃખની દાઝ જાણવી એ સેવેજનામાં એક વિશેષ ગુણ હતો; નબળાઇનો લાભ લેતો નહિ; આશ્રય વિનાના ઉપર તે હુમલો કરતો નહિ; અગર તો પડતા ઉપર પાટુ મારતો નહિ; દુઃખી માણસોને માટે, પછી તે ગમે તે હોય, તે સારી લાગણી ધરાવતો; અને જ્યારે દુઃખમાંથી બહાર કહાડવાને કોઇને મદદ કરી શકતો નહિ ત્યારે તે દયાની લાગણી અને દાઝથી તેમને દીલાસો આપવાનો યત્ન કરતો. પણ જ્યારે અતિ દુઃખી માણુશ જોઇને એનું અંતઃકરણ પીગળતું નહિ, ત્યારે ગુસ્સામાં ને ગુસ્સામાં રહેતો, અને કંઈ નુકસાન કરેલું હોય, તે ભૂલતો નહિ. પેજના પક્ષપાતીપણા તથા ઉદ્ધતાઇને માટે તે હમેશાં ગુસ્સાથી બોલતો. અને તેના મૃત્યુ પેહેલાં થોડા વખત આગાઉ તેના ઉપર સેટાયર (નિન્દાત્મક કવિતા) લખી વેર લીધું.

---

[1] સોનાની ગેણી હાલમાં એની કીંમત, રૂ. ૧૫ છે.

આ આફતમાંથી છૂટયા પછી, અને પોતાની વર્તણુંક અજવાળામાં લાવવાને કાવાદાવા વાપરવાની જરૂર ન હતી, ત્યારે સેવેજ આ જીવસાટાના આરોપને માટે કેવી રીતે બોલતો તેની તપાસ કરવી એ સ્વાભાવિક છે. આ બાબત તે વધારે ટાહેલું કરતો નહિ, અને કોઈ ક્ષણે બોલતો તો, પોતે ખુની હતો એમ કે છેક નિરપરાધી હતો એમ પણ માનતો નહિ. ઘણા વર્ષ પછી તેણે એક કવિતા છપાવી પ્રસિદ્ધ કરી હતી તે ઉપરથી તેણે કેટલો બધો, અને કેટલા વખત સુધી, આ બનાવને માટે પશ્ચાતાપ કર્યો હતો તે જણાઇ આવે છે. એક ગ્રંથકર્તાએ સારા માણસની ભૂલોનું વર્ણન કવિતા રૂપે ગાતાં, એમ ગાયું છે કે "શ્રેષ્ટ માણસ પણ કોઇ વાર સદગુણનો માર્ગ મૂકી આડે માર્ગે જાય," અને આ લખાણની પુષ્ટી માટે દારૂ પી, સેવેજે ખુન કરેલાનો દાખલો આપે છે. આ સંબંધમાં સેવેજ કહે છે કે જે માણસ છાકટો થઈ જાય, અને મસ્તીમાં ગળાં કાપે તેને શ્રેષ્ટ માણસ કેમ કહેવાય ?

હવે તે ખરેખર સ્વતંત્ર થયો હતો; પણ અગાઉની માફક, કોઇની આકસ્મિક મેહેરબાનીથી કે કોઇના અનિશ્ચિત આશ્રયથી, કાંઈ મળતું તે સિવાય ગુજરાન ચલાવવાનું કાંઇ સાધન તેની પાસે ન હતું. આ સાધનો એવાં હતાં કે કોઈવાર ખાઇપીને મઝા કરતો, તો કોઈવાર એમના એમ રહેવું પડતું. આખી જીંદગી તંગીમાં ને લીલા લહેરમાં કહાડી અગર એથી પણ

ખરાબ કહીએ તો ચાલે કે એણે આખી જીંદગી દરિદ્રાવસ્થા અને ઉડાઉપણામાં કહાડી. કારણ જે કંઈ મળતું તે નસીબે મળી આવતું, તે એક વખતે મળે અને બીજી વખતે પણ મળે, એવા વિચારથી જે હાથમાં હોય તે બધું ખરચી નાંખતો. કારણ કે તે જાણતો કે વળી કોઇ દાતાર જાગશે. એના ઉડાઉપણાનું એક બીજું કારણ હતું. એના દોસ્તદારો એની હોશીઆરીનો લાભ લઈ મજા કરવા કોઈ વીસીમાં લઈ જતા, અને ત્યાં ખાણીપીણી આપીને તેની હોશીઆરીનો બદલો વાળતા; આ એક બેવકુફી ભરેલી મેહેરબાની કહેવાય; કારણ સેવેજને આથી જે મઝા મારવાને પૈસા જોઇએ તે પાસે નહિ છતાં તેવી મઝા મારવાની ટેવ પડી, તે એટલે સુધી કે એક રાત્રીની મોજ મઝા સારૂ એક અઠવાડિયા સુધી ભૂખે અને ટહાડે મરતો.

આવી રીતની સ્થિતિ હોવાથી કંઈ જાથુનો આવક કરવાનો તેણે નિશ્ચય કર્યો; આજીજી અને નમ્રપણું નિષ્ફળ નિવડવાથી, ઉગ્ર ઇલાજોથી તેની માતા પાસેથી કાંઈ અમુક રકમ જાથુને માટે કહડાવવાને તેણે યત્ન કર્યું. પોતાની માતા પત્યેની દાઝ, તેનું ઉપરાચાપરી ઘાતકીપણું છતાં, દબાઈ ગઈ નહતી, તે હવે તદન જતી રહી. લોહીની તરસી, કટ્ટો દ્વેષી દુશ્મન તેને એ ગણવા લાગ્યો. તેટલા માટે જો તે પેન્શન (બેઠાં પગાર) નહિ આપે તો નિન્દા લેખથી તથા તેણીની વર્તણુંકની પુંરે પુરી કથા પ્રસિદ્ધ કરીને તેને હેરાન કરવાનો ભય બતાવ્યો.

આ યુક્તિ ફત્તેહમંદ નીવડી. સદગુણનો નાશ થએલો છતાં બેઆબરૂ થવાની શરમને લીધે કે પછી તેના સગાએ રખેને તેના ઉપરના નિન્દા લેખના ભાલા, તેમના ઉપર આડકતરી રીતે આવી પડે, એવી બ્હીકથી સેવેજની માંગણી કબુલ રાખી.

પોતાની માનું ઘાતકીપણું ઉઘાડું કરવાની યોજના પડતી મુકવાનું સેવેજે વચન આપવાથી, લોર્ડ 'ટીરકોનલે,* પછી તેના ગમે તે હેતુઓ હોય, એને પોતાના કુટુંબમાં દાખલ કર્યો, પોતાનો બરોબરીઓ ગણ્યો, અને દરવરસે બસોં પાઉન્ડ પેન્શન આપવાનું કબુલ કર્યું. સેવેજની જીંદગીનો આ અતિ ઉત્તમ વખત હતો. અને કેટલાક વખત સુધી આજીવિકા ચલાવવામાં રોદણાં રોવાનું કારણ નહતું, તેનો દેખાવ ભભકાદાર, તેનો ખરચ ભારે, અને તેની ઓળખાણ બાહોળી હતી. જેઓ બુદ્ધિશાળી પુરૂષોમાં ખપવા માંગતા તેઓ એની કૃપા મેળવવાને પ્રયત્ન કરતા અને, જેઓ સુદ્ધ રસજ્ઞતાવાળા માણસોમાં ગણાતા હતા તેઓ એના ઉપર પ્રિતિ બતલાવતા. સેવેજના વખાણ કરવાં એ તીવ્ર બુદ્ધિની પરીક્ષા હતી, અને તેની ઓળખ એ કવિત્વ શક્તિને માટે સાબિતી ગણાતી. સાર્વજનીક ગમતોની બેઠકો માત્ર એની હાજરીથીજ લોકપ્રિય થઇ પડતી; એની પસંદગી અને એનું ઉદાહરણ એ (ફેશન) રિવાજ

---

*લેડી મેકલીસ ફીલ્ડના ભાઇનો દીકરો.

ગણાતો. બુદ્ધિ જ્યારે દોલતના તેજથી શણગારેલી હોય છે ત્યારે તેનું કેટલું પ્રબળ!!! માણસો, જે માન ગુણને આપવું જોઇએ, તે તેઓ ખુશીથી દોલતને આપે છે, અને જ્યારે તેઓના મિથ્યાભિમાનને એકદમ સંતુષ્ટ કરવાની, તથા પોતાની ફરજ બજાવવાની તક મળે છે, ત્યારે તેઓ ખુશ થાય છે:

આ આબાદાનીના વખતમાં જીંદગીની ઊંચામાં ઊંચી પાયરીથી તે છેક નીચામાં નીચી પાયરીનું ચિંતન કરી મનુષ્ય જાત સંબંધી પોતાના જ્ઞાનમાં વધારો કરવાને સેવેજને તક મળી હતી. અને પછીથી જો તે કરૂણારસ કવિતા રચવામાં મંડયો રહ્યો હોત તો તેનાથી ચઢીયાતા થોડાજ મળી આવત; કારણ, જે જે દેખાવો એની આંખ આગળ આવતા તેનું અવલોકન કરતો, તેથી વિષયસહ મનોવૃત્તિના જુદા જુદા સંયોગ, તથા સદગુણ દુર્ગુણના અસંખ્ય મિશ્રણ, જેણે કરીને માણસોની પરીક્ષા થાય, તે તેણે મનમાં ભરી રાખ્યા હતા, એની સમજશક્તિ મજબુત હોવાથી તેના ઉચ્ચારણની ઢબ શુદ્ધ હતી; પદાર્થો ઉપરથી એના મનમાં ઝટ છાપ બેસતી અને તે છાપ બીજાઓના મન ઉપર અસરકારક રીતે બેસાડતો. એણે રચેલો “ગ્રંથકર્ત્તા ભાડે આપવાનો છે” એ નામનો નાનો સરખો ગ્રંથ, જીંદગીના ચોકસ અવલોકનની એક સાબિતી, સેવેજ પોતાની પાછળ મુકી ગયો છે; એ મોટામાં મોટા માણસોને પણ જેબ આપે એવો છે.

આ ગ્રંથમાં એક ઈસકેરીયટ હેકની નામના ભાડુતી લખનાર, તેના જન્મનો, તેની કેળવણીનો, તેના સ્વભાવનો, અને તેની નિતિનો, તેની ટેવનો, અને વર્તણુંક સંબંધી સૂત્રોનો હેવાલ આપી ઓળખ કરાવે છે. તેના ઉપોદ્ઘાતમાં તે વખતના નાના લેખકોની ગુપ્ત વાતો વર્ણવેલી છે. પણ તેમાં કોઈ કોઇ ઠેકાણે, તેઓનાં કુંળ, તેઓની સ્થિતિ, અગર તેઓના સગા વહાલાની સ્થિતિ ઉપર નીચ દોષ મૂકેલા છે; કેટલાક વાકયો તો એવા છે કે તે ઈસકેરીયટ હેકનીએજ લખેલા હોય. સેવેજ જેઓની નીન્દા કરતો તેઓની સાથે ઉપર ઉપરથી દોસતી દેખાડતો એવો તેના ઉપર આરોપ છે, તેઓના દુષણો સોધી કહાડી તેને ઉઘાડા કરવાને, તેઓના વિશ્વાસનો ઉપયોગ કરતો એવો પણ તેના ઉપર આરોપ છે. એ તો કબુલ કરવું જોઇએ કે, સેવેજ વખાણ કરતો તેનું નિશ્ચિતપણું કંઇ સમજવું નહિ: જેની એક વખતે નિંદા કરી હોય તેની બીજે પ્રસંગે વખાણ પણ કરતો.

તકરાર દાખલ એમ કહેવાય કે એકનો એક માણસ પોતાના બીજ-રૂપ વિચારો બદલવાને મુખત્યાર છે; અને જેની એક વખત વાસ્તવિક રીતે પ્રશંશા કીધી હોય.તેની પાછળથી ન્યાયની રૂએ નિંદા પણ કરે, અથવા એમ પણ હોય કે, આ કવિ સદગુણના દેખાવથી જંખવાણો પડી ગયો હોય, અને જે માણસની તેણે સ્તુતિ કરેલી તે માણસની બારીકીથી તપાસ કરવાની તક મળવાંથી, તે ઉતાવળથી કરેલી સ્તુતિને પાત્ર નહતો, એમ

પણ તેને લાગ્યું હોય; રખેને સદગુણ અને દુર્ગુણ વચ્ચેનો તફાવત જતો રહે, રખેને ખરાબ માણસનો તેના વખાણ કરનારના બોલ ઉપરથી ભરોસો કરવામાં આવે, અગર રખેને બીજાઓ પણ તેવીજ સ્તુતિઓ એવાજ ઉપાયોથી મેળવવાનો યત્ન કરે, માટે જેમ ખોટો નિંદા લેખ પાછો ખેંચી લેવો જોઇએ, તેમજ ખોટી પ્રશંશા પણ પાછી ખેંચી લેવી જોઇએ. આ કારણો જો કે સત્ય-ભાષાત્મક લાગે અને કોઇ કોઇ વાર વ્યાજબી પણ હોય, તો પણ તેઓ મનુષ્ય જાતને ભાગ્યેજ સંતોષકારક લાગે; અને જે લેખક પોતાના વિષયને ચુસ્ત રીતે વળગી રહેતો નથી, તે મન ઉપરથી ઉતરી જાય છે, તેના નિંદા લેખની અસર થતી નથી, અને તેની પ્રશંશાની કીમત ઉડી જાય છે. તેને એક વખત ખુશામતીઓ કહેવામાં આવે છે; તો બીજીવખતે જૂઠો આરોપ મૂકનાર ગણવામાં આવે છે. આવા આરોપો દૂર રાખવાને માટે સદગુણના નિયમોને અનુસરીને ચાલવું, અને સાચવટને વળગી રહેવું એ જરૂરનું છે. કારણ, બેશક, એમ પણ બને કે માણસ ગમે તેવો સાવધ છતાં સદ-ગુણના પેચી દેખાવથી, અગર તો ગુન્હાના ખોટા પુરાવાથી કોઈ કોઈ વાર છેતરાઈ જાય, પણ એવી ભૂલો વારંવાર થવા પામે નહિ, અને એ પણ કબુલ રાખવું જોઇએ કે, જે માણસ પોતે જે ધારતો હોય તેજ ખરેખરૂં જણાવે, અથવા તો પોતે છેતરાએલો હોય તે સિવાય, બીજાને આડે રસ્તે દોરવે નહિ તો;

ગ્રંથકાર તરીકે તેનું નામ ધિક્કારને પાત્ર કદી થાય નહિ.

ગ્રંથ કર્તા ભાડે આપવાનો છે એ નામનો ગ્રંથ પ્રથમ તો એક જૂદાજ ચોપાંનીયામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો; અને પાછળથી [૧]"ડનસીઅડ" નામના ગ્રંથમાં એ ગ્રંથ પણ દાખલ કરવામાં આવ્યો હતો; આ ગ્રંથ અર્લ ઓફ મીડલસેક્ષને અર્પણ કર્યો હતો. અર્પણપત્રિકા સેવેજે લખી નહતી, પણ તે ઉપર એને સહી કરવી પડી હતી. તેમાં કેટલાંક પૂર્વ પક્ષ (જેને આધારે વાદ ચલાવવો છે તે વાતો) એવાં છે કે ખરો ગ્રંથ ક-ર્તા પોતાના નાંમ સહીત પ્રસીદ્ધ કરે નહિ; અને આવી હકીકત હોવાથી સેવેજને પણ પાછળથી ઠીક લાગ્યું નહતું. જે માણસોએ પોતાના લખાણોમાં ઉંચ નીચનું પરસ્પર યોગ્ય માન રાખ્યું નહતું અને જેઓએ તેઓનાથી, વડીલો પાર્જીત પદવીને લીધે અને રાજ્યમાં મોટા હોદા ઉપર કામે લાગેલા હોવાને લીધે ચઢીયાતા હતા, તેમની નિંદા કરી હતી તેવા માણસો, અંકુશ વગરની છાપવાની છુટના ખરાબ પરિણામોની ગણત્રી કરે તે અને ચોખ્ખું એમ કહે કે "ચોપનીઆ લખનારાઓએ તેમના ઉપરી પ્રત્યે લીધેલી છુટ બેહદ અને ગેરવાજબી હતી"——આ લખવું તેઓને શોભે એવું નહતુ; પરંતુ "આપણી તે લાપસી, અને પરાઇ તે કુંસકી" આ કહેવત ખરી પડે છે.

---

૧ એ શબ્દ ડન્સ ઉપરથી નીકળેલો છે. ડન્સ એટલે મહા-જડ બુદ્ધિનો માણસ. મહાજડ બુદ્ધિના લેખકો ઉપર આ નિંદાત્મક કવિતાનો ગ્રંથ સેવેજના મિત્ર મી૦ પોપે રચ્યો હતો. શન ૧૭૨૮.

દરેક માણુસ પોતાનોજ પક્ષપાત કરે તેનું આ એક દ્રષ્ટાંત છે. બીજાઓની વિરૂદ્ધ લખવું હોય ત્યારે છાપવાની છૂટ એ એક મોટું સુખ-સાધન ગણવામાં આવે; અને જ્યારે આપણા ઉપર હુમલો કરનારાઓ જથાબંધ નીકળી આવે ત્યારે તેને દુઃખરૂપ ગણવામાં આવે. જેમ રાજ્ય સત્તાના વગ વસીલાને લીધે જેઓને સહન કરવું પડે તેને રાજ્યની સત્તા બહુ ભારે લાગે, અને જેના લાભમાં ઉતરે તેને બહુ ઓછી માલમ પડે; કાયમ લશ્કરની જરૂર છે એમ તે લશ્કરનો સરદાર કૈહે, અને જેઓ તેનો પગાર આપે છે, તેઓ એ લશ્કરને ભયંકર ને જુલમી કેહે.

૧"બેથોસ" નામના ગ્રંથમાં દરેક જાતના પાપિષ્ટ કવિઓની આગળ જે અક્ષરો હતા તે ગમે તેમ, કાંઈ પણ ધોરણ વગર મુકેલા હતા, એમ કહેવાને એને આજ્ઞા થએલી હતી છતાં સેવેજ, એ અક્ષરો ગમે તેમ

---

૧ "Bathos or the art of sinking in poetry" એ નામનો ગ્રંથ સેવેજના મિત્ર પોપે રચેલો હતો. એમાં ખરાબ, પાપિષ્ટ' કવિઓના નામને બદલે, અક્ષરોની સંજ્ઞા વાપરી હતી. આ કવિઓ, તે સંજ્ઞા કોને કોને માટે છે તે સમજી ઘણા ગુસ્સે થયા; અને વર્તમાન પત્ર મારફતે ગમે તેવી નીચ ગાળો ભાંડવા લાગ્યા. ત્યારે આ પાપિષ્ટ કવિઓને મનુષ્ય જાતના સામાન્ય દુશ્મનો ગણી ઉઘાડા પાડવાનો ઠરાવ કરી "ડનશીઅડ" નામનો નિંદાત્મક ગ્રંથ મી૦ પોપે બહાર પાડયો હતો. આ ગ્રંથ સર રોબર્ટ ઉવાલપોલની મારફત, રાજા તથા 'રાણીને પ્રથમજ ભેટ કરવામાં આવ્યો હતો.

મૂકેલા હતા એમ માનતો નહતો, અને જ્યારે એક મિત્રે આવા અસંભવ સાથે પોતાનું નામ દાખલ કરવા બદલ સેવેજનો દોષ કહાડયો, ત્યારે સેવેજે કહ્યું કે "એ બાબત મેં વિચાર કર્યો ન હતો." એના મિત્રે ઉત્તર વાળ્યો કે, પોતાના વિચારથી ઉલટું લખવાના ગુન્હા કરતાં વગર વિચારે લખવું એ સેહેજ ઉતરતા દરજાનો ગુન્હો છે.

આ અર્પણપત્રિકામાં શું જૂઠું છે તે બતાવ્યા પછી, સેવેજે એ બાબતમાં શું કહ્યું તે જાહેર કરવું એ વ્યાજબી કહેવાય; તેણે કહ્યું કે "ડનસીએડ" પ્રસિદ્ધ કરવામાં જે સંયોગો આવી મળ્યા હતા તેનું બ્યાન, ગમે તેવું વિપરીત અને અશક્ય લાગે તોપણ, આબેહુબ ખરૂં હતું.

આ કવિતા પ્રસિદ્ધ કરવાથી, મી૰ પોપે જેઓના ઉપર હલ્લા કર્યા હતા તેમાંના ઘણા મી૰ સેવેજના દુશ્મન થયા. સેવેજ, પોપ સાથે એકસંપમાં ગણાતો હતો. ખાનગી ખબરો અને ગુપ્ત બનાવો, સેવેજ પોપને કહેતો એવો તેના ઉપર વહેમ જતો હતો; તેથી નિંદા લેખકના ત્રાસમાં, ચાડીયા તરીકે સેવેજની ફજેતીનો વધારો થયો. એ વાતની તો કોઇથી ના કહેવાય એમ નથી કે તે વિદ્યા સંબંધી ભારે ઢોંગ કરતો, અને કોઇ કોઈવાર બોલતો કંઇ, અને લખતો કંઈ. તેણે પોતેજ કબુલ કર્યું હતું કે મી૰ ડેનીસ સાથે ઘણી ઘરવટ હોવા છતાં તેના વિરૂદ્ધજ એક ગજેલ ગાઈ હતી.

આમ છતાં, સેવેજે આ નાના લેખકોને પત કર્યા નહિ. તેણે વિચાર્યું કે તેઓનો ઠપકો અને તિરસ્કાર વેઠવાથી, 'મી૦ પોપની દોસ્તી સેહેલથી થઇ. આ પસંદતાને માટે પસ્તાવાનું કંઇ કારણ નહતું, કારણ તેની જીંદગી પર્યંત મી૦ પોપ તેનો એક સરખો (એક ધોરણી) અને મન ઊપરથી ઊતરી નહિ જાય, એવો દોસ્ત રહ્યો.

મી૦ સેવેજે ખુલ્લી રીતે જાહેર કર્યું હતું કે, હંર-કોઇ રાજદ્વારી પક્ષથી વેગળો રહીશ; એમ છતાં આ અરસામાં, સર રોબર્ટ [1]ઉવાલપોલની પ્રશંશારૂપી કવિતા પ્રસિદ્ધ કરી. આના બદલામાં એને વીસ ગીની આપવામાં આવ્યા હતા. આ ગ્રંથની ખૂબી તરફ જોતાં તેમજ તેના મુરબ્બીની દોલત જોતાં, આ રકમ કંઇ ભારે નહતી; તો પણ એમના કરતાં ભારે દરજાના ગૃહસ્થ અને જે વિદ્યાના મુરબ્બી તરીકે પ્રખ્યાતી મેળવવાને આતુર હતા, એવા ગૃહસ્થની પાસેથી, પાછળથી જે રકમ સેવેજને મળી હતી તેના કરતાં આ રકમ વધારે હતી.

સર રોબર્ટ ઉવાલપોલની વર્તણુંકને મી૦ સેવેજ પસંદ કરતો ન હતો, અને વાતચીતમાં કોઇ કોઇ વાર તેના વિશે તીખાશથી, અને સાધારણ રીતે તિરસ્કારથી બોલતો તેથી, તેમજ મંત્રીના પક્ષથી વિરૂદ્ધ પક્ષવાળી મંડળના ન્યાયના એકરાર માટે ઊત્સુક હતો તેથી, તેમજ લોકોના હકો માટે કાળજી રાખતો તેથી, અને

[1] આ ગૃહસ્થ તે વખતે ઇંગ્લાંડનો વડો પ્રધાન હતો.

દરબારની લાંબી મુદત્ત સુધી જારૂ રહેલી ફ-તેહ માટે ભયભીત થએલો હતો તેથી લોકો એને સ્વાભાવિક રીતે પૂછતા કે જે માણુસ, તમારા અભિપ્રાય પ્રમાણે તો, સ્વતંત્રતાનો દુશ્મન અને દેશના ઉપર જુલમ કરનાર તેના વખાણ કરવામાં તમોએ શા માટે કવિતા રચી તે કહો; આ સવાલના જવાબમાં તે ચોખ્ખું કહેતો કે, તે લોર્ડ ટીરકોનલનો આશ્રિત હતો, અને લોર્ડ ટીરકોનલ મંત્રી મંડળનો નિઃશંશય અનુગામી હતો, તેની આજ્ઞા અને ધમકીને લીધે, મંત્રી મંડળના નાયકને માટે, સાચવટ જાળવી રાખી પૈસાની લેહેજત જતી કરવાને તેનામાં પુરતી હિંમત ન હોવાથી, પ્રશંશારૂપી કવિતા રચી હતી.

આ પ્રસંગે તેમજ બીજા ઘણા પ્રસંગો ઉપર, બીજાના આશ્રિત તરીકે, અને જીંદગીની શરૂઆતથી તે આખર સુધી એજ એનું નશીબ હતું, જીંદગી કહાડવાના દુઃખને માટે તે વિલાપ કરતો, કારણ હું નથી જાણતો કે લાગલાગટ ત્રણ મહિના સુધી, પોતે રહેવાનો હક ધરાવે એવું ચોકસ રેહેઠાણ, એને કોઇ દહાડો પણ હતું.

સેવેજની વર્ત્તાણુંકની પરસ્પર વિરૂદ્ધતાનું કારણ આ દુઃખી અવસ્થા હતી; બીજાઓની મરજીને વશ થઇને ચાલવું, એ એનું સ્વાભાવિક લક્ષણ નહતું, છતાં કોઈ કોઇવાર પોતાની જીદ્દ છોડી દેવાની એને

જરૂર પડતી, અને જેઓ એને આશરો આપતા, તેઓની આજ્ઞાનુસાર પોતાના વિચાર અને સદ્ગુણો સુદ્ધાં એક બાજુએ મૂકવા પડતા; તેના દુઃખો તેનાં દૂષણોના પરિણામ હતાં, તોપણ તે દયાને પાત્ર છે કારણ કે તેનાં દૂષણો, તેના દુર્ભાગ્યના પરિણામ હતાં.

તેની જીંદગીના આ લેહેરી વખતમાં (શન ૧૭૨૯) તે મોજમઝા અને પૈસાથી વીંટલાઇ ગએલો હતો, તેવામાં "ભુલું પડેલું માણશ" એ નામની નીતિની કવિતા પ્રસિદ્ધ કરી. આ કવિતાનું આલેખન નીચેની લીટીઓથી જણાઇ આવશે.

૧ ઉપયોગી જીંદગીને બાજુએ મૂકી, શાંત જીંદગી ગાળવાનું હું પસંદ કરૂં છું;

૨ સઘળી જાહેર કાળજીમાંથી, તેમજ પૈસા સંબંધી કલહમાંથી હું નાસું છું;

૩ આ ઉપરથી એમ સાબીત કરવા માગું છું કે મનુષ્ય, દુઃખના એકદમ ફાટતાં વાદળાને કારણે, સુખના ફળો ખાય છે;

૪ ગમે તેવું ભારે દુઃખને જો વિચારથી સુશોભિત કર્યું હોય તો તે દુઃખ વિચારવંત પુરૂષને શણગારે છે અને ઉત્તેજન આપે છે.

નીચેની લીટીઓથી વધારે સ્પષ્ટ આલેખન જણાઈ આવશે.

૧ દુઃખથી, આત્મા બાહાદુરીના કામો કરવા તરફ વળે છે.

૨ દુઃખથી, માણુસ શોક રહિત ધૈર્યતામાં ચઢી આતો થાય છે.

૩ ધૈર્યતામાંથી નિર્મળ અનુભવ મળી આવે છે,

૪ અને હમેશાંના રિવાજોમાંથી જ્ઞાન સંપાદન કરે છે.

૫ તેમાંથી પછી આશા બંધાય છે, આશામાંથી સહન શક્તિ, અને

૬ સહન શક્તિમાંથી, જય, કીર્તિ, એટલે જે જે વસ્તુ મેળવવાને મનુષ્ય ઇચ્છા રાખે છે, તે અને માર્યા રાખે છે તે.

આ ગ્રંથને, તે પોતે, ઘણો ઉત્તમ, ઘણી ચતુરાઇથી રચેલો માનતો હતો; અને મી૦ પોપ પાસે, એણે એ વિશે અભિપ્રાય માગ્યો, ત્યારે તેણે કહ્યું કે મેં એકવાર એ ગ્રંથ વાંચી જોયો, અને તેથી નાખુશ થયો નથી, જ્યારે બીજીવાર વાંચ્યો ત્યારે ઘણી ગમત મળી, અને ત્રીજીવાર વાંચ્યો ત્યારે હું ઘણોજ ખુશી થયો.

સામાન્ય રીતે આ ગ્રંથને માટે એવો આક્ષેપ લેવામાં આવે છે કે તેના ભાગોની વ્યવસ્થા અનિયમિત છે; તેનું આલેખન અપૂર્ણ, અને તેની રચના (ગોઠવણ). સમજાય નહિ એવી છે; તેના આભાસ ગમે તેવા સુંદર છતાં અનુક્રમ વગર એક પછી એક આવે છે, અને આખો ગ્રંથ, અકસ્માત આવી મળેલા ચળકતા સાહિત્યના એક ઢગલા રૂપ છે. આ ટીકા જગ માન્યે છે, અને એટલા માટે તે કંઇ દરજજે વ્યાજબી

છે; પણ મી૦ સેવેજનો અભિપ્રાય તો એથી ઉલટોજ હતો. તે કહેતો કે ફક્ત ભુલકણા અને મૂર્ખ માણસોજ એનો સાર સમજી શકે નહિ, આખી રચના નિયમિત હતી, અને દરેક ભાગ નિરનિરાળા હતા. તે કુદરતના ધ્યાનથી અને જીંદગી સંબંધી અવલોકનથી ભરપુર હતો. તેમાંનો ઘણો ખરો ચીતાર, તેનો પહેલો મોટો સૂત્ર "દુઃખનું પરિણામ સુખ છે" એ બતાવી આપે છે; સૂર્ય પર્વતોને બાળી નાંખે છે તે સૂર્ય ખીણોને ફળદ્રુપ બનાવે છે, ભાંગી તુટી ગએલા ખડકોમાથી ભયંકર જોશથી જે રેલના પાણી વહે છે, તેની ઊપ નદીઓ થાય છે; વાવાઝોડાંની ગર્જનાથી હવા શુદ્ધ થાય છે.

આ કવિતામાં પણ તેની માતુશ્રીના ઘાતકીપણા બાબત ઇશારો કરવાને તે ચુકયો નથી. તે ઇશારો જો કે ઘણોજ નાજુક છે, તોપણ તે ઉપરથી એના મન ઉપર કેવી છાપ બેઠેલી તે તે ઇશારો સીદ્ધ કરી આપે છે. એ તો કબુલ કરવું પડે છે કે આ કવિતા,, બીજું કંઈ નહિં તો સદગુણના વખાણ કરી તેની વૃદ્ધિ કરે છે; અને તે ધર્મની કાર્ય સિદ્ધિની બહુ મજબુત બુદ્ધિથી લખાએલી છે. પણ મારૂં કામ તો સેવેજના ગ્રંથોની ખૂબી બતાવવા કરતાં અગર તો જે ટીકા તેના ઉપર થઇ છે તે દૂર કરવા કરતાં તેનો ઇતિહાસ આપવાનું છે, અને તેટલા માટે તે માંહેલી ખાસ વાકયો જેની પ્રશંશા કરવી યોગ્ય છે તે ઉપર હું વિસ્તાર કરવા માંગતો નથી. તેની વર્ણન કરવાની શૈલીની ઉત્તમતા

હું બતાવતો નથી, તેમજ આત્મઘાતના ભયંકર ચિતાર વિશે લંબાણ કરવા ચાહતો નથી, તેમજ આ ગ્રંથના છેલ્લા પર્વમાં, જે બળવાખોરો મોતને શરણ થયા છે, તેઓના કાલ્પનિક લક્ષણો જે ટુચકાઓથી પ્રસિદ્ધ કર્યા છે, તે બતાવવા માંગતો નથી; એમ છતાં એટલું કહેવું વ્યાંજબી છે કે મી૦ સેવેજ હમેશાં એમ જાહેર રીતે કહેતો કે એમાંના પાત્રો બનાવટી છે, અને કોઇ પણ માણસ અથવા કાર્યને ઈસારો કરતા નથી.

"આવા ભારે શ્રમથી કરેલી, અને ફત્તેહમંદીથી પૂર્ણ કરેલી કવિતાથી એને ઘણો નફો થયો હશે એમ કોઈ ધારે, પણ ગુસ્સાની સાથે કહેવું પડે છે કે એ ગ્રંથ એણે દસ, અરે આઠ ગેણીને માટે વેચ્યો હતો.

કાળજીથી [1] "પ્રુફશીટો" તપાસવાં એ મી૦ સેવેજની એક વિલક્ષણતા હતી. તે પોતાનું લખેલું વારંવાર બદલતો, ફરીને તપાસી જોતો, પેહેલું લખાણ અથવા વિરામ ચિન્હને મંજુર રાખતો, અને વળી પાછું ફેરવતો; ઘણીજ અગત્યની બાબત હોયની જાણે, તેમ તે અસ્થિર મનનો, અને ચંચળ વૃત્તિનો હતો; અને છેવટે સંતોષ પામતો નહિ. એક અલ્પ વિરામ ચિન્હ ઓછું કે વધતું પડ્યું તો તે આકુળ વ્યાકુળ થઇ જતો, અને એક અક્ષરની ભુલને માટે એક ભારે દુઃખના જેટલો પસ્તાવો કરતો. તેની કેટલીક કવિતા છાપવાની બાબતમાં તે એક કાગળમાં

[1] છાપેલાનો ખરડો.

લખે છે કે "પ્રુફશીટ" તપાસવાની બાબતમાં "તે જાણે મંત્રથી અંજાઇ ગએલો હતો." શબ્દોનાં ઘણાંજ બારિક અને ઘણાજ નજીવા તફાવતની બાબતમાં તે એટલી બધી કાળજી રાખતો કે જાણે તે મોહિની વશ થઈ પડયો હોયની. આવો કીમતી ગ્રંથ આટલી હલકી કીમતે વેચ્યો તે ગરજને લીધે નહી, તેમ પૈસા ના લોભની ખાતર નહિ, પણ મોજમઝા મારવા ને. તે વખતે તે એક નજીવી ખાવા પીવાની લેહેર્જતમાં રોકાયલો હતો, અને પાસે પૈસા ન હોવાથી, પેહેલીજ માગણી કરનારને અને પેહેલીજ માંગણીએ વેચ્યો, અને એથી જો ઓછી માગણીએ માગ્યો હોત તો તેથી પણ રાજી થાત.

આ કવિતા, લોર્ડ ટીરકોનલને અર્પણ કરી હતી; અર્પણપત્રિકામાં ઉંચા પ્રકારની તેની પ્રશંશા કરી હતી, અને તેનો ઘણો આભાર દર્શાવ્યો હતો; પણ તે લખાણની ઢબ ઉત્તમ નહતી. આ વખાણો થોડા વખત પછી પાછા ખેંચી લેવાની તેની મરજી થઈ. કારણ તે તે વખાણોને પાત્ર નહતો એમ તુરતજ તેને જણાયું હતું, અને વળી તેણે સેવેજને કાઢી મુકયો હતો. આ ટંટો દહાડે દહાડે વધતો ગયો હતો; લોર્ડ ટીરકોનલ અને મી૦ સેવેજે એના જુદાં જુદાં કારણો બતાવ્યાં, જો કે મુદ્દે તો એક બીજાને મળતા હતા. તો પણ બેહુ પક્ષને તે બતાવવા જેવા અનુકુળ ન હતા. લોર્ડ ટીરકોનલ કહેતો કે જે કોઈ કહે તેની સાથે કલાલ વાસીમાં દાખલ થવાની મી૦ સેવેજને ટેવ હતી. ઉડાઊપણાંથી

કીમતી દારૂ પીતો, અને જ્યારે પૈસા માગવામાં આવતા ત્યારે, કહેતો કે મારી પાસે તો કંઈ નથી. જો એના સોબતીઓ પૈસા આપતા, અને એમ ઘણી વખત બનતું એ ખરૂં, તો બધું સમાધાન થઈ જતું; પણ જો તેઓ આડા થતા, અને કહેતા કે, જેણે દારૂ પીધો હોય તે તેની કિમત આપે; આવે પ્રસંગે એવી રીતે સેવેજ સોડજોડ કરતો કે, તેઓને પોતાના ઓરડામાં લઈ જતો, વીસીનો માલીક હોયની તેમ વ-ર્તતો, અને બટલરને મીજાસની સાથે હુકમ કરતો કે ભોંયરામાંનો ઉત્તમ દારૂ લાવી મૂક; તે તેઓ એટલો બધો પીતા કે, ઘરનું માન ભુલી જતા, અતિશે મોજમઝા મારતા, અમર્યાદ રમત રમતા, અને છાકટાપણાના મહા અનર્થ કરતા. આ એકજ તોહોમત લોર્ડ ટીરકોનલે તેના ઉપર મૂકયું નહતું, પોતાના હાથના નિસાન કરી, કિમતી ચોપડીઓનો એક જથો સેવેજને આપ્યો હતો, તે ચોપડીઓ થોડા વખત પછી ચોપડી વેચનારની દુકાને વેચવા મુકાયલી જોઇ ઘણો દીલગીર થયો. સેવેજની તો એ ચાલ હતી કે કંઈ નાણું જોઇએ કે તુરત ચોપડીઓ ગીરો મુકી આવવી.

જેઓ મી૰ સેવેજને ઓળખતા હતા તેઓ આ બેહુ તોહોમતો માન્ય રાખતા; કારણ જીંદગી શરૂ કરતાની સાથેજ, કંઇ કંઇ તદબીરથી ગુજરાન ચલાવવાનું હતું; તેથી સમૃદ્ધિ એનું મન ઉંચ સ્થિતિમાં લાવી શકી નહતી.

વાતચિત અને દારૂથી તે એટલોબધો ખુશ થતો, અને એટલી લાંબી મુદત સુધી નસીબે જે આવી મળે તે ઉપર રહેવાની ટેવ પડી હતી, કે કંઇ પણ ખટકા વગર કલાલ-વીસીમાં સેવેજ જતો, અને હિસાબ ચુકવવાને માટે પોતાના સોબતીઓની ઉદારતા ઉપર ભરોસો રાખતો; ઘણી ખરી વાર એમ બનતું કે આ સોબતીઓને તે ઓળખતો પણ નહિ: આવી વર્તણુંકથી બીજાઓને જે મુશીબતોમાં આવી પડવાની ધાસ્તી રહે તેવી મુશીબતોમાં સેવેજ આવી પડતો નહતો; કારણ એની વાતચિત એવી તો મનોરંજક, અને એની માનથી બોલવાની રીત એવી તો આનંદ આપે એવી હતી કે, એનાથી જે ગમત મળતી તે મોઘી હતી એમ થોડાજ ધારતા, અને એણે પીધેલા દારૂના પૈસા ચુકવી આપતા. અજાણ્યા માણસની સાથે દોસ્તી કરવી એ સુખ તો એ પોતીકુંજ કહેવડાવતો; પણ એની સાથે એટલું પણ કહેવું જોઇએ કે, કોઇની દોસ્તી ઝાઝા દીવસ ટકતી નહિ. એવા દોસ્તદારોને એનાથી અંજાણ રહેવા એ જરૂર પાડતો.

એથી ઉલટું મી૦ સેવેજ, લોર્ડ ટીરકોનલ સાથે ટંટો થવાનું કારણ એમ બતાવતો કે, તેણે જે રકમ મને આપવાને વચન આપ્યું હતું, તેટલી રકમ પોતાના મોજ શોખ અને ઉડાઉ ખરચમાંથી બચાવી શકયો નહોતો; તેની મીલકત કરજમાં ડુબી ગઈ હતી. તેથી તેનો ગુસ્સો આ તેનું વચન ભંગ કરવાને એક

બહાનું હતું. જે વર્ષાસન એણે મને કબુલ કર્યું હતું. તે કંઈ મેહેરબાની દાખલ નહોતું; પણ મારૂં દેવું અદા કરવા ખાતર હતું, તે વર્ષાસનમાંથી મને બાતલ કરવા જેવું મેં કંઈ પણ કૃત્ય કર્યું નથી, કારણ જે શરતોથી એ આપ્યું હતું, તે શરતો મેં પાળી હતી; અને જો મારી કાંઇ પણ ભૂલ હોય તો તે એ હતી કે, એમનું એમ કંઇ આપ્યા વગર મારૂં ગુજરાન ચલાવું તો સારૂં. મારી જીંદગીની પદ્ધતી નિયમિત કરવાને, તેમજ કલાલ-વીસીમાં આખી રાતની રાત નહિ ગુમાવવાને તે મને વારંવાર ઉપદેશ કરતો; જે વખત હું બીજાઓની સાથે છૂટથી ગાળતો તે તેની સાથે હું કહાડું એવી તેની ઇચ્છા હતી. આ તેની સત્તાધારી માગણીને મી૦ સેવેજે, પોતાની ચાલ ચલકત ઉપર નિંદારૂપ ગણી; તે એ સહન કરી શકયો નહી, અને તેની જીંદગીના પાછલા અને વધારે શાંત ભાગમાં તો તે એટલી માઠી લાગી કે, જે "કોઈ દોસ્ત મારા ઉપર હુકમ કરવા અભિમાન કરે તો તેને લાત મારૂં" એવો પોતાનો દ્રઢ ઠરાવ જાહેર કર્યો; જીંદગીના આગલા ભાગમાં પણ કોઇની શીખામણ મી૦ સેવેજે થંડે પેટે માની હોય એમ સંભવતું નથી. પોતાની સ્વતંત્રતાને ધોકો પોંહોચે એવી ધારણા સામે તે ગુસ્સે થતો, પોતાની વિષયસાહ મનોવૃત્તિ સંતુષ્ટ કરવા સારૂ પોતાની સ્વતંત્રતા જાળવી રાખવાને એ ઘણી કાળજી ધરાવતો; વળી તે કહેતો,

કે એ માણસ તો છેક ગેરવ્યાજબી હતી, કારણ જે સોબતમાં મને ગોંધી રાખવાનું હતું તે અસહ્ય કંટાળો ઉપજાવે એવી હતી.

તેના લખાણ અને વાતચિતની પરસ્પર વિરૂદ્ધતા જે વારંવાર જોવામાં આવે છે તેનો આ તેના બોલો એક વધુ દાખલો આપે છે. "ભૂલુ પડેલું માણસ" એ નામના ગ્રંથની અર્પણ પત્રિકામાં જે ગૃહસ્થની કોમળતા, કૌશાગ્રતા, દયા અને ઉદારતા, નિષ્કપટીપણું અને સભ્યતાના ભારે વખાણ કર્યા હતાં તે ભૂલી જઈ તેજ ગૃહસ્થની દોસ્તી તૂટી ત્યારે તે સમજ વગરનો, કુટી બદામનો માણસ છે, સારા સ્વભાવ રહિત છે, અને ન્યાય રહિત છે, એમ જાહેર કર્યું. તેના આ ગ્રંથની ભવિષ્યની આવૃત્તિમાં તે ગૃહસ્થના નામની એંધાણી ન રહે એવી રીતે કરવાનું જાહેર કરી, તેના હાથમાં "ભૂલુ પડેલું માણસ" ની જેન કલ હતી તેમાંથી તે ગૃહસ્થનું નામ છેકી નાંખ્યું.

લોર્ડ ટીરકોનલની સાથે રહેતો હતો તે દરમ્યાન મી૦ સેવેજે "તંનદુરસ્ત અને હાસ્ય વિનોદનો વિજયાનંદ" એ નામનો ગ્રંથ, લેડી ટીરકોનલ લેવાઇ જતાં મંદવાડમાંથી બેઠી થઇ, તે પ્રસંગે લખ્યો હતો. આ ગ્રંથ, કલ્પનાના ભભકાદારપણા, તેમજ માપના મધુર સ્વરોના ક્રમને માટેજ નહિ પણ જે દંત કથા ઉપરથી તે તૈયાર કર્યો હતો, તેના અનુકૂળપણાને માટે પણ લક્ષમાં રાખવા જોગ છે. હાસ્ય વિનોદ, પોતાના વાહા-

લાંની માંદગી માટે દુઃખમાં ગરકાવ થઇ જવાથી તેની બેન તનદુરસ્તીની શોધમાં દોડે છે. ઉંચા પર્વતના ભવાં ઉપર, અખંડ ઝરાના ખુશબો માંહે સવારના પવનની લેહેર ખાતી તે મળી આવે છે.

તેની બેન હાસ્યવિનોદની આજીજી ઉપરથી, તે પોતાની મદદ આપવાને ઝટ દઇને વચન આપે છે, વાદળાંમાં ઉડી જાય છે, અને [1]બાથના પાણીને સદગુણ વાળાં કરે છે. અને તેથી બેલીન્ડા માંદગીમાંથી સારી થાય છે. તેની બુદ્ધિની કિર્તિને લીધે, તેના જન્મના તથા જીંદગીના ખાસ સંયોગોને લીધે, તેના દેખાવના ભભકાને લીધે, અને લોર્ડ ટીરકોનલે થોડા વખત સુધી એને માન આપ્યું હતું તેને લીધે, અગાઉ જે લોકોના સહવાસમાં એ આવતો તેના કરતાં ઊંચા દરજ્જાના લોકો સાથે મી૰ સેવેજને ઘરોબો થયો હતો. જેઓને પોતાનાં કુળ, ધંધા, અને દોલતને લીધે મનુષ્ય જાતના ઘણા ભાગથી વેગળા રેહેવાનું આવશ્યક હતું, તેઓની બારીક તપાસ કરી એની જીજ્ઞાસા સંતુષ્ટ કરવાને એણે આ તક ગુમાવી નહતી. તેમજ તેઓના ગુણને મોટું કે નાનું રૂપ આપવામાં આવેલું હતું કે કેમ, જે ઝગઝગાટથી તેઓના વખાણનારાઓને ઝાંખા કરી નાંખ્યા હતા તે ઝગઝગાટ સ્વાભાવિક હતો કે તેમની આસપાસના પદા-

---

[1] વિલાયતમાં દરિયા કાંઠે એક સારી હેવાવાળું ઘણુંજ સુંદર શેહેર છે.

થૈથી તે પરાવર્ત્તન થએલો હતો અને મોટા દરજ્જાને માટે મોટા માણુસોને પસંદ કરવામાં આવે છે કે ઊંચા દરજ્જાથી મોટા માણુસ થાય છે, એ બાબતોની તપાસ કરવાને તે ચૂક્યો ન હતો.

આ કામ માટે જેઓ, તે વખતે તેઓના અધિકારને લીધે કે ભારબોજને લીધે, પ્રસિદ્ધ હતા; તેઓની સાથે ઘરોબાથી વાતચિત કરવાને સઘળી તકોનો મી. સેવેજે ઉપયોગ કર્યો હતો; તેઓનાં સ્વછંદાનુવર્ત્તન ઉપુર નજર રાખતો, તેઓની ઘર, કુટુંબ, સંબંધી ચાલ ચલકત કેવી છે તે બારીકીથી તપાસતો. 'સારૂં નરસું ઓળખી કાઢવાની શક્તિ એનામાં બહુ ઊંચા પ્રકારની હતી, તેથી દરેક માણસમાં, અને દરેક કામમાં, ધ્યાન આપવા જોગ કંઇ કંઈ એને મળી આવતું. બીજાઓ એનું પુરૂં કરતા હતા, અને પોતાને માટે કંઇ કાળજી નહિ તેથી નિરાંતે અવલોકન કર્યા કરતો. મનુષ્યની જીંદગીનો વિવેચક બનવાને એના જેવા સંયોગો ભાગ્યેજ સેહેલથી એકઠા મળી આવે. જે માણસ પોતાના ખરા ગુણને લીધે જે પ્રશંશાને પાત્ર હોય તે કરતાં વધારે પ્રશંશા માટે આકસ્મિક ફાયદાઓને લીધે દાવો કરે, તેવાને સેવેજની ઓળખાણ ભયંકર હતી; તેમજ સાધારણ સપાટીથી ઘણા ઊંચા દરજ્જાના બુદ્ધિવાન પુરૂષો, કે મનોવિકારથી સ્વછંદ થએલા પુરૂષો, અગર જે પુરૂષ લાંચ કોઇ દિવસ લેજ નહિ, એવા પુરૂષ માટે સેવેજના જેવો ફાજેલ ઇનસાફ કરનાર કે હોંસીલો વકીલ ભાગ્યેજ મળી આવે.

મી૦ સેવેજની તપાસનું પરિણામ, જો કે તેને પોતાની શોધ છુપાવી રાખવાની ટેવ ન હતી, તો પણ તે જાહેર કરવો એ તદન સલામતી ભરેલું નથી. કારણ કે જે ગૃહસ્થોની ચાલચલકતનું વિવેચન કર્યું હતું તેઓ સત્તાવાળા હતા; અને સત્તા અને ક્રોધ ભાગ્યેજ એક બીજાથી જુદાં હોય; વળી વાતચિતમાં એ જે કહેતો તે, જોકે એકંદરે ખરૂં હોય, તો પણ તે કલ્પનાના ક્ષણિક આવેશમાં ભભકથી આગળ પડી આવતું હતું, અને તે ફક્ત યાદદાસ્તી ઉપરથીજ કહેવાંમાં આવે તો તે ખરેખરૂં કહી શકાય નહિ; તેથી પ્રથમ મીઠું મરચું ભેળીને વર્ણવેલું સ્વરૂપ, પાછળથી અણકીસબીને હાથે નકલ થાય તો તેમાં અસલને મળતાપણું નજ હોય.

એમ છતાં, એમ કહેવું જોઇએ કે જે લોકોને રાજ્ય વહીવટ સોંપેલો હતો તેઓને માટે, જેઓ રાજ્યના સ્થંભ તરીકે ગણાતા હતા તેઓને માટે, તેમજ જેઓ પ્રજાના રક્ષણ કરતા ગણાતા હતા તેઓને માટે, અને જેઓએ પક્કો ભરૂસો અને ભારે પ્રશંશા મેળવી હતી તેઓને માટે, પણ મી૦ સેવેજના વિચાર ઊંચા ન હતા. એક ખાસ ગૃહસ્થ જે એક વખત એટલોબધો લોકપ્રિય હતો કે તેના બધાજ વખાણ કરતા, અને બીજી વખતે એવો ભયંકર હતો કે સઘળા તેને ધિક્કારતા હતા, તે ગૃહસ્થને માટે તે કહેતો, કે તેનું જ્ઞાન થોડું, અગર તેની ગ્રહણ શક્તિ ઘણી સાંકડી હતી, અને તેના મનનો આખો વિસ્તાર

દુર્ભાષણથી રાજનિતિ શાસ્ત્ર સુધી અને રાજનીતિ શાસ્ત્રથી તે દુર્ભાષણ સુધી હતો.

પણ મોટા માણસો સંબંધી મનમાં આવે એવી રીતે તર્ક કરવાની તકનો હવે અંત આવ્યો હતો. લોર્ડ ટીરકોનલના ઘરમાંથી એને રજા આપવામાં આવી હતી, અને જલદીથી કંઇ બીજો આશ્રયસ્થાન મળવાની આશા વિના, તે દૂનિયામાં વેહેતો મુકાયો. ડહાપણ અને સદગુણની એનામાં ખામી હોવાથી, આવા દૂર્દૈવને માટે તેણે કંઇ અગાઉથી તજવીજ કરી રાખી ન હતી. લોર્ડ ટીરકોનલના ઘરમાંથી રજા મળતાં પેહેલાં, સેવેજ પ્રત્યે પ્રિતિનો અભાવ, દાંતીયા, અપમાન થયાં હશેજ; અને તે બેશક બેહુ બાજુના એકઠા થએલા ખીજવણીના પરિણામો હતાં. તો પણ જે લોકો મી૦ સેવેજને ઓળખતા હતા તેઓ ઝટ માનશે કે એને આ વિયોગ ગર્જનાના ઝપાટા જેવો આકસ્મિક હતો. કદાચિત એ બાબતનો એને ક્ષણિક વેહેમ આવ્યો હશે, તો પણ એવો અપ્રિય વિચાર એના મનમાં ઉતરવા પામ્યો નહોતો; એવા વિચારને તેણે ભવિષ્યના સુખના અને સ્મૃદ્ધિના સ્વપનાથી અગર ગમતોથી હાંકી કહાડયો હતો, અને સુખમાંથી એકદમ દુ:ખમાં આવી પડવા સામે એણે કંઈ પણ તજવીજ કરી નહોતી. આ ટંટો અને વિયોગ, અને તેથી જે મુશીબતોમાં સેવેજ આવી પડયો હતો, તે એના મિત્રો તેમજ દુશ્મનોના તરતજ જાણુવામાં આવ્યાં. દોલતરૂપી શણગારથી બુદ્ધિશાળી પુરૂષના તેજમાં

કેટલો વધારો થાય છે, તે આ બેહુ (મિત્રો અને દુ-શ્મનો) ના વર્ત્તનથી એને તુરતજ જણાયું. એની સ્થિતિ બહુ દયા ઉપજાવે એવી નહતી. કારણ, જે જોગવાઇ એને મળી હતી તેનો ઉપયોગ મધ્યમતાથી કરવામાં તે હમેશાં કાળજી રાખતો નહતો. તે જાણતો હતો કે તે બીજાની મેહેરબાની ઉપર આધાર રાખનાર માણસ હતો. તેવા ગૃહસ્થની ઇચ્છાનુસાર વર્ત્તી તેની મેહેરબાની જાળવી રાખવી હતી. પણ તેમ ન કરતાં તેનો તુચ્છકાર કર્યો, અપમાન કર્યું, અને તેના હક ઉપર પગ પેસારો કરી તેને ચિહડવ્યો.

દોલતની શ્રેષ્ટતા અહંકાર પ્રદીપ્ત કરે, અને અહંકાર પોતાનું સઘળું બળ, તિરસ્કાર અને અપમાન કરવામાં કહાડે, એ સાબીત કરવાને દ્રષ્ટાંતો સોધવાને દૂર જવું પડે એમ નથી. અને જો વડીલોપાર્જીત દોલત, અને ફક્ત બીજાઓના ગુણથી ભોગવેલાં માનની અસર આવીજ હોય તો, આ કમનસીબ માણસ જે અયોગ્ય વિજયના ગુન્હામાં ફસાયો, તે ગુન્હાનું સ્વરૂપ કમી કરવાનું કારણ એ છે કે તેની આબાદી અલૌકિકપણાના જોરથી ભભક મારતી હતી, અને દરિદ્રાવસ્થામાં લાંબી મુદત સુધી સડયાં કીધું હતું તેથી તથા પેહેલાં જે અપમાન ખમવાં પડયાં હતાં, અને તેનો બદલો વાળવાનો વખત આવ્યો છે એમ સમજી, તે આબાદીથી છકી ગયો હતો. જેઓએ ગેરવ્યાજબી રીતે દુઃખ સહન કર્યું હોય, તેઓ પોતાનો વખત આવે ત્યારે બીજાઓને તેવુંજ ગેરવ્યાજબી રીતે દુઃખ દે, એ

વાત તો ઘણીજ સાધારણ છે. તેમજ વળી જેઓને જેવું માન અથવા અપમાન મળ્યું હોય તેવુંજ માન અથવા અપમાન બીજાઓને આપવાનો તેઓનો હક છે એમ ધારવું એ પણ એક ઘણીજ સાધારણ વાત છે.

કંઇ સારા ભાગ્યે સેવેજ ઉંચે દરજ્જે ચઢી ગયો હતો, એ વાત તો સાધારણ રીતે જાણીતી છે; "ગ્રંથકાર ભાડે આપવાનો છે," એ નામના ગ્રંથની ઉપોદ્દઘાતના કેટલાક વાકયો પુરતી રીતે બતાવી આપે છે કે, જે સખત ટીકાઓ તેને પાછળથી ગેરવ્યાજબી લાગી હતી, તેવી સખત ટીકાઓ કર્યા વગર તે રહ્યો નહોતો; કારણ જયારે એક દુ:ખી કવિ તરીકે તેની હાંસી થઇ ત્યારે એને સેહેજ સમજ પડી કે, જીવને આનંદ કરવાને માટે દુ:ખ, કે નિંદા એ વ્યાજબી વિષય નથી; ત્યારે તેને માલમ પડયું કે, સદ્દગુણનું પરિણામ અતિ દુ:ખ હોય, તો તેને માન આપવું જોઇએ, જો તે દુર્દૈવનું પરિણામ હોય તો દયા લાવવી જોઇએ; અને તે જો દુર્ગુણનું પરિણામ હોય તો, તેનું અપમાન કરવું ન જોઇએ. કારણ જે ગુન્હાથી તે પેદા થએલું તેને ઘટતી શિક્ષા તેજ છે. ફાંસી દેનારના હાથમાં ગએલા ગુન્હેગારને જે માણસ ઠપકો આપવા જાય તે માણસનું દયાળુપણું પ્રશંશાને પાત્ર નથી. પણ જો કે તેની જીંદગીના પેહેલા તથા પાછલા ભાગમાં આ વિચારો તેના મનમાં સેહેજ ઉત્પન્ન થયા હતા; તો પણ મને ધાસ્તી લાગે છે કે, તેઓ લાંબા વખત સુધી ભૂલી જવામાં આવ્યા હતાં; તેમ નહિ તો બીજા ઘણા સૂત્રોની માફક તે વિચારો વપિર-

વાને માટે નહિ પણ દેખાડવાને માટે એના મનમાં ભરી રાખ્યા હતા. ગમે તેવી લાવણ્યતાથી તે સમજાવતો કે ગમે તેવા જોરથી તે બીજાના મન ઉપર ઠસાવતો, તોપણ તે વિચારો એની વર્ત્તણુંક ઉપર અસર કરતા જણાતા નહતા. જે સ્થિતિ આવી સ્વછંદી વિચારહીનપણાથી એણે ભોગવી હતી તેમાંથી માનભંગ થયો, એ હકીકતથી ઘણાને ખુશી થવાને પ્રસંગ મળ્યો. ફત્તેમંદી શીવાય જેઓ એની ખુશામત કરતા, તેઓ એનો તિરસ્કાર કરવા લાગ્યા; જેઓને આશ્રય આપ્યો હતો, અને તે આપવામાં તે ઘણો ઉદાર હતો, તેઓ તે ભૂલી ગયા. કૃતજ્ઞતાના કરતા ગુસ્સાના પરિણામ આવા દ્રઢ હોય છે. જે સદગુણો બીજાને મુકાબલે નબળા પડી ગયા હોય, તે સદગુણો કરતા જે દુષણોથી બીજાઓ પોતાથી નીચે દરજ્જે ઉતરે, તે દુષણો સાંભરી ઘણા વધારે ખુશી થાય; વળી બદલો વાળવા કરતાં વિસારી દેવું એ ઘણું સેહેલું છે; કષ્ટ સાધ્ય સદાચરણ પ્રમાણે થોડાજ ચાલે; અને દુરાચરણથી ચાલનારાઓ તો સંખ્યાબંધ મળી આવે.

આમ છતાં જે લોકોના એ વખાણ કરતો નહિ તે લોકો એના આ દુર્દૈવને લીધે એનો તિરસ્કાર કરતા તેથી સેવેજ બેચેન થયો નહતો. ગમે તેવા દુઃખમાં પીડાતો છતાં પોતે પોતાને તેઓના સરખો થએલો ગણતો નહતો. જે ગૃહસ્થોની દોસ્તીની એને કદર હતી તેઓએ વર્ત્તન બદલેલું જોઈ એ ખરેખર બેચેન થયો હતો, તોપણ તેઓની બેદરકારીથી એને

ઉદ્વેગ થયો નહતો; તેઓને પૈસાના ગુલામ, અને ચઢતીના પુજારી ગણુતો, અને પોતે દિલગીર થવા કરતાં તેઓને ધિક્કારવાનું પસંદ કરતો.

સેવેજ પાછો તંગીમાં આવ્યા પછી તેને દુનિઆમાં એના પહેલા દેખાવ વખતે મનુષ્ય જાત જેવી અનુકુળ માલમ પડી હતી, તેવી માલમ પડી નહિ. તેનું કથન જો કે થોડું ખેદયુક્ત નહિ, છતાં તે હવે થોડું અસરકારક હતું, કારણ કે તે હવે નવું નહોતું. એથી એને નવા મિત્રો થયા નહિ; અને જેઓએ પેહેલાં એના દુઃખમાંથી છોડવ્યો હતો, તેઓએ બીજાના ઉપર એને ઢાળી મૂક્યો. વળી ઘણા લોકો હવે તેને દુઃખી માણસ કરતાં ગુન્હેગાર તરીકે ગણવા લાગ્યા. કારણ લોર્ડ ટીરકોનલ તથા તેની માતાના મિત્રોએ એના દુષણો, જે ઘણા હતા, તે પ્રસિદ્ધ કરવામાં પુરતી મેહેનત લીધી. અને જેથી એ દુશ્મન જેવો અને હાસ્યજનક થાય એવું કરવાને કંઈ બાકી રાખ્યું નહિ. એના દુષણોના આવા ચિતારોથી ઘણા લોકને એના દુઃખ ઇંદ્રિયગોચર થયાં નહિ; જેઓને એક બાજુ સાંભળવાની તક મળતી તેઓ, જે હેવાલ તેમને મળતો તેનો કંઈ પણ આચકો વગર ફેલાવો કરતા; કેટલાક દ્વેષ, કે અદાવતને લીધે તેનો બહોળો પ્રસાર કરતા; અને વળી કેટલાક તેના ઉપરની પ્રીતિ ખુબીની સાથે પાછી ખેંચી લેવાના તથા મદદ નહિ કરવાના ઈરાદાથી તે બધું સાચું માનવાનો ઢોંગ કરતા.

સેવેજ સામો થયા વગર કંઇ ઇજા સહન કરે એમાંનો ન હતો; અને લોર્ડ ટીરકોનલના દૂષણો ખુલ્લાં કરવામાં થોડો ખંતી ન હતો. તેના ઉપર એણે એટલી તો ફત્તેહ મેળવી કે, તેને ગાળ દેતો તથા જબરદસ્તી વાપરતો કર્યો; કારણ તે સેવેજના કટ્ટા દ્વેષ તથા બુદ્ધિથી એટલો બધો ચિડવાયો કે તે કેટલાક ખિજમતદારો લઇને (જેથી એની હિંમત તો કેટલી તે જણાઈ ગઇ) સેવેજને મારવા સારૂ એક કાફીખાનામાં ગયો; પણ એમ બન્યું કે, ત્યાંથી થોડી મિનિટ અગાઉજ એ જતો રહ્યો હતો; અને એ નામદારને કંઇ પણ ભય વગર "સેવેજ જો મળ્યો હોત તો પૂરો કરત" એવી બડાઇ મારવાનો વખત મળ્યો, બીજે દિવસે મી૦ સેવેજ મુલાકાત પાછી વાળવા તેને ઘેર ગયો, પણ તેના નોકરોએ સમજાવી તેને પાછો કહાડયો.

ગમે તેટલી ખીજવણી કર્યા છતાં, વ્યાજબી ગણાય નહિ એવાં કૃત્યો, જેવાં કે તેની ઉતરવાની જગામાં જે ચીજો હતી, તે જપ્ત કરવી, તથા મરજીમાં આવે તેમ ઘાતકીપણું કરવું, એવાં કૃત્યોનો આરોપ સેવેજે લોર્ડ ટીરકોનલ ઉપર મૂકયો. આવાં કૃત્યોથી પોતાને કંઇ પણ ફાયદો ન છતાં તેણે સેવેજનાં દુઃખમાં વધારો કર્યો.

અરસપરસ આરોપના જવાબ બેઊ બાજુ તરફથી કટ્ટા દ્વેષ તથા ગુસ્સાની સાથે કેટલાંએક વર્ષ સુધી થયા. અને જેમ જેમ વખત જતો ગયો, તેમ તેમ તાપસ

કમી થવાને બદલે વધતો ગયો; સેવેજનો ગુસ્સો તેજ રહે એમાં કંઇ નવાઇ નહતી, કારણ કે, આ ટંટાના પરિણામો દરરોજ એને ભોગવવાં પડતાં હતાં. લોર્ડ ટીરકોનલ નરમ દીલનો થયો હોત એમ વ્યાજબી રીતે આશા રાખવામાં આવતી, અને જે ખીજવણીઓએ એને ગમે તેટલો જોસમાં આણ્યો હતો છતાં એને કંઇ ઇજા કરી નહતી, તે તે ભુલી ગયો હોત; પણ સેવેજનું પાણી સમજુતીપર આવવા અરજ કરવા દે કે? નહિ. તિરસ્કારને બદલે તિરસ્કાર અને અપમાનને બદલે અપમાન સેવેજે પાછા વાળ્યાં. દોલતની ગરજ બુદ્ધિએ સારી, પક્ષ બાંધી પોતાના પક્ષમાં ઘણાને ઉતાર્યા. આથી કદાચિત એનું મિથ્યાભિમાન સંતુષ્ટ થયું હશે, પણ તેથી એનું દળદર મટયું નહિ; અને ઘણી ખરીવાર તે અસાધારણ દુઃખમાં આવી પડતો, પણ તેને માટે તે કોઇ દિવસ તુચ્છ કે અત્યાગ્રહથી બડબડાટ કરતો નહિ, કારણ તેણે આબાદી મધ્યમતાથી ભોગવવા કરતાં દ્રઢતાથી દુઃખ સહન કરવાને અવતાર લીધો હતો.

પોતાની માતુશ્રીનું ઘાતકીપણું ખુલ્લું કરવાને તેને ફરી પાછી છૂટ મળી, એમ હવે તેણે વિચાર્યું,'અને એટલાજ માટે, મને લાગે છે કે, તેણે એ અરસામાં ૧"જારજબાળ" એ નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. એ કવિતાનો પ્રથમ ભાગ વિચારના ચંચળ અતિ વિલાસને માટે પ્રખ્યાત છે; તેમાં નિચ જન્મના કાલ્પનિક

૧ The Bastard

ફાયદાઓનું એ ભભકાદાર વર્ણન કરે છે; અને છેવટના ભાગમાં 'કરૂણા ભાવોત્પાદક મનોભાવ જેમાં, પોતાના મા બાપના અપરાધને લીધે પોતે જે ખરેખરી આપત્તિ વેઠી હતી તેનું વર્ણન કરે છે. તે કવિતાના રસ અને ભાવ, ગ્રંથ કર્તાની વિલક્ષણ સ્થિતિ, વિષયનું અલૌકિકપણું, અને જે કથનનો ઈસારો કરવામાં આવેલો છે, તેનો ખુમાટો:--આ બધા કારણોને લીધે આ ગ્રંથ ઘણાને પ્રસંદ્ધ પડયો; તુરતજ ઘણી નકલો જ્યાં ત્યાં મોકલવામાં આવી, અને એક પછી એક આવૃત્તિઓ ઘણીજ ઝડપથી બહાર પડી અને ખપી ગઈ.

આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાની સાથે એક હકીકત એવી બની કે સેવેજ તેનું ઘણા સંતોષથી વર્ણન 'કરતો. આ ગ્રંથ એની માતુશ્રીને અર્પણ કર્યો હતો. આ વખતે તે બાઈબાથ (શેહેર) માં રહેતી હતી. અહિ તે લપાઇ રહે કે ઠપકામાંથી બચે એમ ન હતું. અને જેવી કવિતાની કીર્ત્તિ ફેલાઇ કે તરતજ જે તે મંડળીમાં તે ગવાતી એ બાઇએ સાંભળી; રસ્તામાં ચાલતાં કે જાહેર જગામાં પેસતાં, જયાં એ બાઇ મળી આવતી ત્યાં, આ કવિતામાંની કેટલીએક લીટીઓથી એનું સન્માન કરતા.

આ પેહેલીજવાર તે શરમાવવા લાગી, અને આ પ્રસંગે બુદ્ધિનું પ્રબળ ચોખ્ખું દેખાઇ આવ્યું. આ હરામી માણસ જેણે કંઇ પણ આચકા વગર, પોતે જારિણી છે એમ જાહેર કર્યું હતું; અને પ્રથમ તો પોતાના પુત્રને ભૂખે મારવાનું યત્ન કર્યું હતું, પરદેશ,

મોકલવાની યોજના કરી હતી, અને છેવટે ફાંસીએ લટકાવવાની તજવીજ કરી હતી, તે પોતાના વર્ત્તનનો ચિતાર સહન કરી શકી નહિ; પોતાના અપરાધનું દુઃખ લાગ્યું નહિ, પણ નિન્દામાંથી બચવાને તે નાઠી; અને લંડનની ભારે વસ્તીમાં પોતાનું રક્ષણ કરવાને અતિ ઊતાવળથી બાથ (શેહેર) છોડી ગઈ. પોતાની માતુશ્રીને સુધારી શક્યો નહિ, પણ શિક્ષા કરી શક્યો, અને પોતાને એકલાનેજ હમેશાં સહન કરવું પડ્યું નહિ, એવા વિચારોથી તે ખુશી રહેતો.

કવિ તરીકે એની કીર્તિ વધવાથી જે સુખ એને મળ્યું તે સુખ થોડા વખત સુધી દરિદ્રતાના દુઃખો કરતાં વધારે હતું, પરંતુ તેથી એની દરિદ્રતા કંઇ કમી થઈ નહોતી. કારણ એ ગ્રંથ એક ચોપડી વેચનારને છેક નજીવી કીમતે વેચ્યો હતો. તેની પાંચ આવૃત્તિઓ થઈ, અને તે દરેકની હજારો નકલો ખપી ગઇ, પણ તે નફામાંથી કંઇ પણ ભાગ સેવેજને આપે એવો તે ઉદાર નહતો. આ કવિતાના વેચાણને માટે સેવેજ ઘણા ઉંચા દીલથી વાત કરતો, અને પોતાની સર્વમાન્ય હોશીઆરીની નિર્વિવાદ સાબિતી તરીકે આ કવિતાને બતાવતો. એના બધા ગ્રંથોમાં ફક્ત આજ એક સર્વમાન્ય હતો. પોતાની હોશીઆરીની ઘણી ઉંચી કીમત કરવાની આ વિજયથી મળેલી તક એણે જવા દીધી નહિ; પણ જ્યારે લોકો એના લાભમાં બોલતા ત્યારે મનુષ્ય જાતની અનુમતિને યથાસ્થિત માન આપતો. એ પોતાના જાતના વખાણને માટે બીજાના ઉપર આ-

ધાર રાખવા દેતો નહિ; અને જ્યારે લોકો એ ? નિન્દા કરતા ત્યારે તેઓના અવાજમાં કંઈ દેવાપિ… છે એમ પણ તેને લાગતું નહિ. લોકો સારા માઠાનો ખરો ઈન્સાફ કરે એવી આશા રાખવી એ મૂર્ખાઇ કહેવાય, એ પણ એણે બતાવી આપ્યું. કાવ્યાંશી ગુણ ધીમે ધીમે દુનિઆમાં કેવી રીતે જાહેરમાં આવ્યા તે વિષે. વિવેચન કર્યું; કદર જાણે એવાં માણસો વખાણ કરે તેથી એ સંતોષ માનતો. અને જેઓ એના વખાણ કરતા નહિ તેમને કદર જાણનારાઓના વર્ગમાંથી એ બાતલ કરતો. માણસો એના ગ્રંથની ખૂબી જાણતા નથી એમ નહિ ધારતાં તેઓ કેટલીક વખતે એના લાભમાં છે એમ કહેતો, અને એ ગ્રંથો ધીમે ધીમે વેચાણ થવાના કારણો બીજાં બીજાં બતાવતો:--જેવાં કે શેહેરમાં વસ્તી ન હતી તે પ્રસંગે અગર પાર્લ્યામેન્ટની કંઇ વઢવાડ, અથવા એવાં બીજાં કંઈ સામાન્ય વિષય તરફ લોકોનું લક્ષ ચોંટેલું, તે પ્રસંગે પ્રસિદ્ધ થએલાં, અથવા તો પ્રસિદ્ધ કરનારની ગફલતને લીધે ખંતથી તેનો પ્રસાર કરવામાં આવ્યો ન હતો, અથવા પૈસાના લોભને લીધે પુરતી જાહેર ખબર છપાવેલી નહોતી. યુક્તિ, ઉદ્યોગં, અગર ઉદારતા, એ ત્રણેમાંથી એકની ગેરહાજરી ખરીજ, અને ગ્રંથકર્ત્તાના ઉપર ઠપકો ન મૂકતાં બીજા માણસોના ઉપર ઠપકો મૂકવામાં આવતો હતો.

આવી આવી યુક્તિઓ જે દરેક માણસ થોડે ઘણે દરજ્જે કરે છે અને જેના ઉપર જીંદગીની થોડી શી સ્વસ્થતા આટલોં બધો આધાર રાખે છે, તે યુક્તિઓથી સેવેજ પોતાના મનમાં હમેશાં મગન રહેતો. જો તેણે પૈસા, કીર્તિ અને બીજા ફાયદાઓ, કે જે માણસની પોતાના ઉપર બક્ષવાની શક્તિ નથી, તેની તંગીઓ ઓછી કરવામાં આ યુક્તિઓનો ઉપયોગ કર્યો હોત તો, તેઓ કોઇ તત્વ શાસ્ત્રીએ આપેલા દાખલા તરીકે મનાત, અને જે લોકો આ યુક્તિઓથી પોતાના મનને ખુશ નહિ કરવાથી જે દુઃખો સેહેલથી મટી શકે તે દુઃખોમાં પીડાય છે તે લોકો આગળ દાખલા તરીકે મૂકી શકાત.

સત્યવાદીપણુ અને સારૂં નરસું સમજવાની અક્કલ સર્વ ઠેકાણે બહુ લોકોમાં પસરે, દરેક ચીજની તેની ખરી કીમત પ્રમાણે વખાણ થાય, અને સદાચરણમાં જે સુખ છે, તે મેળવવા પાછળ યત્ન કરવામાં નિષ્ફળ ન જાય એ બેશક ઇચ્છા જેવું છે; પણ જો આગન્તુ અને બહારની મઝાએ પાછળ મેહેનત કરવીજ જોઇએ તો, મુર્ખાઇનું ઔષધ મુર્ખાઇ, અને એક આભાસનું ઔષધ બીજો આભાસ, એ મુજબની સેવેજની વર્તણુક ધ્યાનમાં રાખવાથી, જ્યારે જ્યારે એવી મહેનતો નિષ્ફળ નીવડે છે, અને તે વારંવાર નિષ્ફળ થાયજ, તેવે પ્રસંગે કદાચિત કંઇક ફાયદો થાય; પણ આ ખુશનુમા ઉન્માદનો જોખમ કંઇ છાનો રહેતો નથી. તેમજ વળી જેણે સેવેજની જીંદગીનું અવલોકન કર્યું હશે તેને એ સામે ચેત

વણી આપવાની જરૂર રહેતી નથી. પોતાના દુઃખો પૈકી કોઇ પણ દુઃખ પોતે વહોરી લીધેલું નથી, એમ માની તે જ ધોરણ ઉપર, અને તેજ રસ્તે, એ ચાલ્યો; પોતાના ઉપર પડેલા દુઃખથી એ જરાએ ડાહ્યો થયો નહિ. તેમજ એક દુઃખમાંથી બીજા દુઃખમાં પડયા વગર રહ્યો નહિ. તે આખી જીંદગી એકના એક વર્તુળમાં એકને એકજ પગલે ચાલ્યો; સુખના અસદાભાસ જે એની આંખ આગળ નાચ્યાં કરતાં હતાં તેથી ખુશ થતો, પોતાનાં પાછલાં વર્તનની હમેશાં પ્રશંશા કરતો, અગર ભુલી જતો. અને જ્યારે એની ભુલ માલમ પડતી, અને પોતાની ખરી સ્થિતિ જણાઇ આવતી (જે જોવાને એ રાજી નહતો), ત્યારે પોતાની સમજ શક્તિને એક બાજુએ મુકી દેતો. પોતાની કલ્પનાઓને માનસિક નિંદ્રાજનક ઔષધથી શાંત કર્યા પછી, તેજ પ્રયોગ પોતાના અંતઃકરણ ઉપર અજમાવી જોવાનો આરોપ તેના ઉપર મૂકવામાં આવે છે. સીધો રસ્તો છોડી દઇ આડે માર્ગે જવા માટે બહારનાં કારણો બતાવવાની એની ટેવ હતી, તેથી, એ તો ખરૂં છે કે તે દરેક પ્રસંગે જલદીથી પોતાના મનનું સમાધાન કરતો. જે આચરણોથી એનીં આબરૂને ઝાંખ લાગી હતી, તે આચરણો માટે દિલગીર થતો નહતો. એની જીંદગીની મોટામાં મોટી ભૂલ જો હતી કે એ સદાચરણને ચાહતો, પણ તે પ્રમાણે વર્ત્તતો નહિ; તે જાતે ભલો નહતો પણ ભલમનસાઇનો દોસ્ત હતો.

એના લાભમાં એટલું તો કહેવું જોઈએ કે સદગુણનું મહત્વ, ખુબી અને તેની જરૂર સેવેજ સારી પઠે સમજતો હતો, અને મનુષ્ય જાતમાં પતિતપણું જાણી બુઝીને ફેલાવવામાં તે સહાયભૂત થયો નહોતો, તેના કામો જે ધાડધાડિયાં હતાં, તે હમેશા ઠપકાપાત્ર હતાં; પણ એના લખાણ વિચારના ફળ હોવાથી બીન ચૂક મનને ઉંચી સ્થિતિએ પોંહોચાડે એવાં, અને નીતિ અને ભકિતનો પ્રસાર કરે એવાં હતાં; જયારે એના દુષણો ભુલી જવાશે ત્યારે એના આ લખાણો મનુષ્ય જાતને સુધારશે, તેટલા માટે તે, એકંદરે, એક પરગજુ પુરૂષ તરીકે ગણાવો જોઈએ; એનો પોતાનો દાખલો કંઇ નુકશાન કરતા નથી, કારણ જેઓ એના દુષણો સાંભળે, તેઓ એ દુષણોથી ઉપસ્થિત થએલાં દુઃખો પણ સાંભળશે; એના દુષણો માફ કરી શકાય, એવી જો એની સ્થિતી હોત તો એ દુઃખો, થોડાજ દયાને પાત્ર થાત. ગરીબાઇની સઘળી લાલચોને વશ હોય એવા એક છોકરા જેવો એને ગણવો જોઈએ; તે ઉમ્મરે એના સંકલ્પ સાબિતીથી મજબુત થએલા ન હતા, અને સદગુણ, મહાવરાથી કાયમ થએલો નહોતો. આ માટે તે પોતાના "જારજ બાળ" નામના ગ્રંથમાં નીચે મુજબ અસરકારક રીતે વિલાપ કરે છેઃ—

બાળપણનાં નિરપરાધીપણાનું, પ્રાર્થનાથી રક્ષણ કર્યું
નહિ માતાએ;
નહિ જાળવી યુવાવસ્થા દુરાચરણથી દૂર રાખી,
નહિ સદગુણ ઉપદેશ કર્યો પીતાએ.

આ "જારજખાળ" ગ્રંથથી ગમે તેટલો એની માતુશ્રીને ચટકો લાગ્યો હશે, અગર માન ભંગ થયું હશે, તો પણ એથી કંઈ આ બાઇને દયા ઉત્પન્ન થઈ નહિ. સેવેજની ઉદરનિર્વાહ કરવાની તંગી હજુ જારી રહી. તેટલા માટે યુસડનના મોતથી ખાલી પડેલી રાજ કુવિની જગ્યા મેળવવા, પોતાની અકલ, કૂળ, અને દુઃખો મેળવી શકે એટલા લાગવગથી મેહેનત કરી અને ખંતથી વળગી રહ્યો. અને રાજાએ એ જગ્યા સેવેજને આપવા પોતાનો ઇરાદો ખુલ્લી રીતે જાહેર કર્યો; પણ સેવેજનું નસીબ એવું હતું કે, રાજાએ એ જગ્યા એને આપવાનું ધારેલું છતાં, તે પોતાની તજવીજમાં નાઉમેદ થયો; કારણ લોર્ડ ચેનસેલર જેને તેના હોદ્દાની રૂએ એ જગ્યા પુરવાનો અધિકાર હતો તેણે, રાજાનો વિચાર નહિ, જાણવાથી કે પછી જાણવા છતાં તે પસંદ નહિ પડવાથી, કે પછી એ જગ્યા રાજા પોતાની મરજીમાં આવે તેને આપે તો પોતાના હક ઉપર ત્રાપ મારેલી સમજવાથી, એ રાજ કવિની જગ્યા કોલી કીબર નામના ગૃહસ્થને આપી.

આવી રીતે નાઉમેદ થવાથી સેવેજે [1]રાણીને

---

1 રાણી કેરોલાઇન એ ઘણી સારી અને હોશીઆર સ્ત્રી હતી, જેણીના ધણી બીજા જીયોર્જ ઉપર એનો વક્કર સારો હતો; અને તેણીની સલાહથી તે સારી રીતે રાજ્ય ચલાવી શક્યો હતો.

અરજ કરી કે તમે એક વખત મારી જીંદગી બચાવી છે તો તે જીંદગીનું ગુજરાન ચલાવવાને મને શક્તી વાન કરો, અને એટલાજ માટે સેવેજે તેણીના જન્મગાંઠના દિવસ વિષે એક નાનકડી કવિતા પ્રસિદ્ધ કરી, અને તે ગ્રંથને "વોલીન્ટીયર લોરીએટ" (રાજી ખુશીથી કવિતા રચનાર રાજ કવિ) એવુ વિચિત્ર નામ આપ્યું.

આ નિબંધની હકીકત નિચેના પત્રમાં, તેણે જાતેજ વર્ણવી છેઃ—

"મી૦ અરબન,--તમારાં ચોપાનીયાંના ફેબ્રુઆરીના અંકમાં, વિદ્યા અને કળાની રાજયવંશી પોશિંદીના મોતના દુઃખદાયક પ્રસંગે લખેલો "વોલન્ટીયર લોરીયેટ" નો છેલ્લો ભાગ પ્રસિદ્ધ કર્યો. એજ ઈલકાબથી મી. સેવેજે લખેલો પેહેલો ભાગ હું હાલ તમારા તરફ રવાના કરૂં છું. ઘણો લાગવગ છતાં, રાજ કવિ યુસડનનાં મોતથી ખાલી પડેલી રાજ કવિની જગ્યા નહિ મળવાથી, નાઉમેદ થઇ આ ગૃહસ્થે આ સાથેની કવિતા લખી છે. એ જેવી પ્રસિદ્ધ થઇ તેવી તરતજ રાણીએ ચોપડી વેચનારની દુકાનેથી મંગાવી. રાણીને એની મુલાકાત કરાવે, કે એની કવિતા સનમુખ રજુ કરે એવો કોઇ આ ગ્રંથકર્ત્તાને તે વખતે મિત્ર નહતો; છતાં શાહજાદી એટલી બધી ભલી હતી કે, આ વિવેકના કૃત્યની ગેરહાજરી છતાં એ કવિતા પ્રસિદ્ધ થયા પછી થોડા દિવસમાં સેવજના ઉપર પચાસ પાઉન્ડની હુંડી મોકલાવી, અને રાણી

સાહેબ તરફથી એક મેહેરબાનીની ભરેલો સંદેશો નામદાર લોર્ડ નોર્થ અને ગીલફર્ડની મારફત કહેવડાવ્યો કે, મહારાણી સાહેબ એ કવિતાથી ઘણાં ખુશ થયા છે; રાજા સંબંધીની કડીઓ (લીટીઓ) તેણે ખાસ નીધામાં લીધી છે; દરવરસ એ વિષય ઉપર લખવાને તમને પરવાનગી આપી છે. અને રાણી સાહેબનો તમારે માટે કંઈ વધારે સારૂં કરવાનો વિચાર છે. તે થતાં સુધી, દરવરસે એટલું ઇનામ મળતું રહેશે. આ પછી તેની એક વાર્ષિક કવિતા મહારાણી સાહેબને રૂબરૂમાં નજર કરવાની પરવાનગી મળી હતી, તેના હાથને બોકી કરવાનું માન મળ્યું હતું, અને ઘણો મેહેબાની ભરેલો આવકાર પામ્યો હતો. હું છું તમારો, વિગેરે.”

આવો આ ગ્રંથ હતો, અને એવો એનો આવકાર થયો. એ આવકાર મેહેરબાની ભરેલો ખરો, પણ જોઇએ તેટલો ઉદાર નહતો. વાર્ષિક પ્રશંશા કરાવવા આ ગ્રંથક-ર્તાને બાંધી લેવાથી રાણીના પોતાના વખાણ સાંભળવાની ઇચ્છા, અને ગ્રંથકર્ત્તા તરફ લાગણી બતાવવા કરતાં પોતા તરફની વધારે લાગણી જણાઇ આવતી હતી. આ એક જાતનું લોભી ઉદારપણું હતું. બુદ્ધિનો બદલો વાળવાને બદલે ખુશામત ખરીદ કરવા જેવું આ કૃત્ય હતું.

મીસીસ ઓલ્ડ ફીલ્ડે, સેવેજને અગાઉ એટલોજ પગાર ઔદાર્યાત્મક ઇરાદાથી આપ્યો હતો. સેવેજ તેના અભ્યાસ પાછળ મંડયો રહે, અને બીજાની મંદદની જરૂર ન રહે એજ તેનો હેતુ હતો. પ્રશંશા

કરવાની શરતો વગર, તેણે ભલું કરવામાંજ સંતોષ માન્યો હતો.

આમ છતાં સેવેજ વાંધો કહાડવાને સ્વતંત્ર ન હતો; તે રાણીના ઉપકારથી હરખાઇ ગયો હતો. અને તેના વચનથી તો છકી ગયો હતો. પોતે રાણીનો માનીતો છે, એમ ધારવા લાગ્યો; અને થોડીક વાર્ષિક કવિતા કરવાથી રાણી ફાયદાકારક ધંધે વળગાડશે, એમ તેને નિસંદેહ લાગ્યું. આ કારણસર તેણે "વોલન્ટીયર લોરીએટ" (રાજી ખુશીથી કવિતા રચનાર રાજ કવિ) નો ઇલકાબ ધારણ કર્યો. કીબરે એને ઠપકો આપ્યો અને કહ્યું કે "લોરીયેટ" એ ઇલકાબ માનની નીશાણી છે અને તે ફક્ત રાજાજ બક્ષી શકે છે, અને તેટલા માટે એ માન કોઇ પણ માણસ પોતાના ઉપર બક્ષી શકતો નથી. વળી વધારામાં કહ્યું કે "તમારી મરજી થાય તો યથાર્થ "વોલન્ટીયર લોર્ડ, કે વોલન્ટીયર બેરોનેટ," નો ઇલકાબ ધારણ કરો." આ ટીકા વાસ્તવિક હતી એમ કોઇથી ના કહેવાય એમ નથી; જે ઇલકાબ કીબરના ઉપર બક્ષવામાં આવ્યો હતો તે એવો માન ભરેલો નહતો કે તે પોતે ધારણ કરવાથી બેહદ મિથ્યાભિમાન કેહેવાય એમ સેવેજ ધારતો નહતો, તેથી એ તેજ ઇલકાબથી લખતો રહ્યો, અને દરવરસ તેટલુંજ ઇનામ મળતું ગયું. આ વખાણો પોતાની હોશીઆરીની સાબિતી કે કસોટી હતી એમ તે ધારતો નહતો, તે સમજતો હતો કે

એતો રાણીને તેના વચનની વાર્ષિક સુચના હતી, અગર તો તે વિવેક હતો, જે કરવાથી, પોતાને વાર્ષિક લવાજમનો હુક થતો હતો. આ કવિતા ઉપર વધારે શ્રમ લેતો નહુતો, અને દરવરસ પચાસ નકલથી વધારે છપાવતો નહુતો. અને છેવટ છેવટના વર્ષોમાં તો "ધી જેન્ટલ મૅન્સ મેગેઝીન" એ નામના ચોપાનિયામાં તે દાખલ કરતો, જેથી તે આખા રાજયમાં ફેલાતી.

આ માંહેલી કેટલીક કવિતાને માટે તેના પોતાનોજ અભિપ્રાય એટલો બધો હલકો હતો કે, જે કવિતાનો સંગ્રહ છપાવવાનો તેણે વિચાર બહાર પાડયો હતો, અને જેને માટે ઘરાકોની ટીપ ફરતી કરી નાણું ઉઘરાવ્યાં હતાં, તેમાં આ કવિતાઓ દાખલ કરવાનો તેનો ઇરાદો ન હતો. વળી એમાં કંઇ નવાઇ જેવું નથી કે એકજ વિષય ઉપર લખવાનું હોવાથી, તે કોઇ કોઇવાર સુસ્ત થતો, અને કોઇ કોઇવાર લખવા બેસતો ત્યારે સારૂં લખતો નહિ. નાપસંદ કામને માટે એટલી બધી ઢીલ કરતો કે, તે કોઇ દિવસ સારૂં થાયજ નહિ; અગર તો તેના તેજ પ્રસંગ ઉપર એકના એક વિચાર ફરી ફરીને દર્શાવતો, અગર તો કોઇ કોઇ વાર, અલૌકિકપણાનું યત્ન કરવા તરફ ખોટી રીતે દોરવાઇ જઇ, કલ્પનાઓને તથા કિલષ્ટ આભાસોને મરડી મચડી નાંખતો. તે બેવડા વિચારથી લખતો, અને તેથી વિચિત્રપણું મળી આવતું; કારણ રાણી તરફથી જે આશ્રય એને મળ્યો હતો, તેના બદલામાં

તેના વખાણ કરવા, અને જે ઉપકાર કરવાને તેણે વચન આપ્યું હતુ તેના વિલંબને માટે રોદણાં રોવાં, એ તેનું કામ હતું. તેથી કેટલીએક હુંકોમાં (લીટીઓમાં) કૃતજ્ઞતાનું, અને કેટલીકમાં અસંતોષનું પ્રાબલ્ય છે; કેટલીકમાં તેણીના આશ્રયથી પોતે સુખી છે એમ બતાવે છે; કેટલીકમાં પોતાને વીસારી દીધેલો સમજી અત્યંત દુઃખ બતાવે છે. રાણીનું વચન ભુલી જવાય નહિ એટલા માટે સેવેજે બહુ કાળજી રાખી હતી, પણ તેનું વચન, આ કમનસીબ માણસને જે બીજા વચનો અપાએલા તેની માફક, કદી પળાયું નહિ. એનો "વોલન્ટીયર લોરીયટ" નામનો ગ્રંથ છપાઇ પ્રસિદ્ધ કરવાથી નિયમસર પચાશ પાઉન્ડ મળવા લાગ્યા, તે શીવાય કંઈ બીજો ફાયદો થયો નહિ. પોતાનું હિત વધારવાને જે કંઈ તક મળતી તેને ભૂલી જતો નહિ; પોતાની નાઉમેદીથી તે ઉદાશ થતો નહતો; શાહુજાદી એન જ્યારે પરણી ત્યારે તેના વિદાય થવાના પ્રસંગ ઉપર એક કવિતા લખી, દરબાર તરફથી એવી આશા રાખવામાં આવતી હતી એવું તે જાહેર કરતો; અને ભૂલથી પોતાની આગળ ઉપરની આશા અટકાવવાને તે રાજી નહતો. આ કવિતાથી કંઇ લાભ થયો હોય કે એ કવિતાને કંઈ માન મળ્યું હોય એમ કંઈ જણાતું નથી, અને તેથી એની ફરજ હતી તે એણે અદા કરી, એવું દરબારમાં માનવામાં આવ્યું હશે એ સંભવિત છે, અને તેથી કંઇ વિશેષ ઇનામ આપવાની જરૂર ન હતી;

અગર તો રાણીએ ફાયદો કરવાનું ખરેખર વિચાર્યું હશે, અને તેથી જે માણસને જાથુને માટે ઠેકાણે પાડવાનો તેનો વિચાર હતો તેના ઉપર નવાજશ કરવી એ નકામું ધાર્યું હશે.

આ અરસામાં (તા૦ ૧૪મી માર્ચથી ૧૮૩૪) આકસ્મિક નિંદા કરવાના કારણસર, એની આશાઓ નિષ્ફળ નિવડવાનો તેમજ તેનું પેન્શન બંધ પડવાનો ભય હતો. [1]"ધી ડેલી કુરન્ટ" એ નામનું રોજીંદાપત્ર જે પ્રધાન મંડળના હુકમથી પ્રસિદ્ધ થતું હતું તેના લખનારે સેવેજ ઉપર એક ભારે ગુન્હાનું તોહોમત મૂકયું, જે એને માટે અસાધારણ દ્વેષજનક હતું. અને તેથી રાણી વ્યાજબી રીતે એના ઉપર ગુસ્સે થાત. દરબાર વિરૂધ્ધ [2]ટોરી પાર્ટીના તોફાની ટોળાની સરદારી લઈ ચુંટણીઓ માટે વગસગ વાપરવાનું એના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતું. વળી તોહોમત મૂકનારે આ ગુન્હાને માટે, ઉગ્ર કૃતઘ્નતા બતાવી આપી ભારે રૂપ આપ્યું હતું, અને કહ્યું કે એ તો રાણી કે જેણે

---

૧ ઇંગ્લંડમાં પેહેલું રોજીંદા વર્ત્તમાનપત્ર એ હતું, માણસના હાથ જેવડા લાંબા, ભુરા કાગળના એક તાવ ઉપર ખરાબ બીબાંથી એ છપાતુ હતું. રાણી એનના વખતમાં શરૂ થયેલું હતું.

૨ વિલાયતની કાયદા બાંધનારી સભામાં બે પક્ષ છે, એકનું નામ ટોરી, અને બીજાનું નામ વ્હીગ. ટોરી એટલે રાજાના પક્ષની મંડળી; અને વ્હીગ એટલે લોકોના હક જાળવનારી મંડળી.

એને બદનામીવાળા મોતમાંથી બચાવ્યો હતો, અને જેની મેહેરબાનીથી એ ઓળખાયો હતો, અને જેની ઉદારતાથી એનું ગુજરાન ચાલતું હતું, તે રાણીના વિરૂધ્ધ એક જાતનો બળવો કેહેવાય. તોહોમત જેવું ખુલ્લું અને ખાતરી ભરેલું હતું તેવુંજ, સારે નસીએ, ચોકસ હતું. જે ઠેકાણે એ બનાવ બંન્યો હતો તે કહેવામાં આવ્યું હતું, અને તોફાન કરનારાઓના સઘળા કૃત્યોનું વર્ણન કરવામાં આવ્યું હતું; આ ચોકસપણાને લીધે સેવેજને પોતાનો બચાવ કરવાનું કામ સેહેલું થઇ પડ્યું હતું; કારણ કે જે જગ્યાએ આ ઘાતકીપણું કર્યાનું કહેવામાં આવ્યું હતું તે જગ્યા એણે એની જીંદગીમાં જોઇજ ન હતી. તેમજ જ્યારે કોઇ પણ શેહેરમાં પ્રતિનિધિઓ ચુંટી કાઢવામાં આવ્યા હતા. ત્યારે ત્યાં એ હાજર ન હતો. તેથી માનવામાં આવે એવી જરૂરની સઘળી બીના લખીને, પોતાનો આ જવાબ મી૦ સેવેજે જલદીથી પ્રસિધ્ધ કર્યો, અને માગ્યું કે એજ પત્રમાં એ તોહોમત પાછું ખેંચી લેવું જોઇએ, કે કૃતઘ્નતાનાં તથા સરકાર સામું હુલડ કરવાના આરોપમાંથી તે જલદીથી મૂક્ત થાય. આ માગણી તેણે, તે પત્રના માલીક અને અધિપતિ ઉપર એક ખાનગી કાગળ લખીને, જોરથી માંગી હતી. આ અધિપત્તિએ, જેઓનો બચાવ તેણે માથે લીધો હતો તેઓના આશ્રય ઉપર ભરૂસો રાખીને, કે સેવેજ ઉપર અંગત દ્વેષ હોવાને લીધે, કે રખેને આવી ખાતરી ભરેલી બાબત પાછી ખેંચી લેવાથી પોતાના પત્રનું વજન ઘટે, એમ

કરીને, તે આરોપ પાછો ખેંચી લેવા ના પાડી. સેવેજે તેટલા માટે, પોતાના ઉપરનો દોષ દૂર કરવા ખાતર તેના ઉપર કીંગ્સ બેન્ચ (કોર્ટ)માં ફરીઆદ માંડી. આ આરોપથી પોતાને કંઇ માઠું પરિણામ નહિ થયેલું જાણી અને પોતાનું નિરપરાધીપણું પુરતી રીતે સાબિત થએલું જાણી, સેવેજે આ ફરીયાદ પોતાની રાજી ખુશીથી પડતી મૂકી હતી. પરંતુ તુરત, સેવેજના ઉપર એજ કોર્ટમાં એક બીભત્સ ચોપાનિયું લખી પ્રસિધ્ધ કરવાનું તોહોમત મૂકી ફરીઆદ દાખલ થએલી માલમ પડી હતી.

ઓળખાવાની સેવેજ હમેશાં અપેક્ષા રાખતો; અને જ્યારે કોઈ તકરાર લોકપ્રિય થતી, તો તેમાં ઘણા ઉત્સાહની સાથે દાખલ થવાને એને કારણ મળી આવતાં, અને જે પક્ષને એ પસંદ કરતો તે પક્ષનો એ આગેવાન થતો. ડહાપણ તો એનામાં હતુંજ નહિ, તેથી પક્ષ લેતાની સાથેજ અને તકરારની મુખ્ય બાબતો જાણી લઇ તરતજ પોતાના આધારભૂત વિચારો જાહેર કરતો અને ફેલાવતો, પછી તેમાં પોતાનું હિત હોય કે ન હોય; મનુષ્ય જાતનું ધ્યાન પોતાં તરફ ખેંચાય, એ શીવાય બીજી કંઇ ઇચ્છા ન હતી.

લન્ડનના ધર્માધ્યક્ષ અને [1]ચેન્સેલર વચ્ચે ચાલતી તકરાર એ રાજયકિય વાતચિત કરવાનો મુખ્ય વિષય થોડા વખત સુધી હતો. અને સેવેજે પોતાની સાખ મુજબ, તે પ્રસંગે દરેક કોફી હાઉસમાં જે વિવાદ કરનારાઓ ભરાતા, તેમાંના એક તરીકે મશહુર થવાને

૧ વિલાયતમાં સર્વોપરી ન્યાયની કોર્ટનો મુખ્ય ન્યાયાધીશ.

યત્ન કર્યું. ધર્મ સંબંધી સત્તા, શા પાયા ઉપર બક્ષવામાં આવેલી છે તે તે જાણુતો નહુતો છતાં, તે સત્તાના હુકોની વિરૂધ્ધ સેવેજ અવિશ્રાંત દુશ્મન હતો. લન્ડનના ધર્માધ્યક્ષનો એ મિત્ર ન હતો; પણુ ડાકટર રન્ડંલ તરફથી ઉત્સાહી વકીલ તરીકે ઉભા રહેવાનું એક, બીજું કારણુ હતું, તે એ કે મીાં૦ ફોસ્ટર અને મી૦ થોમસન જેઓ મી૦ સેવેજના મિત્ર હતા, તેઓનો એ ડાકટર રન્ડંલ પણુ મિત્ર હતો.

આ તકરારમાં આટલું કૂરનું હિત છતાં, તેમાં ઘણો સ્વાર્થ સમાયલો છે એમ તે ધારતો; તે ઉપર વા દવિવાદ અને ભાષણ કરતો એટલુંજ નહિ સંબંધમાં કંઇ લખવાની જરૂર હતી એમ તેણે ધાર્યું હતું, આ કારણુસર [1]"પાદરીની વૃદ્ધિ" એ નામની કવિતા રચવામાં તે ઘણા ઉત્સાહથી ગુંથાયો. આ કવિતામાં તે એક દુરાચારી પાદરી ([2]પ્રીસ્ટ) ને ઘાતકીપણાના સઘળાં પગથીઆમાં થઇને ગામડાના ગરીબ મદદનીશ પાદરીની જગાએથી શીરૂ કરી ને ખ્રિસ્તિ ધર્મની મોટામાં મોટી જગાએ ચઢાવે છે; અને સ્વાભાવિક ટોળથી અને મનુષ્યની જીંદગીના તરેહ તરેહવાર ઓહોળા અનુભવના જ્ઞાનથી દરેક જગા (સ્થીતીમાં) માં તેની ચાલનું વર્ણન કરે છે; અને [3]વળમાં કહે છે કે આ સર્વ ગુણ સંપૂન્ન પાદ-

૧ The progress of a Divine

૨ બિશપથી ઉતરતા અને ડીકનથી ચઢતા દરજ્જાનો પાદરી

૩ રંકોક્તિમાં

રીનો લન્ડનનો ધર્માધ્યક્ષ મુરબ્બી થયો. જ્યારે એના કોઈ દોસ્તદારે તેને પૂછ્યું, કે શા આધાર ઉપર તમે ધર્માધ્યક્ષ ઉપર આવા કૃત્યોનો આરોપ મૂકો છો; ત્યારે તેણે જવાબમાં કહ્યું કે એ આરોપ તો ઉલટા ક્રમે મૂકેલો છે; એટલે ધર્માધ્યક્ષ ઉપર એ આરોપ મુકવાનો નથી, પણ તેમના સામાવાળાપર. કંઈ પણ કારણ વિના જે કોઇ સારા માણસની ચઢતીમાં હરકત કરે, તે ખરાબ કારણો માટે કોઇ હરામખોરની ચઢતીને પુષ્ટી આપે. આ નિન્દાત્મક કવિતાથી આખું પાદરી મંડળ ગુસ્સે થયું, અને સેવેજ જેણે પોતાના વહીવટ મુજબ પોતાનું નામ આ ગ્રંથ જોડે જોડયું, તેને "ધી વીકલી મીસેલેની" નામના પત્રમાં ઘણો સખત ઠપકો મળ્યો, અને તે તે કોઇ દિવસ ભુલી ગયો નહિ.

પણ નિંદાને બદલે નિંદા કરવી એ કંઇ પૂરતી શિક્ષા કેહવાય નહિ. સેવેજના ઉપર કોર્ટમાં ફરીયાદ થઇ, અને બીભત્સ વચનના આરોપ માટે જવાબ આપવાની જરૂર પડી. તેના બચાવમાં એમ જોરથી કહેવામાં આવ્યું કે દુરાચાર વધારવાના ઇરાદાથી બીભત્સ વચનો બોલાયાં કે લખાયાં હોય તો તે ગુન્હો થાય છે, પણ આવા બીભત્સ વિચારો ધિક્કારને પાત્ર થાય એ હેતુથી તેમજ ઘાતકીપણાના દોષ બતાવી, જમાનાને સુધારવાના હેતુથી, સેવેજે આ બીભત્સ વિચારો દાખલ કર્યા હતા. આ દલીલ માન્ય રહી, અને સર ફીલીપયોર્ક, જે કોર્ટનો પ્રમુખ હતો, તેણે

સેવેજના લખાણની શ્રેષ્ઠતા તથા સ્વચ્છતાના વખાણ કરી, આ ફરીઆદ નામંજુર કરી. જે કારણસર જેઓએ આ ફરીઆદ ઉપસ્થિત કરી હતી તે કારણ થોડે ઘણે દરજ્જે જળવાયું; કારણ એથી સેવેજ એટલો બધો ડરી ગયો હતો કે, આ કવિતાની આ આવૃત્તિ વેચાઇ ગયા બાદ તેણે તે ફરી છપાવવાની હીમત કરી નહિ. તેથી તે થોડા વખતમાં ભુલી જવાઇ, અગર તો જે લોકોને એથી માઠું લાગ્યું હશે તે શીવાયના સઘળા તે ભુલી ગયા. રાણીને એના ઉપર ગુસ્સે કરવા કેટલીક તજવીજ કરવામાં આવી હતી એમ કહેવાય છે; પણ તેની કંઇક અસર ઓછી કરવાને એને વકીલો મળી આવ્યા હતા. કારણ જો કે એને આગળ વધારવામાં તો નહિ આવ્યો તો પણ એને પેનશન મળતું તે જારૂ રહ્યું હતું.

આ કવિતાએ એની જીંદગીના કોઇ પણ બનાવ કરતાં વધારે બદનામી આણી અને જો કે એની વર્તણુંકનો બચાવ થઈ શકતો નથી, તો પણ એની યાદગીરી ઠપકામાંથી બચાવવી એ વાસ્તવિક છે, કારણ જેઓને એણે દુશ્મન કર્યા હતા તેમને એણે કહ્યું હતુ કે હું ફરી ફરીને ચિડવવાનું કારણ આપવાનો ઇરાદો રાખતો નથી. અને જો કે "The progress of a Divine" (પાદરીની વૃદ્ધિ) ની નવી આવૃત્તિ હવે કહાડવીજ નહિ એવો તેનો નિશ્ચય ઠરાવ હતો, તો પણ જ્યારે જ્યારે પાદરીઓ સામે એને બડબડવાનું કંઈ કારણ મળતું ત્યારે ત્યારે, આ પુસ્તકની નવી આવૃત્તિ કહાડવાનું કહી તેમને ડરાવતો.

"[1] ઇશ્વરોક્ત કોઇ શાસ્ત્ર નથી એમ માનનારની વૃદ્ધિ" એ નામની કવિતા લખી, જે બેવકુફી અથવા અન્યાયનો એના ઉપર આરોપ મૂકવામાં આવે તેનો વધારે સારો બદલો વાળવાનો એનો ઇરાદો હતો. આ પ્રમાણે માનનાર માણસને લૌકિક ભ્રમયુક્ત તર્ક વાપરીને દુર્ગુણ અને બેવકુફીના સઘળાં પગથીઆંમા થઇ દોરવી લઈ જવાનો, તેને સદગુણીમાંથી પાપી બનાવવાનો, અને ઇમાનીમાંથી બેઈમાની બનાવવાનો અને આખરે પોતાના હાથથી તેને બીજી દુનિઆમાં કાઢી મૂકવાનો ઇરાદો હતો. એની આ યોજના એ પાર પાડી શકયો નહિ, એ મનુષ્ય જાતને ખરેખરી ખોટ છે; કારણ તે દુર્વ્યસનના સઘળા રંગથી એટલો બધો ભોમીયો હતો કે તેનો ચિતાર આપવામાં તે ભુલ કરત નહિ, અને સદગુણને માટે એટલો બધો ઉત્સુક હતો કે તેની હાંસી કે તિરસ્કાર થાય નહિ એવી રીતે તેનો ચિતાર આપ્યો હોત; એની કલ્પનાનું બળ ખરચાઇ ગયા પછી અને શોધનો ઉભરો સમાઈ ગયા બાદ, એની બીજી યોજનાની માફક, આ યોજના ઘડીને પડતી મૂકી હતી. બીજી યોજના ઉપાડી લીધી, અને તે પણ થોડી વાર તેના અલૌકિકપણાથી ખુશ થયા બાદ, આ નવી યોજનાની માફક, વિસારી મુકવામાં આવી હતી.

તે હમેશની માફક હજુ તંગીમાંજ હતો, કારણ રાણીએ જે પેનશન આપ્યું હતું તે શીવાય

---

[1] The progress of a Free-Thinker

બીજું કંઇ ચોકસ સાધન નહતું; આ પેનશાન ખરે ખરા કરકસરથી રેહેનારને તો ગુજરાનના સાધનનૂ પૂરતું હતું, પણ મી૦ સેવેજને માટે તે પૂરતું નહતું, કારણ તે પોતાની ક્ષુધા, તૃષા ને સંતોષ આપ્યા વગર રહેતો નહિ; અને જે કંઇ ગમ્મત નજરે પડી કે તેમાં ભાગ લીધા વગર રેહેતો નહિ. તેની પેનશાનની બાબતમાં તેની વર્તણુંક ઘણી ચોકસ હતી. [1]બીલના નાણું લીધાં કે તુરતજ તે અલોપ થઇ જતો, અને કોઇને માલમ ન પડે એવી જગાએ થોડા વખત સુધી પડી રેહેતો; પણ આખરે દોઢીયાં પાસે નહોય ત્યારે પાછો દેખાવ દેતો, અને જેને માટે એ માન ધરાવતો તેવા ગૃહસ્થોને પણ પોતે કયાં ગયો હતો તેની ખબર કરતો નહિ. એની લપાઇ રહેવાની જગ્યા કોઇથી શોધી કઢાય નહિ. જેટલો વખત રાણીના તરફથી એને પેનશાન મળ્યું ત્યાં સુધી આજ એની ટેવ હતી. નિયમશર અલોપ થઈ જતો અને પાછો આવતો. તે નિશ્ચય પૂર્વક કહેતો કે હું અભ્યાસ માટે એકાંત સ્થળે જતો, 'અને પેનશાનથી ઘણા મહિના સુધી મારૂં ગુજરાન ચાલતું; પણ એના દોસ્તદારો જાહેર રીતે કહેતા કે પેનશાનના નાણાં થોડા વખતમાંજ ખૂટી જતાં અને તે ઉપરથી એની પોતાની વર્તણુકનો હેવાલ ખોટો પડે છે.

એની સભ્યતા તથા બુદ્ધિને લીધે એને નવા

---

૧ ફરજદારના હાથની ચિઠ્ઠી.

દોસ્તદારો મળ્યા. જે દરિદ્રતામાં એ અત્યાર સુધી પીડાયો હતો તેમાંથી છુટો કરવા તેઓ ઇંતેજાર હતા. આ કારણુસર તેઓએ ઘણી આજીજી અને આગ્રહથી સર રોબર્ટ ઉવાલપોલને સેવેજના તરફથી અરજ કરી. તેણે વરસે બસેં પાઉન્ડના મુસારાની ખાલી પડતી જગ્યા આપવાનું વચેંન આપ્યું. આ વચનએવા અસાધારણ એકરારૂંની સાથે આપવામાં આવ્યું હતું કે, "કોઈ પ્રધાનનું કોઇ અરજદાર પ્રત્યેનું આ વચન નથી પણ એક દોસ્તદારનું બીજા દોસ્તદાર પ્રત્યેનું હતું."

મી૰ સેવેજને હવે હમેશને માટે નિરાંત વળી હોય એમ તેને લાગ્યું. તેની જીંદગીના આ બનાવ ઉપર તેણે લખેલી કવિતામાં તે કહે છે કે હું બીજાનો ભરોસો રાખતો અને બીજા મારો ભરોસો રાખતા. પરંતુ આ ભરૂસો પાયાદાર ન હતો, અને મિત્રાચારીનું આ વચન અભંગ ન હતું એમ તેને ઝટ માલમ પડયું.

તેણે આજીજી કરવામાં ઘણો વખત ગાળ્યો, અને આખરે નાઉમેદ થઈ પાછો હઠયો. એને આગળ વધારવામાં તેનું (પ્રધાનનું) હિત મંજબુત થાય એમ ન હતું, એમ માનવાને સેવેજે પ્રધાનને કારણ આપ્યું હતું. રાણી [1]એનના છેલ્લા વર્ષોના પ્રધાન મંડળના વકીલ તરીકે કોપ્રીખાનામાં પ્રખ્યાત થવાને સેવેજે મેહેનત લીધી હતી; અને તે લોર્ડ [2]બોલીંગબ્રોકની

---

[1] સન ૧૭૦૨થી સન ૧૭૧૪.

[2] હેનરીસેંન્ટજોન અથવા લોર્ડ બોલીંગબ્રોક રાણી એનના વખતમાં એક પ્રધાન હતો.

પ્રશંશા કરતો અને તેની વર્ત્તણુંક વ્યાજબી હતી એમ કહેતો; વળી આ અરસામાં તેણે જે ગ્રંથકર્ત્તા ઉપરનો કાગળ (Epistle upon authors) લખ્યો હતો. તેમાં તેના તરફ પૂજ્ય બુદ્ધિ બતાવી હતી અને વળી તે એટલો બધો ડાહ્યો થયો કે તે કાગળ છપાવ્યો હતો; અને તેમાંના તુકડા પોતે 'એકાંત વાસી થયા પછી, ચોપાનિયામાં દાખલ કર્યા હતા.'

આમ છતાં નાઉમેદ થવું એ સેવેજનું લક્ષણ ન હતું; એક વસીલો તૂટયો કે બીજો શોધતો. [1]શાહજાદો હવે અતિશે લોકપ્રિય થયો હતો, અને સેવેજ જેને પોતાથી ચઢીઆતા ન હતો ગણતો એવા ગ્રંથકારોને તેણે ઉદારતાથી ઇનામ આપ્યા હતા, તેને એક કવિતા લખી મોકલવાનો તેણે નિશ્ચય કર્યો. આ કારણ સર તેણે એક એવા વિષયને પસંદ કર્યો કે જે ફકત ઘણા ઊંચા દરજ્જાના અને અતિશ્રીમંત માણસોને લાગુ પડે, અને શાહજાદાનો વસીલો મેળવવા ખાતર એ વિષય કવિતાને માટે વાસ્તવિક હતો. ગમતને લાલચ અને સાહુકારોની આજીજી જેથી એના વિચાર સરખી રીતે ધૂળધાણી થતા, તેને એક કોરે મૂકી પોતાની યોજના પૂરેપૂરી શાંતતાથી ઘડી કહાડવા સારૂ તે કેટલાક વાખત સુધી રીચમન્ડના એકાંત વાસે ગયો, અને ત્યાં એણે [2]"જાહેર કામ સંબંધી જાહેર હિમંત" એ વિષય ઉપર એક કવિતા લખી.

---

૧ ફ્રેડરીક. પ્રીન્સ ઓફ વેલ્સ.

૨. Public Spirit with regard to public works.

આ કવિતાનું આલેખન ઘણું વિશાળ છે, એમાં ઘણા પ્રકરણનો સમાસ થાય છે, અને તે દરેક પ્રકરણનો એક મોટો ગ્રંથ થાય એમ છે, અને તેમાં કેટલાંક પ્રકરણ લખવામાં તો નામીચા લેખકો ગુંથાયલા હતા; પણ તે જાતે પોતાની યોજનાના વિસ્તારથી પુરતો માહીતગાર ન હોવાથી અને પોતાની હાજતો પુરી પાડવા અંતરજ લખતો હોવાથી, ઘણા જાહેર કામો જેનું એનાજ વિચાર પ્રમાણે ઘણીજ મેહેનતથી વર્ણન કરવું જોઇએ. તે કામો વિસારી મૂકયાં હતાં.

જે વિષયો ઘણીવાર ધ્યાનમાં લેવાયા હતા, અને તેથી સ્વભાવિક રીતે તેઓને માંટે સારી ધારણાઓ રાખવામાં આવે, તે વિષયો ઉપર ક્ષણિક ઇસારા કરી, તે આ કવિતાના વાંચનારને કોઈ કોઈ વાર, નિરાશ કરે છે; તો પણ તે ગ્રંથના છેવટના ભાગમાં કોઇ પણ નામીચા કવિએ નહિ વખાણેલા એવી જાતના પરોપકાર વિષે વિસ્તારીને લખવાથી સેવેજે પોતાની ચૂકનો બદલો વાળ્યો છે; વળી જે ઘણાં પુસ્તકો અત્યાર સુધીમાં કવિતાના શણગાર તરીકે અતિશય લાયક ગણવામાં આવ્યાં છે તેના કરતાં આ ગ્રંથ હવે વધારે શણગારી શકાય એવો, કલ્પનાને વધારે ઊંચે પદે ચઢાવે એવો અને મનોવિકાર માત્રને વધારે અસર કરે એવો માલમ પડે છે. વસ્તી વગરના દેશોમાં સંસ્થાનો વસાવવાં, જે સંસ્થાનો નિર્ભયપણામાં હોય, તેની સ્થાપના કરવી, કોઇને નુકસાન કર્યા વગર મીલકત મેળવવી, પૂર જોરપર ખીલી રહેલા અને નકામા જતા

કુદરતના પ્રસાદને પોતાનો કરી લેવો, ને જે બક્ષિસો ઇશ્વરે નહિ ખેડાયલા અને વસ્તી વગરના મુલકો ઉપર વેરેલી છે તેનો ઉપભોગ કરવો, એ સઘળી બાબતો મનરંજન કરે એવા હજારો વિચારો ઉપસ્થિત કરે, અને રમણીક દેખાવમાં કલ્પનાને વ્યાકુળ કરી નાખે એમાં આશ્ચર્ય જેવું નથી. આવી બાબતો રાજકિય અભ્યાસમાં ગુંથાયલા પુરૂષોમાં ઝામે તેવા વિચારો ઉત્પન્ન કરે, પણ તેઓ સ્વાભિક રીતે કોઈ પણ કવિનુ ધ્યાન ખેંચ્યા વગર અને પ્રશંશા મેળવ્યા વગર રહે નહિ. જે દૂઃખો પોતાની જન્મ ભૂમિમાં સહન કરવાં પડે છે, અથવા જે દુઃખોને માટે ભય રહે છે, તે દૂર કરવા માણસોને પોતાના રક્ષણ માટે બીજા દેશમાં જવું પડે છે, જંગલમાં અને રણમાં જઇ વસવું પડે છે, જીંદગી ગાળવી પડે છે, અને દૂનિયાના છેલ્લા ખુણામાં પોતાના વંશજોને વસાવવા પડે છે, એ વિષે જ્યારે કોઇ રાજનીતિનિપૂણ પુરૂષ વિચાર કરે છે; ત્યારે તે વાસ્તવિક રીતે સવાલ કરે છે કે કાયદા બનાવનારી સભા આવાં દુઃખોમાંથી નાશી જવાને ઉત્તેજન આપવાને બદલે આવા દુઃખોને માટે શા માટે કંઈ ઈલાજ કરે નહિ. તે રાજનીતિ નિપૂણ માણુસ એવા અનુમાન કરે કે દરેક પ્રમાણિક માણુસના નાશી જવાથી આલમને નુકસાન છે, જેઓ નિરપરાધી છતાં દુઃખી છે, તેને છોડાવવા જોઇએ, જે માણુસ આકસ્મિક દુઃખોથી બેસાસણુ પડેલા છે તેને લોકોએ તે દુઃખમાંથી કાઢી સુખમાં મૂકવા જોઇએ, અ

ને જેઓએ પોતાની ખરાબ વર્તણુકને લીધે મહેરબાની માગવાનો હક ખોયો છે, તેઓને જનમંડળમાંથી હાંકી કાઢવાને બદલે તેઓ લોકોને ઉપયોગી થઈ પડે એવા કરવા જોઈએ. કાયદાઓ, ગમે તેવા વ્યાજબી કે પ્રસંગ યોગ્ય છતાં, કરવામાં આવે નહી તેવા કાયદા બાંધવા સારૂ વિચાર કરવાના કામમાં રોકાવા કરતાં, તેમજ હૈવયોગે સ્થાપવામાં આવેલી મંડલીઓ, કે જે તેઓના આગેવાન જે હોય તેઓની ખાનગી આતુર મનકામના પૂરી પાડવાને માટે ચલાવવામાં આવે છે, તે મંડળીઓના કારભાર ચલાવવા ડાહી યોજના ઘડી કાઢવાની કોશીષમાં રોકાવા કરતાં, કવિ તો વધારે મનરંજન કરે એવા કામમાં રોકાયલો હોય છે. કમનસીબ નાશી જનારને કવિ દરિદ્રતા અને જુલમમાંથી છોડવી લીલાલ્હેર, શાંતતાં, અને નિર્ભયતામાં લઇ જાય છે, અને શાંત એકાંત વાસમાં અને સ્વસ્થ વિશ્રાંતિમાં તેને બેસાડે છે.

એકાંત વાસની આ આશાએ મનરંજન કરે એવા વિચારોમાં સેવેજને ગરકાવ કર્યો હતો છતાં, નવા મુલકના શોધ કરનારાઓ જે ગુન્હાઓ કરે છે, તેને માટે તેમને ઠપકો આપવો, તેમજ જંગલી પ્રજા જે સામે થાય નહિ તેની સાથે લડાઇ કરવાનું, ફળદ્રુપ હોવાને લીધેજ તેવા દેશો ઉપર હુમલો કરવાનું, દુર્ગુણનો ફક્ત ફેલાવો કરવાને નૌકાપર્યટન લંબાવવાનું, ફક્ત ઊજડ કરવાને દુરના દેશો જોવા જવાનું,--મહાભારત ઘાતકીપણુ પ્રસિદ્ધ કરવાને તે ભુલી ગયો નહતો. માણસ જાતની કુદરતી સમાનતા તેણે સ્થાપન કરી હતી; હક એ ખ

ળાનું પરિણામ છે, એમ માનનારાઓનો ગર્વ દાબી દેવા ને પ્રયત્ન કર્યું હતું, તરેહ તરેહવાર દુઃખો જેથી માણુસોને દૂરના દેશોમાં રક્ષણને માટે જવું પડે છે, તે દુઃખોનું સેવેજની કલમથી થએલું વર્ણન મનુષ્યની જીંદગીના અગત્યના અને બોહોળા અભ્યાસમાં એની નિપુણતાનો એક બીજો દાખલો છે; અને જે દાઝથી તેનું તપસીલવાર કથન કરે છે, તે એની દયા તથા પરોપકારની એક બીજી સાબિતી છે.

મી૦ સેવેજના વિચારોમાં અનુભવથી જે ફેરફાર થયો હતો તે આ કવિતાને અંતે જોવામાં આવે છે. જુવાનીમાં લખેલી એની એક કવિતામાં દુનિયાદારીમાં મધ્યમ સ્થિતિના માણસોના ટુંકા વિચારો અને અપ્રશસ્ત આશાઓને માટે તે પોતાનો તિરસ્કાર જાહેર કરે છે, અને [1]સીડરની પેઠે ઊંચા થવાનો કે નાના છોડની માફક પગતળે કચડાઇ જવાનો, પોતાનો નિશ્ચય ઠરાવ જાહેર કરે છે; પણ આ કવિતામાં, જો કે તે શાહુજાદાને લખેલી છતાં, મધ્યમ સ્થિતિને માટે લખે છે કે, એ સ્થિતિમાં, ઇનામ મેળવનારાઓ, અધિકારને પાત્ર, તેમજ મોટાઇના પરિચયને યોગ્ય માણુસો મળી આવે છે, અને તેના એક દોસ્તદારને આ વાક્ય સંબંધી અચાનક બોલતાં સેવેજે કહ્યું હતું કે 'મનુષ્ય જાતના સઘળા સદગુણોનો આ સ્થિતિમાં સમાવેશ થએલો છે.

---

૧ દેવદાર જાતનું એક ઝાડ.

વાડીઓ અને બગીચાઓનું વર્ણન કરતાં, અજાણ્યા માણસો ગમતના બદલામાં ચાકરોને જે પૈસા આપતા અને ધણીઓ તેઓને લેવા દેતા, તે અંગ્રેજ લોકોમાં ચાલતા બૂરા રિવાજને ધિક્કારી કાઢવામાં તે ચૂકયો નથી. કવિતામાં પણ એ બૂરો રિવાજ તેણે વખોડી ગાયો છે, પરંતુ આ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કરતાં પેહેલાં તેને યાદ આવ્યું કે રાણીએ પોતાનો [1]રીચમન્ડ આગળનો બગીચો અને ગુફા પૈગ્ન લઈ જોવા દેવા ખુલ્લાં મુકયાં હતાં; તેણે એ વહીવટને એટલો તો જાહેર રીતે ટેકો આપ્યો હતો કે, તે બગીચા અને ગુફા બતાવવાનો હક, પોતાની મેહેરબાનીના માણસને પૈસા પેદા કરાવવાની ખાતર આપ્યો હતો, જો કે આ કૃત્યથી તેણે તે માણસને તેના દેશને અપમાન કરવાની છૂટ આપી હતી. હમેશાં ડહાપણ વાપરતો તે કરતાં વધારે ડહાપણ વાપરી, તેણે વિચાર્યું કે આવી લીટીઓથી રાણી કે જેણે જીંદગી બચાવી તેનું ગુજરાન ચલાવવાને સાધન આપ્યું હતું, તેનું અપમાન કર્યું, એમ કોઈ તેણીને જાહેર કરશે, તેનું વ્યાજબી ગેરવ્યાજબીપણું કોઈ જોશે નહિ, માટે એ લીટીઓ તેણે પેહેલી આવૃત્તિમાંથી કાઢી નાંખી; પણ રાણીના મોત પછી, એ સાવધાનીની જરૂર નહિ લાગવાથી, તે લીટીઓ પાછી જયાંની ત્યાં દાખલ કરી. રાજકિય દુષણ વિનાની આ કવિતા, પ્રસિદ્ધ કરવામાં આવી અને તે શાહજાદાને અર્પણ કરવામા

---

[1] લન્ડનથી આશરે ૧૫ માઇલને છેટે એક ગામ છે.

આવી. આ કવિતા શાહજાદા પાસે કોઈ લઇ જાય એવો કોઇ દોસ્તદાર ન મળી આવવાથી વારંવાર જાહેર ખબર છપાવી તેનું ધ્યાન ખેંચ્યું, પણ સેવેજને આ તેના ઉદાર મુરબ્બી પાસેથી કંઈ ઈનામ મળ્યું નહિ. આ નાઉમેદી માટે તે ગુસ્સાથી બોલતો, કારણ એ કવિતા તેને અર્પણ કરેલી હતી, એ 'શાહજાદો જાણતો હતો, અને કહ્યું કે આ કવિતાથી તે પ્રખ્યાત લોકપ્રિય થયો હોત, તો મેહેનતનો બદલો મળી ચૂકેલો સમજત. એક વખત તેનું મન થઇ આવ્યું કે જાતે શાહજાદા પાસે જઈ એ ગ્રંથ નજર કરવો, અને તે વિચારથી છાપનાર પાસેથી એક નકલ મંગાવી, પણ એણે એનો વિચાર ફેરવ્યો કે હિંમત નહિ તેથી ઘુસવાનું માંડી વાળી, બડબડતો બેઠો રહ્યો. એના મુરબ્બીની માફક લોકો પણ મેહેરબાન થયા નહતા; કારણ લાયક ગૃહસ્થોએ એ ગ્રંથ વખાણ્યો હતો છતાં ફક્ત બ્હોતેર નકલ વેચાઇ હતી, કમનસીબે, પાર્લ્યામેન્ટ બરખાસ્ત થયા બાદ બે દિવસ પછી આ ગ્રંથ પ્રસિદ્ધ થયો, અને તેથી જે ગૃહસ્થો એની કદર પીછાને એવા હતા તેઓ બહાર ગામ જવાની તૈયારીમાં હતા, અથવા તો જાહેર કામકાજમાંથી પરવાર્યા પછી એક બીજાની રજા લેવામાં ગુંથાયલા હતા, એમ કહી, સેવેજે પોતાના ગ્રંથની ખામી ઉપર દોષ ન મુકતાં, લોકો સાથે પોતાના મનનું સેહેલથી સમાધાન કર્યું. લોકોને ન્યાય આપવાની ખાતર એટલું તો કહેવું જ જોઇએ કે આ ગ્રંથ સેવેજના ગ્રંથો પૈકી શ્રેષ્ટ ન હતો; અને

જો કે એમાં અસરકારક વિચારો, પ્રૌઢ લીટીઓ અને ખરાં અવલોકન હતાં, તો પણ એકંદરે તેની ભાષા ભભકદાર નથી. તે માહેલો ભાસ ખુશ કરે એવો નથી, અને તેની રચના વ્યવસ્થિત નથી. આ ગ્રંથ તેની દરિદ્રતા કમી કરવામાં કંઈ પણ સહાયભૂત થયો નહિ. એની દરિદ્રતા એવી હતી કે ઘણા થોડાજ એના જેટલી ધીરજથી સહન કરી શકે, વળી એમ કબુલ કરવું જોઈએ કે, જેને નિયમસર દર વરસ પચાસ પાઊન્ડ મળતા હોય તે એવી દરિદ્રાવસ્થામાં આવી પડેજ નહિ, આ પગાર જો કે ખોટી મોજ મઝા અને એશઆરામ કરવા માટે જોઇએ તેટલો ન હતો તો પણ એક કુટુંબના પોષણ પુરતો હતો, અને, બેશક, જીંદગીની હાજતો પુરી પાડવાને જોઇએ તે કરતાં વધારે હતો.

પણ જેવો પગાર મળતો કે તેવોજ તે પોતાની પ્રિય એકાંત જગ્યામાં જતો રહેતો, અને થોડો વખત ચેનબાજી ભોગવી તુરતજ કોડી વગરનો થઇ પાછો આવતો, અને વર્ષનો થોડોક ભાગ તો નસીબે આવી મળે તે ઉપર દાહડા કાઢતો, અને જયારે કોઇ પીછાનવાળા માણસ આમંત્રણ કરતા, ત્યારે ખાવાનું મળતું; તેની સભ્યતા ભરેલી અને વિચિત્ર વાતચિત એ તેની પરોણાચાકરીનો પુરતો બદલો ગણવામાં આવતો હતો; તો પણ હલકા પોશાકને લીધે એવા આમંત્રણ ઘણીવાર તે સ્વીકારતો ન હતો. જેવું ખાવાનું આકસ્મિક તેમુજ રહેવાનું પણ આકસ્મિક હતું. કોઈ કોઇવાર ભટકનારા-

ઓને માટે ખુલ્લા રાખવામાં આવતાં ઘરોમાં, અને અને કોઇ કોઇ વાર નીચમાં નીચ અને લફંગા લોકો સાથે ભોંયરામાં રાત કાઢતો; અને જ્યારે આવી જગ્યામાં રહેવાને માટે પૈસા પાસે ન હોય ત્યારે, થાકી જતો ત્યાં સુધી મહોલ્લામાં આમ તેમ ફરતો, અને ઉનાળામાં દુકાનના લટકતા પાટીયા ઉપર પડી રહેતો અને શીયાળામાં પોતાના જેવા દરિદ્રી સોબતીઓની સાથે કાચ બનાવવાના કારખાના આગળની રાખમાં સુઇ રેહેતો.

જે રાત્રીઓ અને દિવસો કુદરતે ઊંચા તર્કોમાં, ઉપયોગી અભ્યાસમાં, અથવા મનોરંજન વાતચિતમાં ગાળવાને સેવેજને શકિતમાન કર્યો હતો, તે રાત્રીઓ અને દિવસો તેણે આવી રીતે કાઢયા, "ઊવોન્ડરર" (ભુલું પડેલું માણુશ) નામના ગ્રંથનો કર્ત્તા, ઊંચા મનોભાવનો, વિસ્તીર્ણ વિચારનો, અને વિચિત્ર અવલોકનનો ધણી, જીંદગી ઉપરની જેની ટીકા રાજનિતિજ્ઞને મદદગાર થઈ પડત, સદગુણના જેના વિચારોએ નિતિશાસ્ત્રજ્ઞને પ્રકાશિત કર્યો હોત, જેના વાકૂચાતુર્યથી રાજ્યમંડળીને અસર કરી હોત, જેનાં મુલાયમપણાંએ દરબારને રોનકદાર બનાવી હોત, એવો આ પુરૂષ દુકાનના લટકતાં પાટીયા ઉપર, ભોયરામાં, કે કાચ બનાવવાના કારખાનામાં, ચોરો અને ભીખારૂઓની સોબતમાં મળી આવતો. આવી અંત્યંત ગરીબીને લીધે આબરૂને બટ્ટો લાગે એવાં કૃત્યો કરવાં પડ્યાં હશે, એમાં કોઇથી ના કહેવાય એમ નથી.

કોઈ પણ ઓળખીતો મળ્યો કે તેની પાસે નાની રકમ આજીજી કરી માગતો, અને આવી માગણી વાર વાર થતી તેથી નાની રકમ લાંબી મુદતે ઘણી ભારે થતી, આ કારણને લીધે જેઓ એની કંગાલીઅત અવસ્થા જાણતા તેઓ તુરતજ તેનાથી આઘે રેહેતા. પણ રખડમટ્ટી કરી જીંદગી ગાળવાની તેની રીતને લીધે અને જાહેર જગાઓમાં એની સતત હાજરીને લીધે તેને પરંપરા નવા દોસ્તદારો મળી આવતા. તેથી તે ભાગ્યેજ નિરૂપાય થતો, પણ આડીવેળાએ, જલદીથી મદદ મળી આવશે એવી ખાત્રી, એ તેનું સુખ હતું. નમ્રપણું કે આધીનતા બતાવ્યા શીવાય આવી જાતની તે મદદ માગતો; અને તેની અરજ કોઇ કબુલ રાખતું તો તેનો આભાર સ્વીકાર કરવા યોગ્ય ગણતો નહિ; પણ જો કોઇ ના કહેતું તો પોતાનું અપમાન થએલું ગણી રીસાતો, અગર તો કોઇએ જાણે નુકસાન કર્યું હોયની તેમ તેની સામે બડબડતો. વળી જેઓ એને આપવાની ના પાડતા અથવા જેઓ આપેલું પાછું લઇશું એવો પાછળથી ઇસારો કરતા, તેઓ સાથે સલુક રાખતો નહિ, જેઓ એના ગુણ અને દુઃખ જાણતા તેઓ એના ઉપર એટલી બધી દયા લાવતા કે તેઓ પોતાના કુટુંબમાં એને દાખલ કરતા; પણ તે તુરતજ નહિ જોગવાય એવો સાથી (એક ઘરમાં રહેનાર) માલમ પડી આવતો. કારણ જીંદગી અનિયમીતપણે કાઢવાની ટેવ પડેલી હોવાથી તે વખત સાચવી શકતો નહિ, કુટુંબના નિયમો જાળવતો નહિ, પણ મધ્યરાત્રી

સુધી પોતાની વાતોના સપાટા માર્યા કરતો, અને એમ નહિ વિચારતો કે સવારમાં તો એ દોસ્તને કામે વળગવાનું છે. અને જ્યારે સુઈ જતો ત્યારે જમવા ઉઠાડવાને પણ તેટલીજ મુશીબત પડતી. તેથી ઘર ખરચની વ્યવસ્થા તદન ઉંધી વાળ્યા વગર એ જોગવાય એમ નહોતું, અને જ્યાં જ્યાં એ ભાઇના પગલાં ;ત્યાં ત્યાં ઘરની વ્યવસ્થા ઉંધી વાળવાની ઇચ્છા રાખતો. તેટલા માટે લોકને ઇન્સાફ આપવાની ખાતર કબુલ કરવું જોઇએ કે તેના દોસ્તદારોની ગફ-લતી કે બેદરકારીને લીધે સેવેજ દુઃખી થયો નહતો, પણ ખરેખરૂં જોતાં તો એને ઝાઝીવાર સુખમાં રાખવો, એ તો ઘણુંજ મુશ્કેલ હતું. પૈસા આપવાથી સુખી થાય એમ તો હતુંજ નહિ. કારણ એક દિવસ જોગ-વાય એટલા પૈસા પોતાની પાસે આવ્યા કે તરતજ ઉડાઉ અને ભોગવિલાસી બની જતો. કોઈ કલાલ વીશીમાં પેઠો અગર કંઇ ગમતની યોજનામા ગુંથાયો કે પૈસા ખલાસ થતાં સુધી ત્યાંથી ખસતો નહિ. જો કોઇ કુટુંબમાં એની પરોણા ચાકરી કરવામાં આવતી તો રમત ગમત શીવાય બીજું કંઈ જોવામાં આવતું નહિ; જે જે ઘરમાં સેવેજ દાખલ થતો તે તે ઘરમાંથી કામ, ધંધો અને વ્યવસ્થા ભાગી જતાં, બધું જોખમમાં નાંખતો અને ગૃહવ્યસ્થાના કોઈ રસ વગરનો નિયમ એની ઇચ્છાની કે મઝાની આડે આવી શકતો નહિ. એનાં સંકટો ગમે એવાં દુઃખદાયક છતાં તે દિલગીર થતો નહિં. તેની હલકામાં હલકી સ્થતિમાં પણ તે

બુદ્ધિનું સ્વભાવિક ગૌરવ ખુલ્લી રીતે જાહેર કરવાને હિંમત ધરતો, પૈસાદારની મગરૂરીને અંકુશમાં રાખતો, ગુણ શીવાય બીજા પાયા ઉપર મેળવેલી કિર્તિને તે કચરી નાંખતો, કોઇ સાથે અમર્યાદ ઘરોબો રાખતો નહિ અને બરાબરીઆ તરીકે ગણાવા માંગતો. એકવાર એને રેહેવાનું, ખાવાનું, કે કપડાનું ઠેકાણું નહતું તેવામાં, 'આબાદીના વખતમાં કરકસર કરે નહિ' એવા દોસ્તદારે સવારમાં નવ વાગે મલજો એવો સંદેશો સેવેજને કહેવડાવ્યો; સેવેજે જાણ્યું કે તેનો ઇરાદો મદદ કરવાનો છે, પણ મળવાનો વખત ઠરાવવવાની હિંમત ધરી તેથી કંટાળો લાગ્યો, અને, મને લાગે છે કે, તેની મુલાકાત લીધી નહિ અને તેની મદદની ના પાડી.

તેનો અજીત સ્વભાવ, દ્રઢતા, કે દુરાગ્રહ લોર્ડ ટીરકોનલની સાથેની વર્ત્તણુકમાં જણાઈ આવતો હતો. તે જે પગાર એક વખત આપતો હતો તે પાછો શીરૂ કરવાને ફરી ફરીને જોરો કરીને, સેવેજે માગ્યું; પણ તેની સાથે સલાહ કરવાનો જરાએ વિચાર કર્યો નહિ; અને તેની સાથે ચઢિઆતાપણાના ગર્વથી, અને દુશ્મનાઇથી વર્ત્યો, સેવેજે તેને વિનંતીની રૂએ કે આદરથી નહિ, પણ ઠપકો, ધમકી, અને તિરસ્કાર આપી પત્ર લખ્યો; અને જો પગાર પાછો મળવો શરૂ થાત તો તે પોતે જીતના હકથી મેળવ્યો એમ માનવાને નિશ્ચય ઠરાવ કર્યો હતો.

ડાહ્યા માણસ કરતાં પૈસાદાર માણસ સેહેલથી શોધી કઢાય. દોલતની શ્રેષ્ટતા જેવી સેહેલથી કબુલ કરી શકાય છે તેવી સેહેલથી બુદ્ધિની શ્રેષ્ટતા કબુલ કરી શકાતી નથી. પૈસાદારનો જુલમ જેવી નમૃતાથી સહન કરવામાં આવે છે તેવી નમૃતાથી હોશીઆરીનું અભિમાન સહન થઇ શકતું નથી. પોતે માન મરતબાને પાત્ર છે, એમ જાહેર કરી અને જેઓ પૈસાના જોરથી એના સામા થવા માગતા તેમની સાથે તિરસ્કારથી વર્તિ, મનુષ્ય જાતના જુદા જુદા વર્ગોમાં સેવેજે ઘણા દુશ્મનો ઉભા કર્યા હતા. પૈસાની રેલ છેલથી જેઓ એના કરતાં ઉંચા છીએ એમ માનતા હતા તેઓ એને ધિક્કારતા હતા, કારણ તેઓ એની બુદ્ધિની ઝનુનમાંથી બચી જતા નહોતા. જેઓ તેઓના લખાણને માટે વખણાતા હતા, તેઓ એની ટીકાથી બીહીતા હતા, અને હરીફ તરીકે તેનું અપમાન કરતા, અને સઘળા નાના બુદ્ધિમાન પુરૂષો તો એના ઉઘાડેછોક દુશ્મન હતા.

આ સાંહેલો એક મી૦ મીલર તો એટલો બધો ક્રોધાયમાન થયો હતો કે સેવેજનો [1]ફાર્સ કર્યો, અને રંગભૂમિ ઉપર એના જેવો પેહેરવેશ પહેરાવીને એનો વેશ ભજવી બતાવ્યો; આ અપમાન ઘણું નિચ હતું, અને તે ઉપરથી એમ ઈસારો થતો કે તેને (સેવેજને) ફક્ત એકજ ડગલો હતો. સેવેજે

૧ હાસ્ય ઉત્પન્ન કરે એવો નાટક આખરે થતો ખેલ.

ગુસ્સે થવાને બદલે, તેનો ધિક્કાર કર્યો. કારણ મીલર વિરૂદ્ધ તેણે એક નિંદા લેખ લખ્યો, પણ તે છપાવ્યો નહિ; અને જે માણસને નુકસાન થયું હતું તેજ માણસ પાછો હઠી ગયો, તો બીજાને તે વેર સાધવાને કંઇ વ્યાજબી કારણ નહિ, માટે સેવેજે જે નિંદા દાબી દીધી તે હું પ્રસિદ્ધ કરતો નથી. આવા દુર્બળ હુમલાને માટે એવી શિક્ષા ખરેખર ઘણી ભારે થઇ પડત.

ખાવાનું નહિ કે રહેવાની જગ્યા નહિ, એ કંઇ દરિદ્રતાનું ભારેમાં ભારે દુઃખ સેવેજના મનથી નહોતું, પણ એથી જે તિરસ્કાર અને અનાદરને એ પાત્ર થયો તે દુઃખ એને વધારે ભારે લાગ્યું. એનો મામલો નિરૂપાય થઇ ગયો કે એની હોશીઆરીની કીર્તિ દેખીતી રીતે કમી થવા લાગી, એમ એ બડબડવા લાગ્યો. એનું માન જયારે ઘટી ગયું ત્યારે, ટીકાની બાબતમાં લોકો એના અભિપ્રાયને માન આપતા બંધ થયા; અને જેઓ એની આબાદી દરમીઆન એની બુદ્ધિના વખાણ કરીને અને ફ-તેહની ખાત્રી આપીને, મોટા કાર્યો માથે લેવા ઉ-તેજન આપતા, તેઓ હવે એના આલેખન બેપરવાઇથી જોવા લાગ્યા; જે વિષયો ઉપર એ લખવા ધારતો, તે ઘણા કઠણ છે એમ કહેવા લાગ્યા; કવિતાનું ફળ અનિશ્ચીત છે; ગ્રંથકર્ત્તાએ પોતાનો ઘણો વખત પોતાની રચનાના વિચારમાં ગાળવો જોઇએ; અને

થોડા ઉપલક વિચારો,' અને ઉપરચોટીઆજ્ઞાન ઉપરથી લખવા બેશી જવાની હિંમત કરવી નહિ જોઇએ એમ બોલવા લાગ્યા. બધી બાજુએ હરકત નાંખવામાં આવી; વોલનટીઅર લોરીયટ (રાજી ખુશી થી કવિતા રચનાર રાજ કવિ) શીવાય બીજો ગ્રંથ લખવાને એ લાયક નહતો એમ કહેવાયું.

આવા તિરસ્કારથી પણ તે ઉદાસ થયો નહિ; કારણ પોતાની બુદ્ધિનો અચળ ભરૂસો, એણે જાળવી રાખ્યો હતો; અને કોઈ પણ કામ પોતાથી નહિ બને એવું છે એમ માનતો નહતો. જ્ઞાન અને પૈસાની બાબતમાં તેવીજ જાતની યોજનાઓ એણે રચી, અને પોતાની જીંદગીના છેલ્લા વર્ષોમાં, વિદ્યાનું અને પૈસાનું સુખ ભોગવીશ, એવી ખોટી આશા રાખતો. પૈસા કરતા જ્ઞાન સંપાદન કરવાને માટે તે વધારે લાયક હતો. કારણ કુદરતી રીતે તે જીજ્ઞાસુ હતો, અને જેઓની પાસેથી કાંઇ પણ ખબર મેળવવાની હોય તેઓની સાથે વાતચિત કરવાને એ આકાંક્ષિત હતો, પણ પૈસાદાર થવાને માટે જે તકો એને મળી હતી તેનો લાભ લેવાને આતુર નહતો. પોતાની કલ્પનાઓનો તે અસાધારણ ધારક હતો. જે કલ્પનાઓ એક વખત એના મગજમાં પેઠી કે તે જતી નહિ; પણ પૈસાની બાબતમાં આ ગુણની ગેરહાજરી.

કોઇ વખત રાણીને પોતાનું વચન સાંભરી આવશે એવી આશામાંને આશામાં સેવેજ જીંદગી કહાડતો હતો, તે દરમીઆન, અંધકારોની હમેશની

આહત મુજબ, ઉઘરાણું કરી પોતાના ગ્રંથો છપાવવા ની જાહેર ખબર પ્રસિદ્ધ કરી; એના કરતાં ઓછા પ્રખ્યાત ગ્રંથકારોને લોકોએ આશરો આપ્યો હતો તે ઉપરથી એ પ્રમાણે કરવાને તેને ઉત્તેજન મળ્યું હતું.

ગમે તે કારણ હોય, પણ દુનિયા એના ઉપર સરખી રેહેમની નજરથી જુએ એમ જણાયું નહિ; અને તેણે અસંતોષની સાથે જાહેર કર્યું કે અડધા ગીનીએ પોતાના ગ્રંથો વેચવા કહાડયા, તો પણ ઘણા થોડા ગ્રાહક થયા. રાણીએ આ એની જાહેર ખબર તરફ અનાદાર બતાવ્યો તેથી એ ઘણો ગુસ્સે થયો. રાણીએ અસાધારણ ઉત્સાહથી મી૦ ડકને મદદ કરી હતી, તેથી તેણે પ્રતિજ્ઞા લઈ કહ્યું કે મારૂં કુળ, મારૂં દુઃખ, અને મારી બુદ્ધિ નીઘામાં લઇ તેણીએ, તે માન મને આપવું જોઈતું હતું.

આમ છતાં, સેવેજની વિનંતી સર્વત્ર નિષ્ફળ ગઇ નહોતી; કારણ કેટલાએક અમીરોએ એની યોજનાને પુષ્ટી આપી જાહેર ખબરને ઉત્તેજન આપ્યુ. અને ઘણી ઉદારતાથી નાણું ભર્યાં. ડ્યુક ઓફ ચેન્ડોસને માટે તે ખાસ કહે છે કે જાહેર ખબર મળતાની સાથે તેણે દસ ગીની મોકલી આપ્યા હતા; પણ આ ઉઘરાણાથી મેળવેલા પૈસા, એની બીજી યોજનાથી મેળવેલા પૈસા કરતાં કંઇ ઓછા ચંચળ નહતા. કંઇ પણ ઉઘરાણાની રકમ આવી કે કલાલની વીસીમાં એ જતો, અને ઉઘરાણાના પૈસા તો નાની નાની રકમથી આવે, તેથી પોતાની કવિતાઓ

છાપખાનામાં મોકલી શકયો નહિ; ઘણા વર્ષો સુધી પોતાની વિનંતિ જારૂ રાખી, જે મળ્યું તે ઉડાવી દીધું.

એના ગ્રંથો છાપવાની યોજના વારંવાર સજીવન થતી હતી, અને એની જાહેર ખબરો ઉપયોગમાં આવે એવી નહિ રહેવાથી, તાજી તારીખ નાંખી નવી છપાવવામાં આવતી હતી. છપાવવાને માંટે યોજનાઓ ઘડવી, એ તેની એક વ્હાલી ગમત હતી. જ્યારે કોઈ દોસ્તદાર એની યોજના માન્ય કરતો ત્યારે તેની સાથે કઇ જાતના મુદ્રાક્ષર અનુકુળ આવશે તે નક્કી કરવામાં, જાહેર ખબર તૈયાર કરવામાં અને નવી આવૃત્તિનો ફેલાવો કરવાની વ્યવસ્થા કરવામાં જેટલું સુખ સેવેજ માનતો તેટલું બીજું કશામાં માનતો નહિ. નવી આવૃત્તિ, ખરેખર કોઇ પણ વખતે તે છપાવવાનો ઇરાદો રાખતો હતો, અને અનુભવથી એને માલમ પડતું હતું, કે આવો ગ્રંથ છપાવી શકાય એમ નથી, તેથી તેણે છેવટે નક્કી કર્યું કે અઠવાડીક યા તો માસિક ચોપાનીઆમાં છપાવવા કે પેહેલાના નફામાંથી બીજાનો ખરચ નીકળે.

આવી રીતે તેણે હલકી યુક્તિઓમાં, અને જીવ ખાઇ નાંખે એવા ઉચાટમાં પોતાનો વખત ગાળ્યો; રખે સાહુકારો ફરીયાદ કરે એવી ધાસ્તીમાં ને ધાસ્તીમાં દહાડા કહાડતો, અને તેથી શેહેરના ઓતાડા ભાગો, જેના છેલ્લામાં છેલ્લા ખુણાથી એ અજાણ્યો ન હતો તેવા ભાગોમાં તે છુપાતો રહેતો. પણ જ્યાં જ્યાં એ જતો ત્યાં ત્યાં એની ચતુરાઇને

લીધે એને મિત્રો મળતા, તેઓ એની દરિદ્રતા જોઇ તરતજ પોતાનું મન તેના ઉપરથી ઉતારી નાખતાં. એમાં કરતા વધારે ઓળખાણ ભાગ્યેજ બીજા કોઇને હશે. કંઇપણ કારણસર પ્રખ્યાત થયલો એવો માણસ ન હોય કે જેને એ ઓળખતો ન હોય, અગર જેના લક્ષણનું વર્ણનું થોડે ઘણે દરજજે એ નહિ કરી શકે. એની જીંદગીની દરેક બીના આ બોહોલી ઓળખાણ મેળવવાંમાં સાધનભુત થઇ પડી હતી. વાતચિત કરવાના હુન્નરમાં તે કુશળ હતો. જેમાં એ છુપો રહે એવું એને ઘર કે રહેવાની જગ્યા નહોતી, અને તેટલા માટે જીંદગીની સાધારણ સગવડતાને સારૂં તેમજ કુદરતીની હાજતો પુરી પાડવા સારૂ એને વીસીઓમાં જવું પડતું. પાસે ગુજરાન ચલાવવાને પૈસો નહિ, અને એને અટકાવમાં રાખે એવો કંઈ ધંધો નહિ, તેથી જેનું આમંત્રણ આવતું તે ઝટ સ્વીકારતો. એક મંડળી સાથે બેસી જમવાથી બીજી મંડળીમાં પ્રવેશ કરવાને એ ચૂકતો નહિ.

તે આવો વંઠી ગયલો હતો, તેના નિર્વાહનું સાધન આવું દૈવયોગિક હતું, તોપણ તેના વીચારોનું ઘેલાપણું મનન કરવામાં હરકત કરતું ન હતું. અને કંઇ ઠેકાણા વગરની તેની સ્થિતિ તેના આનંદીપણાને આચકો પંહોંચાડતી નહોતી. કંઇ લાભકારી સાહસ કર્મને માટે એ કોઇ કલાલ વીસીમાં જતો અને કંઇ વળતું નહિ, ત્યારે કોઇ કોઇવાર એ ખેતરોમાં જતો પોતાનું મન ચિંતન કરવામાં રોકતો, મનરંજન

કલ્પનાઓથી મનને ખુશી કરતો; તે ભાગ્યેજ ઉદાસી માલૂમ પડતો, પણ જ્યારે તેના ઉપર એકાએક કંઇ દુઃખ તરતજ આવી પડતું ત્યારે તાબડતોબ તે આંટીમાંથી નીકળી જતો, વાતચિતનો વિષય લઇ બેસતો, અને બીજાઓ જે વિષય એની આગળ રજુ કરતા તે ઉપર પોતાનું મન લગાડતો. આ દુઃખી જીંદગી સન ૧૭૩૮માં નવી આફતોને લીધે વધારે દુઃખી થઈ. કેરોલાઇન રાણીનું મોત થયું. સેવેજને મોટે દરજ્જે ચઢવાની આશા હતી તે ભંગ થઇ. વળી સર રૉબર્ટ 'વાલપોલે તો અગાઉથીજ સેવેજને માનવાનું કારણ આપ્યું હતું કે તે પોતાનું વચન પાળવાનો ઇરાદો રાખતો નથી. સેવેજ પાછો વહેતો મૂકાયો. આમ છતાં, આ વખતે તેનો એક દોસ્તદાર એનું ગુજરાન ચલાવતો હતો. સેવેજને ભવિષ્યની આફતો ઉપર આગાઉથી વિચાર કરવાની ટેવ ન હોવાથી, અને ઇંદ્રીઓને લાગે તે શિવાય બીજું દુઃખ તે ગણકારતો નહિ તેથી, રાણીના મૃત્યુથી તેને કંઇ ઝાઝું લાગ્યું નહિ, અને હવે વાર્ષિક પ્રશંસાની કવિતાં કર્યાં વગર પેનશન મળતું જારી રહેશે એવા વિચારથી મનને સમાધાન કર્યું. એનું ગુજરાન ચલાવવામાં વળી બીજી ધારણા સાધનભૂત થઇ પડી હતી. પેહેલા નાટકની થોડી લીટીઓ રાખી, રચનામાં ઘદન ફેરફાર કરી, નવી આડકથાં ઉમેરી, નવાં પાત્રો દાખલ કરી સર થોમસ ઓવરબરીની કથા ઉપર બીજો નવો કરૂણારસ નાટક લખવાનો તેણે નિશ્ચય કર્યો હતો.

---

૧ મુખ્ય પ્રધાન.

બીજો વીષય નહિ પસંદ કર્યો માટે સેવેજને તેના ઘણા મિત્રોએ ઠપકો આપ્યો, પણ ન્યાયની ખાતર તેણે પ્રતિજ્ઞાથી કહ્યું કે એના કરતાં વધારે સારો વિષય મળવો મુશ્કિલ. પહેલા કરૂણારસ નાટકની યાદદાસ્ત નાશ કરવી, એ પોતાના હિતની વાત છે એમ તેણે ધાર્યું, તે કારણસર તેજ કથા ઉપર ઓછી ખામી વાળો નાટક લખવો એજ રસ્તો હતો. આમ કરવાથી આબરૂદાર ગ્રંથકર્તાના મૃત્યુ પછી તેના નઠારા ગ્રંથો ઉત્તમ ગ્રંથો સાથે છપાવી મોટો ગ્રંથ કરવા, ચોપડીઓ વેચનારા મંડી જાય છે, તેમ થવા પામે નહિ. આ યોજના તે ધીમેધીમે અમલમાં લાવ્યો. કારણ બીજી કંઇ ગમત નહિ મળતી ત્યારેજ તે તે લખવા બેસતો; નફો ગણીને તે ખુશ થતો, અને રાણીના મૃત્યુથી જે ખોટ ગઇ હતી તે તેની ભાવી નાટકીય કીર્ત્તિ પૂરશે એમ તે વીચારતો હતો. પોતે પૈસાદાર થશે એવા ભરૂસામાં છતાં, પોતાનું પેનશન જારૂ રહે એમ તજવીજ કરવામાં તે ચૂકયો ન હતો, જો કે કેટલાંક એના ઉપર મેહેરબાની રાખનારાઓ રાણીના મૃત્યુ ઉપર કંઇ નહિ લખવાથી તેનો દોષ કહાડે છે, પણ બીજે વર્ષ તેણીના જન્મગાંઠને દિવસે, પોતાના બુદ્ધિબળ અને પોતાના ઠરાવના દ્રઢપણાની સાબીતી કરી આપી. તે જાણતો હતો કે શોકસૂચક કવિતા એકની એક ઢબે લખાય છે, અને તેટલા માટે બીજા વખાણ કરનારાઓના ટોળામાંથી જુદા પડી શોકસૂચક કવિતાને માટે નવો માર્ગ શોધી કહાડવાની એને જરૂર લાગી હતી. આ કઠણ

કામ એણે એવી રીતે બજાવ્યું કે કોઇ રાજવંશીના મૃત્યુ ઉપર નહિ લખાયલી એવી ઉત્તમ શોકસૂચક કવિતા એણે રચી. તેણીના જન્મ દિવસ ઉપર તેણીના મૃત્યુનું વિવેચન કરવાથી 'વિષયોના આનંદમય સંયોગ સાધ્યો છે, જે બીજાં કોઈ પુરૂષથી એક દેખાવમાં જોડી શકાત નહિ, પણ જે તેણે એવી રીતે મેળવી દીધા છે કે તેઓનો સંબંધ સ્વાભાવિક જણાય; અને જે બાબત ઉપર બીજા કોઇ માણુસ વીચાર કરી શકયા ન હોત, તે હવે કોઈપણ માણુસ ભૂલે નહિ એમ જણાય છે.

આભાસના આ વિલક્ષણ સંયોગની ખૂબી એવી તો સર્વોત્કૃષ્ટ છે કે, આ કવિતાને દૂષણ રહિત કહેવાને હરકત નથી. અને તેટલા માટે એમાં જે ઘણા મધુર ચુટકા જોવામાં આવે તેનું વર્ણન કરવાની જરૂર નથી. એ ચુટકાના બીજા કોઇ ગ્રંથમાં પણ વાજબીરીતે વખાણ થયા હોત. એની બુધ્ધિની આ સાબીતીઓમાં એના ડહાપણ કે જે ગુણને માટે એ ઘણોખરો વિખ્યાત ન હતો, તેનો એજ કવિતામાંથી એક દાખલો ઉભેરવો ઘટે છે. પોતાનું પેનશન જારૂ રખાવવાનું, ઘણાજ વિવેકથી અને પેચથી રાજાને યાદ અણાવવાને એ ચૂકયો નથી.

તેનું વિવરણરૂપ ભાષણ ફતેહમંદ હતું કે કેમ તે વિષે તે કેટલાક વખત સૂધી ઉચાટમાં હતો; પણ ઝાઝો ફિકરમંદ ન હતો. જે દોસ્તદારે એનું ઘણા વખત સૂધી ગુજરાન ચલાવ્યું હતું તેણે પોતાને રહેવાની જગ્યા બદલવાની સાથ એને રજા આપી ત્યાં સૂધી,

તેણે ઘણી શાંતતાથી નવા કરૂણારસ નાટક પાછળ પોતાની મેહેનત જારૂ રાખી હતી. દોસ્તદારને ત્યાંથી રજા મળ્યાથી એની બાબતમાં વધારે પૂછપરછ કરવાની જરૂર થઇ પડી. કારણ હમેશના વખતસર એને પેનશન મળ્યું ન હતું, અને વળી એના ઉપર વધારે મેહેરબાની થશે નહિ એવો અંદેશો લાવવાને કારણ પણ હતું.

પોતાના હિતની ચઢતી ફરીથી થાય તેમ કરવા જે માર્ગ ઘણા ફતેહમંદ નીવડે એવા હતા, તે તેણે ગ્રહણ કર્યા નહિ એમ કહેવામાં આવે છે. જેઓ સરકારી ત્રીજોરીમાં નોકરીએ હતા તેઓમાંથી કેટલાકે આ કામમાં વધારે જુસ્સો નહિ બતાવવા ચેતવણી આપી હતી. પણ સેવેજ કોઇની સલાહ પ્રમાણે ચાલે એવો હતો? તેણે પોતાનો ઉભરો કહાડયો, અને સર રોબર્ટ વાલપોલને તેના દરબારમાંજ રાણીના બીજા પેનશનરો તથા તેની વચ્ચે તફાવત કરવાનું કારણ ઉદ્ધતાઇથી પૂછયું. આવી તેની વર્ત્તણુકથી તેનું પેનશન જે આપવામાં અત્યાર સૂધી ઢીલ કરવામાં આવી હતી, તે સર રોબર્ટ વાલપોલે પાછું લઇ લીધું.

કયા ગુન્હાનું તોહોમત એના ઉપર મૂકવામાં આવ્યું હતું, અથવા કયો ગુન્હો કર્યાનો શક એના ઉપર ગયો હતો, અને કોનો વસીલો એના વિરૂદ્ધ કામે લાગ્યો હતો, તે સમજાતું નથી, પણ તરતજ એને ખબર મળી કે પેનશન પાછું મેળવવાની આશા

રાખવી નહિ. અને હવે આ નાટક શિવાય ગુજરાન ચલાવવાને તેની પાસે કંઇ. સાધન ન હતું.

આ માણસના--(સેવેજનાં) દુઃખો તરેહવાર હતાં. ખાસ કાયદાથી એનો ખિતાબ અને વતન છીનવી લેવામાં આવ્યાં; માતાએ તજી દીધો, પિતાએ જે દોલત એને માટે જૂદી કહાડી હતી તે એની માતુશ્રીએ દગાથી લઈ લીધી, અને એક સબંખાવાનાએ મિત્ર વગર દુનિઆ શરૂ કરી. અને જો કે પોતાની બુદ્ધિના જોરથી વખાણ તથા કીર્ત્તિને પામ્યો, તો પણ એને કંઇ પણ સંગીન ફાયદો થયો ન હતો; જે જે આશાઓ રાખવામાં આવતી તે તે ફળીભૂત થવાની તૈયારીમાં હોય કે તેમાં કંઇને કંઇ વિઘ્ન આવી પડચું જ છે. એના લાભના રાજાના વિચારો વ્યર્થ ગયા. શાહુજાદો કે જેની ઉદારતા દરેક પ્રસંગે શ્રેષ્ટ હતી તેણે, તેના નામની અર્પણ પત્રિકા લખેલી છતાં, કંઇ ઈનામ આપ્યું નહિ; સર રાબર્ટ વાલપોલ જે પોતાનું વચન પાળવામાં પોતાની મોટાઇ સમજતો હતો તેણે, કંઇ પણ દીલગીરી બતાવ્યા વગર, આ માણસની બાબતમાં પોતાનું વચન ભંગ કર્યું, અને રાણીએ આપેલું પેનૂશન, તેણીના મૃત્યુ પાછળ ફકત એનું એકલાનુંજ, બંધ કરવામાં આવ્યું.

આવાં ઉગ્ર દુઃખો છતાં, તેણે મર્યાદામાં રહીને ખુશ મિજાજની સાથે તે સહન કર્યાં. જો કે એ ઘણીજ વિપત્તિમાં આવી પડચો હતો અને ઘણીવાર તો ખાવાનું અને રહેવાનું ઠેકાણું ન હતું, તો

પણ એનું લેહેરીપણું છુપું રહેતું નહતું. આ પ્રસંગે એક બનાવ બન્યો હતો, જે એની અજીત હઠીલાઇનું વધુ ઉદાહરણ છે. તેનાં કપડાં જીર્ણ થઇ ગયલાં હતાં, અને તેને કોઇએ ખબર કરી કે એક કાફી હાઉસમાં તમારે માટે થોડાં કપડાં અને શણવસ્ત્ર કોઇ મૂકી ગયું છે. આ દેનગી ઉદાર હતી. પણ વિવેકની ખામીને લીધે, સેવેજે કબુલ રાખી નહિ.

એની આપત્તિ જગજાહેર થઇ હતી, અને તેટલા માટે એનાં દુ:ખનો ઘટાડો કરવાને એના દોસ્તદારો એ કંઈ પગલાં ભરવાનું દુરસ્ત ધાર્યું. તેમાંના એક મિ. પોપે તો એનું પેનશન લઈ લીધેલું જાણી કાગળ લખી દિલગીરી બતાવી, અને સાંકડા મનના માણસો જેને આપણે મોટા કહીએ છીએ, તેમના આધાર શિવાય સાધારણ ખરચ નિભે એટલા પૈસા પૂરા પાડવાની આશા આપી. આ સુખદાયક અને સ્વતંત્ર ગુજરાન ચલાવવાની યોજના એ હતી કે એણે વેલ્સ પ્રાંતમાં જઇ રહેવું, ઉઘરાણું કરીને એને દરવરસે પચાશ પૌંડ પગાર આપવો, અને દોલત મેળવવાની ઉમેદ રાખ્યા શિવાય અને કીર્ત્તિની દરકાર ન રાખતાં, તે પગાર ઉપર કોઇ સસ્તી જગામાં એણે છુપી રીતે રહેવું. આ યોજના એણે જુદાજ ઇરાદાથી સ્વીકારી. એના દોસ્તદારોનું કહેવું એ હતું કે એણે હમેશને માટે લંડન શેહેરની હદ પાર રહેવું, અને બાકી રહેલી જીંદગી [1]સ્વાન્સીમાં ગુજારવી, ત્યારે

---

૧ વેલ્સ પ્રાંતમાં એક બંદર છે.

એનો વિચાર હતો કે આ તક સાધી લઈ થોડા વખત સૂધી બહાર જઈ, રંગ ભૂમિને માટે પોતાનો નાટક તૈયા કરવો અને છપાવવાને માટે બીજા ગ્રંથો તૈયાર કરવા, અને પછી લંડન શહેરમાં પાછા આવી પોતાનો રચેલો નાટક ભજવી બતાવવો, અને પોતાની મહેનતના નફા ઉપર ગુજરાન ચલાવવું. એના ગ્રંથોની બાબતમાં તો, તેમાં ઘણા સુધારા કરવાનો એણે વિચાર બતાવ્યો, અને તેમ કરવામાં તો ઘણો વખત લાગે અને ઘણો શ્રમ વેઠવો પડે; અને તેઓને પૂર્ણ કર્યા બાદ પોતાની જાહેર ખબર મુજબ છપાવી અગાઉથી ગ્રાહક થનારાઓને ઇન્સાફ આપવાનો વિચાર હતો; એ ભાવી સુખમાં હંમેશાં મોજ માનતો તેથી તે દેશમાં જીંદગી કેમ કહાડવી તેને માટે તે દેશથી વાકેફ નહિ છતાં, ભરવાડ વગેરેનાં સંસાર કાર્યો તથા રીતભાત વર્ણવેલાં કાવ્યો અને ગીતો ઉપરથી એક યોજના ઘડી કહાડી. તે કલ્પના કરતો કે અલંકારી સ્વર્ગનાં સુખ જેવા સ્થળમાં તે જઇ રહેશે, અને અખંડ નિરૂપદ્રવી મોજ શોખમાં મહાલવાનો તેણે વિચાર ઉઠાવ્યો. આવી ધારણાઓથી તે એટલો બધો મોહિત થઇ ગયો કે, જયારે એક મિત્રે ઉધરાણા ઉપર નિર્વાહ કરવા માટે સેહેજ ઠપકો આપ્યો અને પોતાની બુદ્ધિની દૃઢ મેહેનત ઉપર ગુજરાનનો આધાર રાખવાને શીખામણ આપી, ત્યારે તે બોલ્યો કે ઝુપડાના સ્વસ્થપણામાં જે સુખ મળે છે તે સુખ ભોગવવામાંથી બાતલ થવા હું માંગતો નથી, કે બુલબુલ પક્ષીઓનાં મધુર રાગ નિરંતર સાંભળવાની તક ગુમાવવા માગતો નથી.

આ યોજના પરિપકવ થતી હતી તે દરમ્યાન, તેના સાહુકારોથી બચવાની ખાતર, તેના દોસ્તદારોએ ફ્લીટ * નામના મોહોલ્લામાં જઇ રુહેવાને સેવેજને કહ્યું; દર સોમવારે એક ગિની તેઓ મોકલતા; બીજી સવાર થતાં પહેલાં એટલા પૈસા તે વાપરી નાખતો, અને અઠવાડીઆના બાકીના દિવસો માટે પોતાના હમેશના રીવાજ મુજબ નસીબ ઉપર આધાર રાખતો.

પરતંત્રતાનું દુઃખ હવે એને તીખાસથી લાગવા માંડયું. જેઓ એનું ગુજરાન ચલાવવાના હતા તેઓ હવે ઉપરીની માફક હુકમ કરવા લાગ્યા. આ વર્તન એનાથી શહન થાય એમ નહતું. એને એમ લાગ્યું કે હું હજુ સાંકડા મનના માણસોને આધીન છું. તેઓ ઉન્મત્તાઈથી વ-ર્તતા હતા. તેના ઘણા દાખલા છે, પણ તેમાં એને કપડાં શીવડાવી આપવાની બાબતમાં જે માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો હતો, તેનાથી એ ઘણોજ ગુસ્સે થયો હતો. તેને પૂછયામૂકયા વગર, અને એનો હુકમ દરજીને ત્યાં મોકલવા દેવાને બદલે, તેઓ એનું માપ લેવાને દરજીને બોલાવવાનો અને

* "The fleet" ફ્લીટ નામની નદી હાલમાં પુરાઇ ગઇ છે. તે નદી ઉપરથી તે લતાનું નામ. મ્હોલાનું નામ પડેલું છે. વળી એ ઠેકાણે દેવાદારોને પુરવાનું કેદખાનું હતું. તેને ફ્લીટ પ્રીઝન કહેતા હતા. એ લતામા કેટલાએક હકો તથા છુટ ભોગવવામાં આવે છે, જેવા કે દેણદારને પકડી શકાય નહીં.

પછીથી શું શું કપડાં, કેવાં શીવડાવવાં તે એને પૂછવાનો વિચાર કર્યો. આ વર્તણુક વિવેક રહિત હતી. આથી તેને ઘણું માઠું લાગ્યું. એના લક્ષણની વિલક્ષણતા જણાઈ આવી. આ વિચાર સાંભળી તે ઘણા ગુસ્સામાં એક દોસ્તના મુકામપર ગયો. ગુસ્સાનું કારણ પૂછવાથી સેવેજે ગુસ્સાના પૂર જોસમાં કહ્યું કે મને માપવાને તેઓએ દરજીને બોલાવ્યો હતો.

રખેને એની બેચેની સજીવન થાય એટલા માટે એ બાબતનો કેવી રીતે અંત આવ્યો તેની છાપા ચોપી થઇ નહતી. યાદદાસ્ત ઉપરથી એમ જણાય છે કે અણછુટકે પણ ખુશીથી એણે ઉપર કહેલો માર્ગ કબુલ રાખ્યો. આ ઉપરથી એમ નહિ સમજવું કે જે કહો તે હા કહે એવો તે પૂર્ણ નરમ થઇ ગયો હતો. કારણ કે જે ગૃહસ્થે ઉઘરાણું કરી એનું ગુજરાન ચલાવવાની યોજનાની પેહેલી ખબર આપી હતી, તેણે જ્યારે લાર્ડ ટીરકોનલ સાથે સલાહ કરાવી આપવા યત્ન કર્યું ત્યારે તેમ કરવાને જે ઉપાય કામે લગાડવાનું કહેવામાં આવ્યું હતું તે એણે સ્વીકાર્યું નહિ. એને માટે પોપે સર ઊવિલિયમ લેમેનને અસર કરે એવા એક પત્રનો નીચેની મજમુનનો ખરડો કરી મિ. સેવેજ ઉપર મોકલી લખ્યું કે, તમોએ એની નકલ કરી સર ઊવિલિઅમ લેમેન ઉપર મોકલવીઃ

"આપ મારા ઉપર મેહેરબાની કરી વચ્ચે પડી લોર્ડ ટીરકોનલને સારી સલાહ આપો; હું વિનંતિ

કરી કહું છું કે જો કોઇ માણસ, આપની મદદને પાત્ર હોય તો તે હુંજ છું: વળી જણાવું છું કે હું હંમેશને માટે એવી જગ્યાએ એકાંતવાસે જાઉં છું કે જ્યાં હું મારાં સગાં વહાલાં, દોસ્તદારો, કે દુશ્મનોને જરાએ હેરાન કરી શકીશ નહિ. ગુસ્સાના આવેશમાં લોર્ડ ટીરકોનલ સાથે હું નઠારી રીતે વર્ત્યો, તેટલા માટે હું તેમની ખરા અંતઃકરણથી માફી માગું છું, પણ મને લાગે છે કે લોર્ડ ટીરકોનલનો ક્રોધ હજી એટલો બધો ભારે હશે કે તે મારો પત્ર પણ લે નહિ, સબબ આપ મેહેરબાનીના રાહે તેનો ક્રોધ નરમ પડે એવી તજવીજ કરશો. મને આશા છે કે આવી હલકી બાબતસર તેઓ સાહેબ મારી સાથે કઠણ હૈયું રાખશે નહિ."

કોઇ પણ માણસ એમ કહે કે પત્ર આવા રૂપમાં કે આવા શબ્દોમાં લખો તે મી. સેવેજને બિલકુલ પસંદ નહોતું, તેટલા માટે તે પત્ર ઉઘાડતાં પહેલાંજ તે કબુલ રાખવાનું તેનું વલણ જણાયું નહિ. જ્યારે તે તેણે વાંચ્યો ત્યારે તેમાં પોતાના વિચારોથી તદ્દન વિરૂદ્ધ વિચારો માલૂમ પડયા. અને તેના જાહેર કર્યા મુજબ તે ખરી હકીકતથી પણ તદ્દન વિરૂદ્ધ હતા. આ પત્રની નકલ કરી સરઊવિલિયમ લેમનના તરફ રવાના કરવાને બદલે તેના દોસ્તદારને (મિ. પોપને) એક મરદાની જુસ્સાનો અને કાન ખોલે એવો (બોધક) નીચેની મજમુનનો પત્ર લખી મોકલ્યો.

"આપે મોકલેલા ખરડાની ઢબ. ઘણીજ પ્રાર્થના

રૂપ છે અને વર્ણન ઘણું હલકટ છે. દુઃખમાં આવી પડેલા ગૃહસ્થ માણસને છાજે એવી રીતનું લખાણ જોઇએ. લોર્ડ ટીરકોનલની માફીને હું ધિક્કારૂં છું, તે હું અંતઃકરણથી માગું નહિ, તેમ તે માંગવાનો ખોટો ઢોંગ પણ કરૂં નહિ. આવા પત્રથી નઠોરા પરિણામો નીપજવાનો સંભવ છે. મારાં સગાં વહાલાં પોતાના બચાવની ખાતર તે છપાવે તો તે મારા વિરૂદ્ધ જાય."

મિ. પોપ કે જેણે તે ખરડો તૈયાર કર્યો હતો તેની આબરૂની ખાતર કહેવું જોઇએ કે તે સેવેજના વિચારને મળતો થયો, અને તે ખરડો દબાવી દેવામાં આવ્યો.

ઘણા ફેરફારો અને વિલંબ થયા પછી આખરે ઉઘરાણું થયું. એક ગ્રહસ્થે (મિ. પોપે) વીશ પાઉંડ આપ્યા તો પણ વરસના પચાશ પાઉંડ થયા નહિ. માણસ જાતની ઉદારતા એવી છે કે એક નાટકકાર, આજીજી કર્યા વગર જે કરી શકતો હતો તે હવે આર્જવથી અને લાગવગથી પણ થઇ શકતું ન હતું. કંઇ પણ નોકરી લીધા વિના મિસિસ ઓલ્ડફીલ્ડે જે પેનશન આપ્યું હતું તેના કરતાં ઓછા પેનશનને માટે મિ. સેવેજને ઘણા ગૃહસ્થોની ખુશામત કરવાની હતી તથા 'તેમને તાબે રહેવાનું હતું. આમ છતાં તે સંતોષ માનતો હતો, અને એકાંત વાસમાં જવાને ખુશી હતો. અને તેની ખાતરી થઇ હતી કે પગાર જો કે થોડો હતો, તો પણ તે તેને માટે પૂરતો હતો; કારણ કે તેણે હવે સખ્ત કસરીઓ

થવાનો, અને કરકસરના ચોકસ નિયમો પ્રમાણે વર્ત-વાનો નિશ્ચય કર્યો હતો. જે કોઇ માણસ પોતાની આયપત જાણવા છતાં, તે ઉપરાંત ખરચ કરે તેના કરતાં બીજુ વિશેષ ધિક્કારપાત્ર નથી એવો અભિપ્રાય તેનો હતો. આમ છતાં તે કબુલ કરતો હતો કે આવી બેવકુફીના દાખલા ઘણા સાધારણ છે. વળી તે ઘણીજ દિલગીરીની સાથે કહેતો કે કેટલાક માણસને તો તેમના પોતાના પૈસા પણ સોંપાય નહિ.

આવા સુખકારી ઠરાવોથી ભરપૂર થઇ, મિત્રોની ઘણીજ કોમળતાથી રજા લઇ, અને આ જીવન ચરિત્ર લખનારથી આંખમાં આંસુ પાડતાં જુદો પડી મિ. સેવેજે સ. ૧૭૩૯ ના જુલાઇ મહિનામાં લંડન શહેર છોડયું. એને પંદર ગિની આપવામાં આવ્યા હતા, અને કહેવામાં આવ્યું હતું કે એટલું નાણું વાટ ખરચી સારૂ બસ થશે એટલુંજ નહિં, પણ કેટલાક વખત સૂધી વેલ્સમાં ગુજરાન પણ ચાલશે, વળી પેહેલા ઉઘરાણાની એકઠી થયલી રકમમાં હવે કંઇ બાકી રહ્યું નથી એમ પણ એને કહેવામાં આવ્યું હતું. કંજુસાઇપણાના પોતાનાં સૂત્રોને સખત વળગી રહી ચાલવાને વચન આપી તે ડાગની ગાડી મારફત રવાંના થયો. તે સ્વાન્સી પહોંચ્યા બાદ પત્ર લખશે એવી તેના મિત્રો ધારણા રાખતા હતા. પણ અચનાક તેના રવાના થયા પછી ચૌદ દિવસની તારીખનો એક પત્ર આવ્યો તેમાં તેણે લખ્યું કે હજી હું તો રસ્તામાં છું, અને પૈસા ખૂટી પડયા છે, અને બીજા નાણા

વગર આગળ મુસાફરી કરી શકતો નથી. તેના મિત્રો એ હાથમાં નાણું હતાં તે મોકલ્યાં ત્યારે તે બ્રિસ્ટલ પહોંચ્યો, અને ત્યાંથી દરીઆ માર્ગે સ્વાન્સી જવાનું હતું.

* બ્રિસ્ટલ આવ્યા પછી વહાણોને હંકારવાની મના થયલી છે એમ માલૂમ પડ્યું; તેથી એને સફર કરવાને તરતજ રજા મળી નહિં. બ્રિસ્ટલમાં કેટલાક વખત સૂધી રહેવું પડયું, તે દરમ્યાન તેણે પોતાના હમેશના આનંદી સ્વભાવથી ઘણા આગેવાન રહેવાસીઓનો પ્યાર મેળવ્યો; તેઓએ તેને આમંત્રણ કરી પોતાને ઘેર બોલાવ્યો, જાહેર ઉજાણીઓમાં એને બોળાવ્યો, અને એની ફીશીઆરી સંતુષ્ટ થાય એવા માનની સાથે વર્ત્યા. આવી રીતે તેઓએ સહેલથી એનો સ્નેહ મેળવ્યો.

એકાંત સ્થળે ગયા બાદ તુરતજ, લંડન માંહેલાં, પોતાના દોસ્તદારોની વર્તણુક માટે એણે બડબડવા માંડયું; અને પત્રો લખી તેમને એટલા બધા ચીડવ્યા કે, તેઓએ માન સહિત પોતાની મદદ પાછી ખેંચી લીધી. અને એમ માનવામાં આવે છે કે વરસ દહાડે વીશ પાઉંડથી કઇ વધારે રકમ એને આપવામાં આવી ન હતી. અને એ રકમ તો ફકત જે ગ્રહસ્થે ઉઘરાણું કરવા દરખાસ્ત કરી હતી તેજ ગ્રહસ્થ આંપતો હતો.

બ્રિસ્ટલમાં કેટલીક મુદત રહ્યા પછી તે એને

* ઇંગ્લાંડમાં આ ત્રીજા નંબરનું બંદર છે.

માટે મૂળ ધારેલી જગ્યા (સ્વાન્સી) એકાંત વાસે ગયો; પગારમાં ઘટાડો થવાથી નાખુશ થઇ, વરસેક દહાડો ત્યાં રહ્યો. તે દરમ્યાન તે પ્રાંતના ઘણા પ્રતિષ્ટિત પુરૂષોની ઓળખ કરી તેમાં મિ. પોવેલ તથા મિસિસ જોન્સના સંબંધમાં કવિતા રચીને તેમને સુપ્રસિધ્ધ કર્યાં છે. આ સ્થળે એણે એનો કરૂણારસ નાટક પુર્ણ કર્યો. લંડન છોડયું ત્યારે તેના બે અંક બાકી હતા. રંગ ભૂમિ ઉપર ભજવી બતાવવા લંડન શહેરમાં પાછો આવવા હવે તે આકાંક્ષિત હતો, તેના મિત્રો તેના આ વિચારની ભારે સામે થયા, અને તેના મુખ્ય ઉપકાર કર્તાએ એને એવી સલાહ આપી કે મિ. થોમસૅન અને મિ. મેલેટના હાથમાં તમો એ નાટક મૂકો કે તેઓ રંગભૂમિ ઉપર તે નાટક ભજવી બતાવે, અને તેનો નફો તેઓ તમારા મિત્રોને આપે એવી ગોઠવણ કરો કે તેઓ તેમાંથી તમને વાર્ષિક પેનશન આપે.

આ દરખાસ્ત તેણે ઘણાજ ધિકકારની સાથે નામંજુર કરી. જે માણસોને, અણછુટકે, આધીન થવું પડયું તે માણસોની બુધ્ધિ પોતાની બુધ્ધિ કરતાં ચઢીઆતી છે એમ તે કોઈ દિવસ માનતો નહિ, હવે હું પરાધીન રહેવાનો નથી એવો તેણે નિશ્ચય કર્યો, અને કહ્યું કે મારી મેહેનતના નફામાંથી જેણે પેનશન આપવાનું ધાર્યું તેની સખાવત વિષે મારો ઉંચ વિચાર નથી.

તેના ગ્રંથો માટે વેલ્સમાં ઉઘરાણું વધારવાને તેણે યત્ન કર્યું, અને એક વખત ફતેહની આશા હતી; પણ જેઓએ મારો પગાર આપવાનું વચન આપી

એને દૂરના એક ખૂણામાં દેશનિકાલ કરી, તરતજ ભાગ્યેજ નિર્વાહ થાય તેટલો તેનો પગાર કમી કર્યો, તેઓ ખુશી થાય એટલા માટે તે ખૂણામાં ગોંધાઈ રહેવાનું એને વાસ્તવિક લાગ્યું નહિ; તેથી થોડાજ વખત પછી તે દેશ છોડવાનો એણે ઠરાવ કર્યો. એના પ્રત્યેની આવી વર્તણુંકથી તે એટલો બધો ગુસ્સે થયો કે ઘણા ખરા મદદ કરનારાઓ સાથેનો પત્ર વ્યવહાર તેણે બંધ કર્યો, અને તેઓ હેરાન કરનાર તથા દુઃખ દેનારાઓ છે એમ માનવા લાગ્યો; અને તેની જીંદગીના પાછળના ભાગમાં તેણે જાહેર કર્યું કે તેણે "લંડન છોડયું ત્યારથી તેના પ્રત્યે તેઓની વર્તણુંક ચોખ્ખી વિશ્વાસઘાતી અને હડહડતી નિર્દય હતી.

મિ. સેવેજ એટલી બધી અત્યંત ગરીબ અવસ્થામાં આવી પડયો હતો કે એ એના મદદ કરનારાઓની વર્તણુંક વિરૂદ્ધ નિંદાત્મક અતિશયોક્તિ નહિ વાપરે, એમ ધારી શકાતું નથી; પણ એ તો કબુલ કરવું જોઇએ કે એના પગારમાં ઘટાડો કરવાથી એને ઘણું અઘરૂં લાગ્યું; જેઓએ પોતાની મદદ પાછી ખેંચી લીધી તેઓની વર્તણુંક વાજબી હતી એમ સાબીત કરવું ઘણું કઠણ છે. કારણ વિપત્તિઓમાં જેઓ એનું દુઃખ નિવારણ કરતા હતા તેઓને તજી દઇને, આ મદદ કરનારાઓના વચન ઉપર વિશ્વાસ રાખીને એ દેશ નિકાલ થયો હતો. તકરાર દાખલ એમ કહેવામાં આવે અને કદાચ તે વાજબી પણ હોય, કે એ ઝાંઝી અને તિરસ્કારનો ભરેલો હતો;

તે એના મદદ કરનારાઓનો ઉપકાર માનવાને બદલે તેઓએ વધારે મદદ નહિ આપી તેટલાજ માટે તેમને એ વારંવાર ઠપકો આપતો; પણ એ યાદ રાખવું જોઇએ કે એની વર્તણુંકથી, અને તેજ બદલ ભારેમાં ભારે આરોપ એના ઉપર મૂકી શકાય, તેઓને કંઈ સંગીન નુકસાન થયું ન હતું, અને તે કારણસર એના ઉપર. ગુસ્સાને બદલે દયા લાવવી જોઇએ. કંઇ નહિ તો,. એની વર્તણુંકથી થતો ગુસ્સો, અમીરી અને માણસને શોભે એવો પ્રૌઢ હોવો જોઇએ. જે માણસ બીજાને સમજાવી તેની મુંડી પોતાના હાથમાં રાખી તેને ભૂખે મારે તે માણસને આ વિશેષણો ભાગ્યેજ ઘટે.

મારા દોસ્તદારોએ જે મદદ આપવાને વચન આપ્યું હતું તે વચન તોડતાં પહેલાં મને મારી અસલ સ્થિતિમાં મૂકવો હતો, જે અવસ્થામાં તેમની ઉપલકીઆ દયાથી હું આવી પડયો તેનો તેઓએ લાભ લેવો જોઇતો ન હતો, અને મને તજી દેતાં પેહેલાં મને લંડન શહેરમાં પાછો બોલાવી લેવો હતો, એમ સેવેજ વાજબી રીતે માંગી શકત. ફાંદામાં નાંખેલા સિંહના જેવો મને ગણવો જોઇએ, અને મારા ઉપર કુતરાઓને છૂટા મૂકતાં પહેલાં મને ફાંદા માંથી બહાર કહાડવો જોઇતો હતો, એમ પણ એ વાજબી.રીતે કહી શકત. તેણે છૂટા થવાને ખરેખર પ્રયત્ન કર્યું, અને લંડન પાછા જવાને ઈચ્છે બ્રિસ્ટલ ગયો, જ્યાં જવાને આગળના ઉપકારની પુનરૂક્તિએ

આકર્ષણ કર્યું હતું. અહીં એને લાડ લડાવવામાં આવ્યા તથા ખવાડી પીવાડીને ખુશ કરવામાં આવ્યો એટલુંજ નહિ, પણ એને માટે ત્રીશ પાઉંડનું ઉઘરાણું પણ કરવામાં આવ્યું હતું, તે લઈ એ જો લંડન તરફ ઉપડી ગયો હોત, તો એ સુખી થાત; પણ આવા ઉપકારની ફરીફરીને આશા રાખવી એ ફોકટ, અને પરોપકારની હોંસ તો અલૌકિક પણાના કારણસર હતી, અને તે રોજનું રોજ કમી થતું જાય એનો એણે, એની બેપરવાઈને લીધે, જરાએ વિચાર કર્યો નહિ. આવો સારો વખત સુધારવાની એણે જરાએ કાળજી રાખી નહિ; આખરે લોકો સખીપણું બતાવ તા બંધ થયા અને વગર માગે પાર ચઢાવતા થાકી ગયા ત્યાં સૂધી એક આશ્રય મળવાથી બીજાની આશા રાખતો એ ત્યાંજ પડી રહ્યા.

બીજી એની ગેરવર્તણુંક એ હતી કે કોઈ ગ્રહ સ્થને ઘેર મુલાકાતે જતા ત્યાં ઘણા મોડા સૂધી બેસી રહેવાની, અને જે જે કુટુંબમાં એ દાખલ થતો તેમના મન અસ્વસ્થ કરી નાંખવાની એને આદત હતી. એ મિ. સેવેજની એક બીજી અયોગ્ય વર્તણુંક હતી. વ્યા પારના સ્થળે આ કસુર એવી ભારે હતી કે એની વાતચીતની સઘળી મોહિણી તેનો બદલો વાળી શકે નહિ. કારણ, કયો વેપારી સંગીન લાભ છોડી દઈ, પોકળ મોજ ખરીદ કરે? મધ્ય રાત્રી સૂધી મોજમઝાનું પરિણામજ એ થાય, કારણ જેટલા કલાક રાત્રે મોડા સૂતા, તેટ-લાજ કલાક સવારે ઘણું કરીને મોડા ઉઠાય. ત્યાંના રહેવાસીઓની જીજ્ઞાસા સંતુષ્ટ થઈ કે મિ. સેવેજને

એના દોસ્તંદારોની સંખ્યા દરરોજ કમી થતી માલૂમ પડી, અને શા કારણથી તેમની વર્તણુંકમાં ફેર થયો, તેનો કદાચિત્ એને ખ્યાલ આવ્યો નહિ હશે. કારણ કે છેવટ સૂધી, જેઓ એને મદદ આપતા, અને પોતાના ઘંરમાં આવવા દેતા, તેઓને ત્યાં રાત્રીના ઘુસતો અને હેરાન કરતો.

પણ મિ. સેવેજ બ્રિસ્ટલમાં રહ્યા તેટલોજ બધો વખત મુલાકાતમાં અને કલાલવીશીમાં ગાળતો ન હતો, કારણ કે એ કોઇ કોઈ વાર પોતાના કામે લાગી જતો, અને ઘંણા આલેખન શીરૂ કર્યાં હતા. લખવાની એમી મરજી થતી ત્યારે એના મિત્રો ન જાણે એવી રીતે એકાંત સ્થળે જતો, અને પરાંના કોઇ અપ્રસિદ્ધ ભાગમાં છુપાઇ રહેતો; અને મંડળીમાં ભળવાની જ્યારે પાછી મરજી થતી ત્યારે નીકળી આવતો, અને ત્યારે એની ગેરહાજરીને લીધે એ જરા સારોએ લાગતો. લંડન પાછા જઇ પોતાનો રચેલો કરૂણારસ નાટક રંગભૂમિ ઉપર ભજવી બતાવવાનો એનો પૂરે પૂરો વિચાર હતો. પણ એને માટે જે પૈસા ઉઘરાવી એકઠા કર્યાં હતા તે લંઇ લંડન તરફ ઉપડી ગયો નહિ એ એની કસુર, અને હવે મુસાફરીના ખરચ પુરતા પૈસા એને મળી શકયા નહિ. વળી એમ પણ બનત કે બીજું ઉઘરાણું થયું હોત તો તે પૈસા તુરતની મોજ શોખમાં વાપરી દઇ, મુસાફરીના વિચાર ભૂલી ગયો હોત. કાલે શું કરીશું તેની તજવીજ કરવામાં એ વખત કહાડતો હતો, તે દરમ્યાંન અદૃશ્ય ધીમે ધીમે સંકટ આવી પંડયું. જેઓ

પેહેલાં એની વાતચીતથી મોહિત થયા હતા, તેઓ હવે એની વર્તણુકથી છેક કંટાળી ગયા; બીજાઓને માથે એ પડયો હોત, અને તઓને પણ મોહિત કર્યા હોત, પણ એનાં ફાટાં કપડાંને લીધે તેઓએ ખાણી પીણીમાં એને સાથે રાખવાને, તથા જાહેર જગાઓમાં એની સંગત કરવાને ઉચિત ધાર્યું નહિ. જેને ઘેર એ હવે જતો "તે ઘરમાં નથી" એવો જવાબ મળવા લાગ્યો, અન્ન વસ્ત્ર મળવા લાગ્યાં નહિ. હડે, હડે થતો, ખાવાનું માગતો, શહેરમાં એ રખડવા લાગ્યો.

અધૂરામાં પૂરૂં નાની રકમના દેણ માટે અમલદારો સેવેજની પાછળ પડયા હતા; અને તે કારણસર જે થોડા મિત્રો તરફથી મદદની આશા રાખવાનું કારણ હતું તેઓનાથી એને દૂર રહેવાની જરૂર પડી. દિવસનો ઘણો ખરો વખત બીછાનામાં પડી રહેવાનો, અને અંધારામાં, છાનામાના કોઈ નહિ જાણે એવી રીતે બહાર નીકળવાનો, જયાં મુલાકાત આપવાની હોય ત્યાં આપીને સવાર થતાં પહેલાં, પોતાના મુકામપર (એક અપ્રસિદ્ધ મુસાફરખાનાના કાતરીયામાં) જવાનો એનો રીવાજ હતો. એક બાજુ એ બાતલ થયલો, અને બીજી બાજુએ ગોંધાયલો, દરિદ્રતાનું અંતિશય દુઃખ એણે સહન કર્યું. ઘણી વાર તો એટલો લાંબા વખત સૂધી ભૂખ્યો રહેતો કે, એને મૂર્છા આવતી. એની ભુખ મરી ગઇ હતી, અને તેના જઠરની ગતિ દવા લઇ પાછી લાવતાં સૂધી તેનાથી ખોરાકની વાસ પણ સહન થતી નહોતી.

આવી અવદશામાં, લંડનથી એને પાંચ પાઉંડ મળ્યા, તેનો એક સારો ડગલો લીધો, અને લંડન જવાનો નિશ્ચય કર્યો, પણ કમનસીબે પોતાના પૈસા એની એક ઇષ્ટ કલાલવીસીમાં ખરચી નાંખ્યા. બ્રિસ્ટલમાં એને હવે ગોંધાઇ રહેવું પડયું, જયાં દરરોજ બેલીફો એની શોધમાં ફરતા હતા. આ અડીવેળાએ વળી એક મિત્ર એને મળી આવ્યો; તેણે એની સોબતથી થતી સઘળી અડચણો-રાતનો ઊંઘે નહિ, અને સવારમાં ઊઠે નહિ,-એવી અડચણો વેઠીને એને પોતાના ઘરમાં રાખ્યો.

એ વાત ધ્યાનમાં રાખવા જોગ છે કે તરેહ તરેહવારનાં દુઃખમાં છતાં, એ ખુશ મિજાજી હતો, અને પોતાને જાણે કંઇ પણ લાગતું વળગતું નથી એવો દેખાતો. કોઈ કોઇ વાર એ પોતાને કામે વળગી જતો, અને કોઇ કોઇવાર કાગળ પત્રના વ્યવહારમાં રોકાઈ જતો. દોષારોપ અને નિંદા શિવાય બીજા માર્ગથી પોતાના પગારમાં વધારો મેળવવાને યત્ન કરે એવો એ કોઇ દિવસ નરમ ઘેંસ તો થયોજ નહતો.

બ્રિસ્ટલ શહેર માંહેલા એના મિત્રો તરફથી મદદની આશા હવે એને રહી નહિ. તેઓ વેપારી અને તેટલા માટે નફો જોનાર હોવાથી, આ ઉંપરવા અને અને ઉડાઉ માણસપર ઘણી દયાની લાગણીથી જુએ, એમ ન હતું; વળી કોઇ પણ માણસની શ્રેષ્ટતા, કરકસર ની ખામી જેવી મહત્વની ભૂલની બરાબરી. કરી શકે નહિ એમ તેઓ ધારતા હતા. ઘણા ગ્રંથકારોએ એની

ખરી તંગીમાંથી એને છોડવ્યો હોત પણ તેઓની મેહેરબાનીનો ઉપયોગ એ કેવી રીતે કરતો હતો એ જોઇને, એના ઉપર ઉપકાર કરતાં, તેઓ પાછા હટતા હતા; વળી જે મદદ આપીશું તે થોડીવાર પણ ટકશે નહિ, અને પાછો એ જેવીને તેવી તંગીમાં આવીને ઉભો રહેશે, એમ તેઓ ખાત્રીથી માનતા હતા.

આખરે એના મિત્રનું ઘર છોડી મિ. સેવેજ મુસાફરખાના માંહેલી પોતાની રહેવાની જગ્યાએ પાછો ગયો. પણ સન ૧૭૪૨–૪૩ના જાન્યુઆરી મહીનાની દશમી તારીખે પોતાના બે મિત્રો સાથે વાળુ કરીને પાછો આવતાં એક કાફી હાઉસના માલેકના આશરે, આઠ પાઉંડના દેણ માટે એને પકડીને શેરિફને* ત્યાં લઈ ગયા. જે ગ્રહસ્થો સાથે એણે વાળુ કર્યું હતું તેમાંના એક ઉપર આ સંકટનો હેવાલ એક પત્ર દ્વારાએ એણે લખી મોકલેલો તે જાણવાજોગ હોવાથી નીચે આપું છું.

"હું ઘણો અભાગીઓ કે ગઇ કાલની સાંજ મેં તમારી સાથે ગાળી; કારણ અસુરૂં હોવાથી મારા નવા વાસમાં મારાથી દાખલ થઇ શકાયું નહિ; ખેર, મને હાલ રહેવાની જગા મળી છે પણ એવી કે, મને લાગે છે, કોઈ પણ માણસ પસંદ કરે નહિ.

"મિ. બોયરના મકાન આગળ જેવો હું સુવાને માટે માળ ઉપર જતો હતો તેવોજ મને મિસિસ રીડના હુકમનામાની બજાવણીમાં પકડવામાં આવ્યો હતો.

* આખા પરગણાનો નાજર, બજાવણી કામદાર.

પણ મને એવો તો છાનોમાનો લઇ જવામાં આવ્યો હતો કે ઉવાઈટ† લાયનના કોઇ પણ રહીશને, મને લાગે છે, ખબર પડી નથી.

"મેં પકડનાર અમલદારોને જણાવ્યું કે મારી પાસે તો કંઇ નાણું નથી, તો પણ તેઓ મારી સાથે ઘણીજ સભ્યતાથી વર્ત્યા, અને મને બંદીખાનામાં એવી રીતે લઇ ગયા કે, હું ખચીત સટકી જઇ શકત; જો કે મારી પાસે ફકત સાડાત્રણ પેન્સ હતા તોએ હું ભીખ માગતો થાઉં, પણ તેમ કરૂં નહિ.

"પ્રથમજ તમને આગ્રહથી કહું છું કે આ વાત મિસિસથી છાની રાખજો, કારણ આ પ્રસંગે દુઃખ લાગે એવો તેનો સ્વભાવ છે અને મારી ઇચ્છા એવી છે કે તેને મારે લીધે કંઇ પણ દુઃખ થવું ન જોઈએ.

"બીજું, મારા પ્યારા સાહેબ, મિત્રાચારીની ગાંઠની રૂએ આણ દઈ કહું છું કે મારે માટે જરાએ બેચેન થશો નહિ; પણ આ આફતમાં હું જેવો રમુજી ચેહેરો અને મનનું અક્ષોભિત સ્વસ્થપણું (પરમેશ્વરનો પાડ!) રાખું છું અને એથીએ ભારે સંકટમાં રાખતો હતો, તેવો ચેહેરો અને મનનું સ્વસ્થપણું તમે રાખજો. વિશેષ, જેવી તમારી મિત્રાચારી હું કીમતી ગણું છું તેવીજ જો તમે મારી ગણતા હો તો, મિસિસ રીડના ઉપર, બોલીને તેમજ મનમાં રાખીને, ગુસ્સે થશો નહિ એવો મારો આદેશ છે. તેણે મને ખરાબ કર્યો છે એમ હું માનું છું, પણ હું મોકળા

† મોહોલ્લાનું નામ.

મનથી તેને માફ કરૂં છું; અને જો કે હવે પછી તેની સાથે હું દિલોજાન દોસ્તી રાખીશ નહિ, તો પણ તેના ઉપર અદાવત ન રાખતાં યથાયોગ્ય છે તેથી હું તેના ઉપર ઉપકાર કરીશ. છેવટ, હું પૂરતી રીતે તમને ફરમાવું છું (આ શબ્દોને માટે માફી માગું છું) કે મને કંઇ પણ નાણાંની મદદ કરશો નહિ, તેમ તમારા કોઇ મિત્ર પાસે પણ મદદ કરાવવાને યત્ન કરશો નહિ. બીજે વખતે અને બીજે કોઈ પ્રસંગે, પ્યારા દોસ્ત, હું ખાતરીથી કહું છું કે જહાંગીરી હુકમ કરવાને બદલે હું વિનંતિની નમ્ર ઢબથી લખીશ.

"આમ છતાં, મારો ખરેખરો કીમતી દોસ્ત એમ ન ધારે કે હું મદદ માગું નહિ એવો મગરૂર છું, માટે, આજનો દહાડો મારી નોકરી બજાવવાને તમારા ચાકરને મોકલશો એવી મારી અરજ છે; એમ કરવાથી મને દ્વારપાલનો ખરચ બચશે એટલુંજ નહિ પણ તે મારા કાગળો લોકોને પહોંચાડશે, વળી તેમનાં નામો અજાણ્યા માણસને જણાવવાની મારી ખુશી નથી.

"જેઓના હાથમાં હું બંદીવાન છું તેઓ તરફથી અત્યાર સૂધી જે સભ્ય વર્તણુંક મારા પ્રત્યે બતાવવામાં આવી છે, તેને માટે હું પરમેશ્વરનો આભાર માનું છું: જો કે તેણે મને જન્મતાંની સાથેજ (જન્મની રાત્રીએ) દુ:ખમાં નાખવાનું યોગ્ય ધાર્યું, તો પણ (એવી તેની પરમ કૃપા છે) મારૂં દુઃખ આસ પાસની શાંતીકારક હકીકતો વિનાનું નથી. હું બડ

અડતો નથી, પણ ઇશ્વરેચ્છાને આધીન છું. દુનીયાને માટે તો ખરા અમીર માણુસનાં લક્ષણને શોભે એવી સમયસૂચકતા, અને સંકટમાં નિર્મળ મનનું મોટાપણું, એ બે વાનાં પરમેશ્વર આપશે એવી હું આશા રાખું છું."

બંદીખાનામાં જવું નહિ પડે તેથી જામીન મેળવવાની આશાએ, મિ. સેવેજ પાંચ દિવસ સૂધી તે અમલદારના મકાન આગળ રહ્યા. કેવી સ્થિતિમાં એણે પોતાનો વખત કહાડયો, અને કેવો એનો સત્કાર થયો તેનું એણે એક મિત્રને પત્ર લખેલો તેમાં વર્ણન કર્યું છે તે નીચે મુજબ.

"તરેહ તરેહવાર લોકોની બેવકુફી ભરેલી અને કલ્પીત યુક્તિઓથી મારૂં મગજ ભરવામાં આખો દિવસ ગયો. તે શાંત રીતે હજમ કરવાની, અને જુદા જુદા માણુસોની વિચાર કરવાની જુદી જુદી રીતોનું સમાધાન કરવાની મને ફરજ પડી, એક અનિયમિત યુક્તિ મૂકીને બીજી—એમ કરતાં કરતાં મારી કલ્પના શક્તિની સંપૂર્ણ અવ્યવસ્થા થઈ ગઇ; આખરે કંઇ થયું નહિ—વચન અપાયાં,—ના ઉમેદ થયા,—દરેક કલાકે શહેરના એક ભાગમાંથી બીજા ભાગમાં, મોકલવાના હુકમ થયા."

મિ. સેવેજના જે મિત્રોએ અત્યાર સૂધી એને લાડ લડાવ્યાં હતાં અને વખાણ કર્યા હતા તેઓએ ધાર્યું કે જામીન થવું અને દેણુ પતાવવું એ એકસરખું જ છે, ત્યારે તેઓએ આઠ પાઉંડ ખરચીને એને

બંદીખાનામાં જતો બચાવવાને ના પાડી.--તે લખે છે કે ભારે ખરચ વેઠીને તે અમલદારના મકાન ઉપર કેટલોક વખત રહ્યાં પછી મને આખરે ન્યૂગેટના બંદીખાનામાં લઇ જવામાં આવ્યો હતો.

બાથ શહેરના એક મિ. નાશ, જેને એણે પોતાની સ્થિતિનો હેવાલ લખી મોકલ્યો હતો તેણે તેરતજ પાંચ ગિનિ મોકલી આપ્યા, અને એને માટે પોતાનો લાગવગ વાપરીને ઉઘરાણું કરવાને વચન આપ્યું હતું, તેની ઉદારતાથી "ભારે ખરચ" એ કરી શકયો હતો.

ન્યૂગેટ* એને લઇ જવાથી, એનો ઉચાટ મટયો, અને આશા નિરાશાના વ્યગ્ર કાળ ચક્ર માંથી બચ્યો; એને હવે માલૂમ પડયું કે એના દોસ્તદારો, તો એની રમુજમાં ભાગ લેનારા, અને દુ:ખના પ્રસંગે આઘે બેસનારા, સોબતીઓ હતા. તેથી તેઓના તરફથી મદદની આશા રાખી નહિ. એક ગ્રહસ્થને માટે કહેવું જોઇએ કે તે એનું આ દેવું પતાવી છોડવવાને કબુલ થયો હતો; પણ તે વાત મિ૦ સેવેજે કબુલ રાખી નહિ, કારણ કે તેને એ અગાઉ ભારે બોજારૂપ થઈ પડયો હતો. કેટલાએક એના દોસ્તદારો એને છોડવવા માટે ઉઘરાણું કરવાને કબુલ થયા; પણ સેવેજે એ યોજના ધિક્કારી કહાડી. એનામાં હજુ એટલું પાણી હતું કે પત્ર

---

* ન્યૂગેટ=કેદખાનાનું નામ.

લખી ભીખ માગે નહિ, અને પેનશન પાછું મેળવવા સારૂ રાજ્યના કારભારીઓને લખવાનો નિશ્ચય કર્યો.

જે લોકોએ એને તે મુલકમાં મોકલ્યો હતો, તેઓની સામા બડબડાટનું એણે જારૂ રાખ્યું અને પોતે ત્રણ વરસ થયાં પૂરા કરેલા નાટકનો નફો ખોવડાવ્યો એવો આક્ષેપ મૂક્યો. તે લોકો એની સાથે કેવી રીતે વર્ત્યા છે તે દુનીઆને જણાવવાને સારૂ એક ચોપાનીઉં પ્રસિદ્ધ કરવાનો પોતાનો મનસુબો બીજા એક પત્રમાં તે જાહેર કરે છે.

આ ચોપાનીઉં કોઈ દિવસ લખવામાં આવ્યુંજ નહતું, કારણ કે એ તરતજ હમેશ માફક સ્વસ્થ થયો, અને નિરૂપદ્રવી અભ્યાસ પાછળ આનંદથી વળગ્યો; તો પણ મને દરવરસે પચાશ પાઉંડ પગાર આપવાનું વચન આપેલું છતાં તેની અડધી રકમ પણ આપી નહિ એમ એક સરખો બડબડતો રહ્યો; પણ આ તથા બીજાં દુઃખોને માટે તે પરમેશ્વરની મરજીને આધીન થયો, અને પોતાની ગમતો ને ધંધામાં તેનું સ્મરણ પણ ભુલી ગયો. લંડનમાં રહેનારા મિત્રો પૈકી એકને એણે તા૦ ૩૦ મી જાન્યુઆરીને રોજે નીચે મુજબ પત્ર લખેલો તે ઉપરથી એણે બંદીખાનું કેવા આનંદથી ભોગવ્યું તે જણાઇ આવે છે.

"ગયા સોમવારથી ન્યૂગેટના બંદીખાનામાં હું છું અને ત્યાંથી આ પત્ર લખું છું; અહીં ગયા આશરે બાર મહિના ઉપરાંત નહિ ભોગવી હોય

એવી સ્વસ્થતા ભોગવું છું. એક ઓરડો મારા એકલાના ઉપયોગ માટે આપેલો છે; મારા મન પસંદ કાવ્ય સંબંધી મારા અભ્યાસની ગમતનું અખંડિત અનુધાવન કરૂં છું. હુવે હું એક ચિત્ત થયો છું તેને માટે પરમેશ્વરનો પાડ માનું છું; અને જો કે મારૂં શરીર બંદીખાનામાં છે, તો પણ પુરતા અને ઉપયાગી વિષયો ઉપર પૂરેપૂરી છૂટથી મારા મનને મરજીમાં આવે ત્યાં દોડાવી શકું છું. હુવે હું નવ દેવી*ઓથી પહેલાંના કરતાં વધારે પ્રવીણ થયો છું. અને (ન્યૂગેટ બર્ડ) કેદી હોવાને બદલે જો એ દેવીઓનો (બર્ડ) પંખી મને થવા દે તો, હું ખાતરીથી કહું છું કે, હું મારા પાજરામાં ઘણી છૂટથી કોઇ કોઇવાર બુલબુલ પક્ષીના શોકાતુર રાગમાં અને કોઇ કોઈવાર લાર્કના× આનંદ ઉપજાવે તેવા રાગમાં ગાઊં".

એક બીજા કાગળમાં એ કહે છે કે કોઈ અમુક અમુક કામને વળગી ન રહેતાં, હું એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર ભટકતો; એક અઠવાડીઊં એક કામ ઉપર વળગતો અને બીજું બીજા કામ ઉપર.

ખરેખર આ માણુસની સહુન શક્તિ કંઈ નહિ તો, વખાણવા યોગ્ય છે; ગમે તે દોષોનો આરોપ એના ઉપર મૂકવામાં આવે, તો પણ સહન કરવાનો સદ્‌ગુણો એનામાં હતો એ કોઇથી ના પાડી શકાય નહિ. સહુન કરવું અને દરગુજર કરવું એ બે ગુણ,

---

* સરસ્વતી × ઉંચ્ચ ઉડનારૂં સુકંઠ પક્ષી.

*એપીકટેટસના અભિપ્રાય મુજબ, ડાહ્યા પુરૂષોનાં લક્ષણ છે, તે બે ગુણ સેવેજનામાં સરખા ન હતા; અને એકની ગેરહાજરીને લીધે બીજાનો ઉપાયોગ કરવાને એમે વારંવાર જરૂર પડતી.

મી૦ ડાજ, તે બંધીખાનાનો જેલર મી૦ સેવેજ સાથે દયાથી વર્તતો હતો; પોતાના ખરચથી, કંઇ પણ બદલાની ખાંતરી શીવાય, તે એને પોતાની સાથે ખવાડતો પીવાડતો હતો; એને એકલાને માટે એક ઓરડો રાખંવામાં આવ્યો હતો, તેમાં એ પોતાની મરજીમાં આવે ત્યારે સઘળા ગડબડાટમાંથી એકાંત થઇ શકતો; એને બંધીખાનાના દરવાજા આગળ ઊભા રહેવાની છુટ હતી, અને કોઇ કોઇવાર એને બહાર ખેતરોમાં લઇ જવામાં આવતો હતો; આ જોતાં જીંદગીના મોટા ભાગમાં એને જે દુઃખો સહન કરવાની ટેવ પડી હતી તેનાં કરતાં ઓછાં દુઃખો બંધીખાનામાં એણે ભોગવ્યાં હતાં.

પોતાની નોકરી નરમાસથી બજાવવામાંજ આ જેલરનું પરોપકારપણું સમાએલું નહતું, પણ તેણે એના છૂટકારા માટે સાહુકાર સાથે ભાંજગડ કરી હતી; જો કે તેથી કંઈ સાર્થક થયું નહતું. એ બંધીખાનામાં રહ્યા ત્યાં સુધી તે એની સાથે ઘણીજ દાઝથી અને સભ્યતાથી વરત્યો હતો.

જે સ્થિતિમાં સદગુણનો ઉપયોગ કરવો એ ઘણું કઠણ છે તે સ્થિતિમાં સદગુણનો ઉપયોગ થાય તે

---

* ગ્રીક ફિલોસોફર.

બેશક પ્રશંશા યોગ્ય છે; અને તેટલા માટે આ જેલરનું દયાળુપણુ, દાખલા તરીકે, પ્રસિધ્ધ કરવાને ખરેખર યોગ્ય છે; અને આવી નોકરીથી જે માણુસનું અંતઃકરણુ કઠણુ થયું નથી, તેને પરોપકારી પુરૂષના નમુના તરીકે આગળ ધરવો એ વ્યાજબી છે. જો એક પ્રમાણિક ટોલ વસુલ કરનારની પાછળ [1] શિલા લેખ કોતરવામાં આવ્યો હતો, તો આ દયાળુ જેલરને કંઇ ઓછું માન ઘટતું નથી.

એના ઓળખીતા માણસો વારંવાર મી૦ સેવેજની મુલાકાત લેવા આવતા, અને કોઇ કોઇવાર કંઇ ભેટ પણ મોકલતા. પરંતુ તે ગુજરાન પુરતી નહી હોવાથી, ઘણુે ભાગે આ જેલરની ઉદારતાને પોતાના ગુજરાનને માટે તે આભારી હતો; જે અમુક માણસો તરફથી આ ભેટ મળી હતી તેઓના ઉપર એનો ગમે તેટલો પ્યાર હતો, પણ તેથી કરીને બ્રીસ્ટલના લોકો માટે એના મન ઉપર સારા વિચાર ઠસ્યા ન હતા; આ કારણુસર બંધીખાનામાં રહી (London and Bristol de lin eated) લંડન અને બ્રીસ્ટલનો આબેહુબ ચિતાર એ નામની કવિતા લખવાનું બીજા કામ કરતાં એને વધારે યોગ્ય લાગ્યું.

આ કવિતા તેણી હાલની સ્થિતિએ એ લાવ્યો, અને તે પૂર્ણતાએ પોંહાચેલી નથી, ત્યારે એણે પોતાની રચનાનો હેવાલ લન્ડન લખી મોકલી છાપખાનાવાળા મી૦ કેવ--નામના મિત્રને જણાવ્યું કે એ હું મારા

---

૧ રસ્તાની મરામત સારૂ બેસાડેલો કર.

નામથી પ્રસિધ્ધ કરવાનો છું; પણ તમો મારા બ્રીસ્ટલના ઓળખીતા માણસોને આ વાતની ખબર કરશો નહી; આ મિત્રે આ એવા ઠરાવથી આશ્ચર્ય પામી, એ છપાવી પ્રસિદ્ધ નહી કરે, અગર કંઇ નહી તો, પોતાનું નામ નહી આપે, એટલા માટે સમજાવવા યત્ન કર્યું; અને વધારામાં કહ્યું કે આ વાત છાની રાખવાના ફરમાન સાથે તમારા નામ સાથે પ્રસિધ્ધ કરવાનો ઠરાવ, એ બેઉ વાતો કેમ બંધબેસતી આવે તેની સમજ પડતી નથી. આનો મી૦ સેવેજે પોતાના લક્ષણને છાજતો જવાબ આપ્યો તે નિચે મુજબ.

"આજે સવારે તમારો પત્ર પોંહોચ્યો, તેમાંની "હકીગત વાંચી ઘણોજ આશ્ચર્ય પામ્યો છું. લંડન "અને બ્રીસ્ટલના સંબંધમાં શા માટે "ડીલીની "એટેડ" (આબેહુબ ચિતાર) એ શબ્દ હું ઉમેરવા "ચાહું છું તે તમે પુછો છો. તે સવાલના જવાબમાં "હું સવાલ કરૂં છું કે શા માટે મી૦ ઉવુલસ્ટને તેના "રીલીજીઅન ઓફ નેચર (કુદરતી ધર્મ) એ નામ "આગળ એજ શબ્દ ઉમેર્યો હતો. હું ધારૂં છું કે એમ "કરવાના તેની મરજી અને ખુશી થઇ; મારી પણ "મરજી અને ખુશી તેમજ છે. આ ગ્રંથ મારા નામ "સાથે છપાવવા ઈરાદો છતાં એ વાત છાની રાખવાને "શા માટે ફરમાવ્યું હતું, તે તમે પુછો છો. મારો "જવાબ એ છે કે, તેના ખાસ કારણો છે, અને તે "હું કોઇને પણ કહેવાને બંધાએલો નથી. મારો "દોસ્ત મી૦ સ્ટ્રોંગ એ પસંદ કરશે નહી, એવી તમને

"શંકા છે. તેને પસંદ પડે કે નહી તેની મને શી
"દરકાર છે? તમે એમ માનો છો કે મી. સ્ટ્રેંગ કહે
"તે પ્રમાણે હું કરૂં- જો કોઈ માણસ મારો દોસ્ત
"થઇ આવું ડોળ ઘાલવા માગે તો, હું ધિક્કારથી તેની
"દોસ્તી તરછોડી નાખીશ. એ વાત તેને નહી જણાવવા-
"થી હું એમ ધારતો હઇશ એમ તમારૂં કહેવું છે.
"માનો, કે એમ હું ધારૂં છું, તોએ શું! તમે ધારો
"છો તેના કરતાં તદન જુદાંજ કારણો તેના પસંદતાના
"હું કદાચિત હું આપી શકું. તમે પુછો છો
"કે હું મારૂં નામ એ ગ્રંથ સાથે નહી જોડું તો શું!
"મારો જવાબ એ છે કે, બીજી રીતનો નિશ્ચય હોવાથી,
"એવું કંઇ હું ધારતો નથી તેમ, સાહેબ, તમે એમ
"નહી ધારશો કે બીજા છાપખાનાની ખોટ પડી, તેથી
"તમારી પાસે આવ્યો. વળી એમ પણ નહીં ધારશો
"કે હું મી૦ સ્ટ્રેંગનો કંઇ આભારી છું."

મી૦ સેવેજ એવો અવિચારી અને દૂરાગ્રહી હતો કે ગમે તેવા બેવકુફી ભરેલા પોતાના ઠરાવોને ચુસ્ત વળગી રહેતો! કેદી! બીજાની સખાવત ઉપર ગુજરાન ચલાવનાર! બ્રીસ્ટલમાં એના મુકામના છેવટના દિવસો દરમીઆન એને ગમે તેવાં અપમાન મળયાં હશે, તો પણ ત્યાં એને એકવાર લાડ લડાવેલા, વખાણેલો અને ઉદાર ઉઘરાણું કરી આપેલું છતાં, તેની બુદ્ધિની ઝનુન અગર તેના ગુસ્સાની ઉત્કંઠા સંતુષ્ટ કરવાને તે એકદમ પોતાના માથા ઉપરનો ભય તથા ઉપકાર ભુલી જાય, અને જે નિંદાત્મક

કવિતાથી એના ગુજ ાન ચલાવનારાઓની પ્રિતી જતી રહે, અને જેઓની સામે થઈ શકે નહી, કે જેઓના હાથમાથી સટકી જવા પામે નહી, એવા ગ્રહસ્થોને ગુસ્સે કરે એવી નિંદાત્મક કવિતા છપાવે! એ કેવો નઠારું કહેવાય?

આ ઠરાવ કે જે અમલમાં લાવતાં, ફકત મોતે અટકાવ્યો હોત, તે ઠરાવ ઉપરથી પુરતી રીતે જણાય છે કે, સેવેજ પોતાના ચાલુ તામસની આડે આવતા સઘળા વિચારોને એક બાજુએ મુકી દેતો, અને તુરતના સંતોષ માટે ભવિષ્યના લાભોને જોખમમાં નાંખતો. ગમે તેવી વિશેષ પ્રાબલ્યવાન ઈચ્છા એની હોય, તે સંતુષ્ટ કરવામાં કોઇ પણ જાતની આશાથી કે બીકથી એ પાછો હઠી જતો નહિ; અને કોઈ સામે થતું તો તેની અસર એ થતી કે એ ભાઇને પાણી ચઢતું, અને એના જુસ્સાને આગ ઉઠતી.

આમ છતાં આ ગ્રંથને એક બાજુપર મુકી મી૦ સેવેજ, કેટલાક મોટા માણસોની મદદ મેળવવામાં રોકાયો હતો; અને એક પછી બીજી અડચણ આવી પડવાથી, આ ગ્રંથ માંહેલી ખાલી જગ્યા એ પુરી શકયો નહી. વળી બીજા ભાગો પૂર્ણ થએલા છે એમ એ માનતો નહતો; તેમના ઉપર પણ બીજો હાથ ફેરવી સુધારી શકયો નહિ, કારણ કે તે એક સરખો નથી, મતલબ સુધારવાને કે પુષ્ટી આપવાને બદલે કેટલીક લીટીઓ માત્ર અનુપ્રાસ મેળવવા ખાતરજ દાખલ કરેલી છે; પણ પેહેલો અને છેલ્લો ભાગ

ઘણા જોમ અને લાલિત્યથી પ્રદર્શિત કરેલો છે.

બંધીખાનામાં એનો વખતનો ઘણો ભાગ અભ્યાસમાં કે મુલાકાત લેવામાં એ ગાળતો. પણ કોઇ કોઈ વાર એ હલકી ગમતો ઉપર ઉતરી પડતો, અને રસોડામાં જઇ ગુન્હેગારો સાથે વાતચિત કરી ખુશ થતો; કારણ સોબતી વિના ઝાઝો વખત રહેવાનું એને પસંદ નહતું; એ યોગ્ય ચુંટણી કરવાને એ શક્તિમાન છતાં જે પેહેલો આવી મળતો તેનાથીજ સંતોષ માનતો; આ એની વર્તણુકને માટે એના મિત્રો, મહાપરાધીઓથી એને વીંટલાયલો જોઇને, એને કોઇ કોઇવાર ઠપકો આપતા, પણ તે નકામો જતો; બીજાઓના અભિપ્રાયની દરકાર નહી કરતાં, એ માત્ર પોતાનેજ સંતુષ્ટ કરતો રહ્યો. પણ એની જીંદગીના બીજા દરેક રંગમાં, તેમજ અહીં પણ, પોતાના કરતાં જેઓ વધારે દુ:ખી હતા, તેઓના ઉપર ઉપકાર કરવાની જે તકો મળતી તેનો સારો ઉપયોગ કરતો; અને પોતાના હમજાતી કેદીઓ પ્રત્યે દયાનું કંઇ પણ કામ કરવાને હમેશ તત્પર રહેતો.

એક મદદ કરનાર (મી. પોપ) જે પોતાના વચન મુજબ દર સાલ વીસ પાઉન્ડ મોકલ્યા કરતો હતો, તે શીવાય બીજા મદદ કરનારાઓ સાથેનો પત્ર વ્યવહાર મી. સેવેજે હવે બંધ કર્યો.

મી. પોપે વળી જેલરને એના દેણ સંબંધી કેટલીક હકીકત લખી પુછાવી હતી, તે ઉપરથી એમ ધારવામાં આવતું હતું કે તે હને થોડા વખતમાં

સેવેજને બંધીખાનામાંથી છોડાવશે. આમ છતાં, જેલરે, કોર્ટના રીવાજ મુજબ, એને હજુ કેદમાં રાખવો હોય તો વાદી એનો ખર્ચ આપે, એવી તજવીજ કરી; આ પ્રસંગે એ દીવાનખાનામાં આવ્યો. ત્યારે અસાધારણ માન એને આપવામાં આવ્યું હતું પણ નિંદાત્મક કવિતાનો કાંઇક હેવાલ બહાર ફેલાયો હતો તેથી તે શેહેરના રહેવાશીઓ એના ઉપર ગુસ્સે થયા, અને જણાવ્યું કે કેટલાક વેપારીઓ કાયદા મુજબ ખરચ આપવાનો ઇરાદો રાખે છે. અને તેઓ પોતાના ખરચથી એને કેદમાં રખાવવા માંગે છે, આને સેવેજે ખાલી ધમકી ગણી કહાડી; અને પોતાની સઘળી યોજના એકા એક પડી ભાગી નહોત તો, તેઓના અપમાનને નહિ ગણકારતાં, તે કવિતા તાકીદથી પ્રસિદ્ધ કરી હોત.

બંધીખાનામાં છ મહિના થયા પછી, મી. સેવેજના એક મિત્ર, કે જેની મેહેરબાનીનો એને પૂર્ણ ભરૂસો હતો, અને જેની મદદ ઉપર એનો મુખ્ય આધાર હતો, તે મિત્ર તરફથી એકાએક ગુસ્સાના આવેશમાં લખાયલો કૃતઘ્નતાના આરોપનો એક પત્ર એને મળયો. હેનલીએ પોતાની એક જાહેર ખબરમાં, "સેવેજ પ્રત્યે પોપની વર્તણુક" એ વિષે વર્ણન કરેલું હતું. મી. પોપે ધાર્યું કે સેવેજ કંઈ હેનલી આગળ રોદણાં રોયો હશે, તેનું એ પરિણામ હતું, અને તેથી ઘણોજ ગુસ્સે થયો હતો. એ વાતમાં હું તદન નિર્દોષ છું એમ સેવજે પ્રતિજ્ઞા

પૂર્વક ખાતરીથી લખ્યું; આ દોષારોપથી એનું મન વ્યગ્ર થઇ ગએલું જણાતું હતું. થોડા દિવસ પછી એની પીઠ અને પાંસલીમાં કંઇ દરદ થયું; તે જોરમાં નહતું, તેથી કંઈ દેહેશત ભરેલું લાગતું નહતું; પરંતુ દિવસે દિવસે એ વધારે ગળાતો ગયો અને નરમ થતો ગયો; તા. ૨૫ મી જુલાઇને દિવસે તાવે સપડાવ્યાથી, એ પોતાના ઓરડામાં ગોંધાઇ રહયો, દિવસે દિવસે ચિન્હો ભયંકર થતાં ગયાં. પણ એની સ્થિતિ એવી હતી કે એ કોઈ દાક્તરની મદદ મેળવી શક્યો નહિ. જેલર છેલ્લો એને તા. ૩૧ મી જુલાઈ શને ૧૭૪૩ ને રોજ મળ્યો હતો, ત્યારે સેવેજે તેને પોતાના બીછાના આગળ આવેલો જોઇ અસાધારણ ઉત્કંઠાથી કહ્યું કે સાહેબ મારે તમને કંઈ કહેવાનું છે, પણ જરા અટકીને દિલગીરીથી હાથ હલાવ્યો, અને જે કહેવાનું હતું તે યાદ નહિ આવવાથી સેવેજ બોલ્યો કે "એ તો ગયું". જેલર તરતજ ત્યાંથી ગયો. અને બીજી સવારે સેવેજ ગુજરી ગયો. એને તે જેલરના ખરચથી સેન્ટ પીટરના કબરસ્તાનમાં દટાવવામાં આવ્યો હતો.

પોતાના સદાચરણ તથા દુરાચરણને માટે સરખી રીતે નામાંકિત તેમજ પોતાના અવિવેકીપણા તથા બુદ્ધિને માટે એકી વખતે પ્રખ્યાત એવા નર, રીચર્ડ સેવેજની જીંદગી અને મૃત્યુ આવાં હતાં. એ મધ્યમ કદનો, શરીરે પાતળો, લાંબા મોં વાળો, બદ શિકલ, સદા ઉદાસી ચેહેરાનો હતો. એની બોલવા

ચાલવાની રીત ગંભીર અને ઉમદા હતી. એનો દેખાવ ભારે મોટમવાળો, પણ વધારે પરિચયથી મનોહર, નરમાશ ભરેલી રીતભાતવાળો થતો. એની ચાલ ધીમી, અવાજ ધ્રુજતો, અને શોકસૂચક હતો. એ જરા જરાગાં મોં મલકાવતો પણ કવચિતજ હસતો. એનું મન અસાધારણ બળવાન અને ચપળ હતુ. એનો ઠરાવ ચોકસ, અને સમજ શક્તિ ચપળ હતાં. એની સ્મરણ શક્તિ એટલી તો ચિંવડ હતી કે બીજાઓની પાસેથી એ કંઈ શીખ્યો હોય તે, ટુંકા વખતમાં, તેમના કરતાં વધારે સારૂં જાણતો; અને ઘણી વેળા, બનાવોને તેઓની આસપાસની સઘળી હકીકતના સંયોગો સાથે યાદ કરી શકતો; આ બનાવો એવા હતા કે તેના તરફ તાત્કાળ, થોડાજ માણસો નીઘા પોંહોચાડે, પણ તે એની સ્મરણ શક્તિની ચપળતાને લીધે એના મન ઉપર જલદીથી ઠસી જતા. પોતાના ચિંતનમાંથી સટકી જવાની, અને હરેક નવા રંગને અનુકુળ થઇ જવાની એનામાં કળા હતી.

જ્ઞાન સંપાદન કરવા પાછળ પ્રત્યક્ષ પ્રયત્નો કરવામાં જે થોડો વખત એણે ગાળ્યો હતો, તે જોતાં આ ગુણને લીધે મી. સેવેજના જ્ઞાનમાં ઘણો વધારો થયો હતો. બીજાઓ જેવા એક ચિતથી ભાષણો સાંભળે તેવાજ એક ચિતથી એ ઉપર ચોટાઆ કરેલી વાતચિતો સાંભળતો; અને વિચાર શુન્ય આનંદમાં છતાં, કંઇ નવો વિચાર કે ઈસારો એ તુરત પકડી લેતો. બીજાઓ પોતાની એકાંત

વિદ્યાભ્યાસની નાની ઓરડીમાં જે કુશળતા મેળવતા તેવી કુશળતા એણે કોફી--હાઉસીસ[1]માં મેળવી હતી; થોડી કેળવણીવાળો તથા થોડા વાંચનવાળો માણસ છતાં કોઇ પણ ગ્રંથમાં નહિ જોવામાં આવ્યો હોય એવો વિદ્વતાનો દેખાવ એના ગ્રંથો ઉપર એ અજાએબ જેવું છે; પણ એ વિદ્વત્તાનો દેખાવ જેટલો એના ગ્રંથોને સુશોભિત કરે છે, તેટલોજ દુર્ગમ્ય કરે છે.

ગ્રંથો અને માણસો એ બેહુની બાબતમાં મી. સેવેજના નિર્ણય ઘણાજ ચોકસ હતા. જીંદગીનું જ્ઞાન એ એનો મુખ્ય સંપાદિત ગુણ હતો; અને મનુષ્ય જાતના લાભમાં હું એનો મત રજુ કરી શકું છું એ સંતોષની વાત છે; જેઓને સાચું જુઠું ખોળી કહાડવાને એના જેટલી સમજ શક્તિ, તેમ એના જેટલો અનુભવ પણ નહિ, તેઓએ પોતાની તીક્ષણ બુદ્ધિ બતાવવા માટે, કે પોતાના અપરાધના જવાબ આપવા માટે, કે પોતાની દ્વેષ બુદ્ધિ સંતુષ્ટ કરવા માટે, મનુષ્ય જાતના સંબંધમાં જેવા ધિક્કારવા યોગ્ય વિચારો પ્રસિદ્ધ કરેલા છે, તેવા વિચારો એના મનમાં પણ કોઇ દિવસ આવ્યા નહતા.

જીંદગી પસાર કરવાની મી સેવેજની પદ્ધતીએ, અગત્યના વિષયો ઉપર વાતચિત કરવાને એને લાયક બનાવ્યો હતો; અને વાતચિત કરવાની સઘળી લાવણ્યતાનો ઉપયોગ કેમ કરવો તે એ જાણતો હતો. તે આપેશી કે બરાડનારો નહતો; પણ વિનયી, સરળ, નિષ્કપટી, અને મર્યાદશીળ હતો. તેની વાણી ઉલ્હાસી કે રસિક હતી, ગંભીર અને રમુજી વિષયો

---

૧ "કોફી--હાઉસીસ" જે મકાનોમાં કાફી પીવા તથા વાતચિત કરવા લોકો મળે તે મકાનો.

ઉપર તે એક સરખી સુખદાયક હતી. કયારે (મંડળી માંથી) ઊઠી એકાંત વાસે જવું એ એ જાણતો નહતો, આ એનો મુખ્ય દોષ હતો; તે કંઇ એના વિચાર શક્તિની ખામી નહિ, પણ એના નસીબનો વાંક હતો; જ્યારે એ મંડળી છોડી જતો ત્યારે રાત્રીનો બાકી રહેલો ભાગ ઘણી વખત એ મોહોલ્લામાં ગાળતો, કે શોકાતુર વિચારોમાં ગર્ક થઇ જતો; અને તેટલા માટે મંડળીમાંથી ઉઠી જવાનું બને તેટલું મોડું કરતો; અને પોતાનું દુઃખ દૂર કરવામાં બીજાઓને દુઃખ થતું તે એ કોઇ કોઈવાર ભુલી જતો.

પોતાની વર્ત્તણુક સુધારવા માટે સેવેજે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો હતો એમ કહી શકાતું નથી. અનાચારી અને વહી ગએલી જીંદગીએ, દરેક મનોવિકાર, કે જે તેની વસ્તુની હાજરીથી ઉત્પન્ન થઈ આવતો, તેનો એને ગુલામ બનાવ્યો હતો; અને એના મનોવિકારોની આ ગુલામગીરીને લીધે, અરસપરસ, એની જીંદગી અનાચારી અને વહી ગએલી નીવડી. એની હીલચાલ પોતાના હાથમાં ન હતી, અને આવતી કાલને માટે કંઇ પણ વચન આપી શકતો નહિ.

કરકસરની બાબતમાં, સેવેજની જીંદગીનું જે વર્ણન આપ્યું છે તેમાં કંઇ ઊમેરવા જેવું નથી. એ એમ ધારતો હતો કે મેં બીજાના ઉપર જન્મ લીધેલો છે, અને પોતાનો ગ્રહસ્થાશ્રમ ચલાવવા સાધન મેળવવાની જરૂર જોઇ નહિ અને તેથી કોઇ પણ લાભકારક યોજના પાછળ એ મંડયો રહ્યો નહિ, એટલુંજ નહિ, પણ પોતાના ગ્રંથોથી જે નફો પ્રાપ્ત થાત તે નિર્ભય કરવાને એણે કંઇ યત્ન કર્યું નહિ.

મનોવિકારોને વશ હોવાથી એનો સ્વભાવ ધોરણ વગર નો અને સ્વછંદી હતો; એ સેહેલાઈથી મેળવી લેવાતો, ઘડીમાં રીઝાતો અને ઘડીમાં ખીજાતો, ઘણુ પરોપકાર કરતાં પોતાનો દ્વેષ વધારે જોશથી મનમાં રાખી મુકતો. જન્મથી તેમજ ધોરણથી તે દયાળુ હતો; અને દયાના કામો બજાવવા હમેશા તત્પર હતો; પરંતુ જ્યારે ચિડવાતો (અને ન્હાના અપરાધોથી એ ખીજવાતો) ત્યારે એનો ક્રોધ શાંત થતાં સુધી પોતાનું વેર લેવા અતિશય કરડાપણાથી મંડયો રહેતો.

સેવેજની દોસ્તી નિરૂપયોગી હતી; જો કે જેઓને એ ચાહતો તેઓનો બચાવ કરવામાં અગર તેઓને પુષ્ટિ આપવામાં એ ઉત્સુક હતો, તોપણ એનો ભરૂસો કરવો એ જોખમ ભરેલુ હતું; કારણ કે સેહેજ ટંટો થયો કે માન અને આભારના સઘળા બંધનમાંથી પોતે મુકત થએલો સમજતો; અને જે ગુપ્ત વાતો નિર્ભયપણાના ઝપાટામાં એને કહેલી હોય તે એ ઉઘાડી પાડતો. આવી તેની ચાલને લીધે એના ઉપર કૃતઘ્નતાનો સર્વ સામાન્ય દોષારોપ મુકવામાં આવે છે; ઉપકારના બોજામાંથી મુક્ત થવાને એ ઘણો તત્પર રહેતો, તેની કોઇથી ના કહી શકાય નહિ. હું પરાધીન સ્થિતિમા છું, એવું મનમાં આવવા દેવાનું પણ એ સહન કરી શકતો નહિ; કારણ એનું અભિમાન એના બીજા મનોવિકારો જેટલુંજ ભારે હતું, અને તે કોઇવાર ઉદ્ધતાઇના રૂપમાં, તો કોઇ વાર મિથ્યાભિમાનના રૂપમાં દેખાઇ આવતું હતું. અભિમાનની એક તિરસ્કારી જાત—મિથ્યાભિમાન, એ એનામાં વિશેષ પ્રાબલ્યવાન હતું. પોતા વિષે કે પોતાના ગ્રંથો વિષે એકવાર બોલવા માંડયું, તો તેનો જલદીથી છેડો લાવતો નહિ; અને પોતાની

કવિતા એ વાંચતો ત્યારે શ્રોતાજન ઉપર તેમાના કોઇ પ્રિય ભાગથી કેવી અસર થતી તે જોવા સારૂ પુસ્તકના પાનામાંથી એ છાનો માનો પોતાની આંખ બહાર કાઢયા વિના રહેતો નહિ.

જે બારીક સમજથી, દરેક બીજા માણસના ગુણથી પોતાના ગુણ જુદા પાડવાને તથા જે પ્રશંશાને એ પાત્ર નહિ તે નામંજુર કરવાને સેવેજ હમેશાં કાળજી રાખતો, તે બારીક સમજને, "મિથ્યાભિમાન" કરતાં કંઇ વધારે રેહેમીઅતવાળું નામ આપવું જોઇએ. પોતાના ગ્રંથો વિષે બોલતાં, બીજાએ સુચવેલી કે સુધારેલી દરેક લીટી એ બતાવ્યા વગર રેહેતો નહિ; અને એ એટલે સુધી ચોકસ હતો કે "The wanderer" (ભુલું પડેલું માણસ) નામના ગ્રંથમાં ત્રણ શબ્દોને માટે એના મિત્રોને એ આભારી હતો એમ એ પોતે કહેતો. એના સત વાદીપણા માટે, કોઇ પણ કારણ વિના, શક લાવવામાં આવ્યા હતો. એના હેવાલો, જો કે હમેશાં ખરેખર સરખા નહતા તો પણ, તેઓ એક બીજા સાથે ઘણું કરીને મળતા આવતા હતા. જયારે કોઇ પણ માણશ ઉપર એની પ્રિતી થતી ત્યારે તેના સઘળા દુષણો એ છુપાવી દેતો, અને તે જયારે એનું અપમાન કરતો ત્યારે તેના બધા સદગુણો એ છુપાવી દેતો; પરંતુ એના પાત્રોનો એ જેટલો ચિતાર આપતો હતો તેટલો ઘણું કરીને ખરો આપતો; જો કે એના પક્ષપાતથી કોઈ કોઇવાર જુઠાણાની અસર લાગી હોય; એમ પણ ના કહી શકાય નહિ.

જે બાબતોમાં એ નિસ્પૃહી હતો તેમાં સદ્ગુણ, સાચવટ, અને ન્યાયને માટે સેવેજ ઉત્સુક

હતો. મનુષ્ય જાતના હાલના તથા ભવિષ્યના સુખને માટે ભલમનસાઇની જરૂર છે, એમ તે સારી પેઠે જાણતો હતો. વાંચક વર્ગનો શોખ ખુશામતથી પૂરો પાડીને અથવા ન્યાયને ઉંધો વાળીને તેમને ખુશ કરવાને એના કરતાં ઓછું યત્ન કર્યું હોય એવો ભાગ્યેજ કોઇ લેખક મળી આવે.

ગ્રંથકાર તરીકે, અને હવે તે બીજા કોઈ રૂપમાં મનુષ્ય જાતને અસર કરતો બંધ થયો છે, જો એક કવિતા એણે છુપાવી દેવાનો નિશ્ચય કર્યો હતો તે બાદ કરીએ તો, નિતિ કે ધર્મ સંબંધી સખતમાં સખત નિંદાથી સેવેજને કંઇ બીવાનું નથી. અને જો કે ગ્રંથ વિવેચન કરતાના વિરૂદ્ધ ટીકાઓમાંથી એ તદન બચી જતો નથી, તો પણ એ તો કબુલ કરવુંજ જોઇએ કે એનાં ગ્રંથો ખરે ખર કાવ્યાંશી વિલક્ષણ બુદ્ધિના ફળો હતાં; અને જે ગ્રંથ કર્તાઓ (અને તેની સંખ્યા થોડી નથી) ઘણાંજ વખાણને પામ્યા છે તેઓ એમ બડાઈ મારી શકતા નથી કે હમારી કવિતા એવી અપૂર્વ છે કે તે આગળના કોઇ ગ્રંથકારની કવિતા સાથે મળતી આવતી નથી, કે હમારી કાવ્ય રચના અને વિચારો એવી ખાસ ઢબના છે કે તેની કોઇ પણ માણસ ફરી-તેહથી નકલ કરી શકે નહિ. સેવેજ એવી બડાઇ મારે તો છાજે એવું હતું કારણ કે જે ગુણો બીજાઓ ઢોંગથી ધારણ કરે તે ગુણો એનામાં સ્વાભાવિક હતા, વળી એ પણ કબુલ કરવુંજ જોઇએ કે એના વર્ણન અલંકાર કારક, એની પ્રતિમાઓ જીવવાળી, એની ગાથાઓ અદલ યોજેલી અને એની દ્રષ્ટાંતરૂપી કથાઓ હિકમતથી ચલાવેલી છે, એની ઇબારત (શબ્દ વાપરવાની રીત) ઊંચી, પણ કોઈ કોઈવાર અસરળ છે. એના

છંદો રણકદાર અને ભભકાદાર છતાં, ઘણીવાર મંદ અને ભારે લાગે છે. એની લખવાની ઢબમાં કડવાસ એ સામાન્ય ખામી, અને પ્રૌઢપણું એ સામાન્ય શ્રેષ્ઠતા છે. ... વિષે બોલતાં સાદાઇ એ બળવાન ખુબી છે, અને સમરૂપતા એ પ્રાબલ્યવાન ખામી છે.

જેઓ ખુલ્લા મનથી એનું નસીબ ધ્યાનમાં લે, તેઓને એવ્રેજના વૃત્તાંતને માટે કે એના ગ્રંથોને માટે માફી જરૂરની કે અઘરી લાગશે નહિ. જો એને એના વિષયનું પુરતું જ્ઞાન નહતું એમ કહેવામાં આવે તો એના જેવી સ્થિતિમાં બીજાઓ મેળવી શકે તેના કરતાં એનું જ્ઞાન વધારે હતું. જો એના ગ્રંથો કોઇ કોઇવાર અપૂર્ણ છે એમ કહેવામાં આવે તો દરિદ્રતાથી પીડાતા માણસની પાસેથી ચોકસાઇની આશા વાસ્તવિક રીતે રાખી શકાય નહિ; વળી એના ગ્રંથો જલદીથી પ્રસિદ્ધ કર્યા શીવાય દરિદ્રતા નીવારણ કરવાને બીજી આશા નહિ. એમ કહેવાય છે કે એ ઉદ્ધત અને તામસી હતો, પણ નિરંતર દુઃખથી બળેલા, અને જેને બીજાઓના તિરસ્કાર પાછા વાળવાને તથા બધી વાતે સુખી માણસોની મગરૂરી દાબી દેવાને ઘડીએ ઘડીએ ફરજ પડેલી એવા કોઇ પણ મોટા મનના માણસથી, એ દોષો સેહેલથી દૂર થઇ શકે નહિ; નકામી ઠીસીઆરી ગારવાની એનામાં જે ખોડ હતી, તે તો સેહેલથી માફ કરી શકાય; કારણ એની જીંદગીમાં નકામા વખાણો, અને વખાણોને હું યોગ્ય છું, એવા અંતઃજ્ઞાન શીવાય, એને બીજાં સુખો નહતાં.

જેઓએ લીલા લ્હેરના શાંતિ સ્થળમાં પોતાનો વખત સુખ નિંદ્રામાં ગમાવ્યો છે તેઓ સેવેજની વર્તણુકના યોગ્ય ન્યાયાધીશો [illegible] નહિ; વળી કોઇ પણ ડાહ્યા માણુશ એમ સેહેલથી વધીને બોલી શકશે નહિ કે, હું સેવેજની સ્થિતિમાં હોત તો હું સેવેજના કરતાં વધારે સારી રીતે દહાડા કાઢી શકત, અગર તેના કરતાં વધારે સારૂં લખી શકત.

એની બુદ્ધિએ જે દુઃખોમાંથી સેવેજને બાતલ કર્યો નહતો તે દુઃખોજ ફક્ત હમને લાગે છે એમ ચિંતન કરી, જેઓ એના જેવાં કષ્ટોના કોઇ પણ ભાગ વેઠવાથી નબળા પડી જાય તેઓ જો પોતાનું ધૈર્ય દ્રઢ કરી શકશે તો, અગર જેઓ હમારી ગ્રહણ શક્તિ કે હમારા સંપાદિત ગુણો ચઢીઆતા છે એવા ભરૂસાપર રહી, દુનિઆદારીના સામાન્ય સૂત્રોની અવગણના કરે, તેઓ જો નીચેની બે વાતો યાદ રાખશે તો આ વૃતાંત તદન નિરૂપયોગી જશે નહી. (૧) ડહાપણની ખોટ કશાથી પુરાતી નથી, કે (૨) બે ફીકરાઈ અને કુચાલ, જો લાંબી મુદત જારૂ રાખવામાં આવે તો, જ્ઞાનને નિરૂપયોગી, હુશિઆરીને હસી કાઢવા યોગ્ય અને વિલક્ષણ બુદ્ધિને ધિક્કારવા યોગ્ય બનાવે.

સમાપ્ત.

કર્તા તરફથી પ્રગટ થયેલાં પુસ્તકો.

		રૂ૦ આ૦ પા૦
૧. સેવેજ (સ્ત્રી ચરિત્રનું એક અદ્ભુત દ્રષ્ટાંત):........................	કી.	૧—૦—૦
૨. પોલીસ પટેલ........................	કી.	૦—૮—૦
૩. મામલતદાર કોર્ટ એક્ટ (અંગ્રેજી)	કી.	૧—૪—૦
		૨-૧૨—૦

આ ત્રણે પુસ્તકો સાથે ખરીદનારને કી. ૨—૦—૦

